Date of Publication 10th Posted on Every Month

₹ 20

समानो मन्त्रः । (ઋગ્વેદ)
समानी प्रपा । (અથર્વવેદ)

# પરબ

તંત્રી : યોગેશ જોષી



समानो मन्त्रः (ऋग्वेद) समानी प्रपा (अथर्ववेद)

# પરબ


સ્થાપના વર્ષ : ૧૯૬૦

વર્ષ : ૯ એપ્રિલ : ૨૦૧૫ અંક : ૯


---


**પરામર્શનસમિતિ**

| | | |
|---|---|---|
| **ધીરુ પરીખ** | **રતિલાલ બોરીસાગર** | **ઉષા ઉપાધ્યાય** |
| પ્રમુખ | મધ્યસ્થ સમિતિના સભ્ય | પ્રકાશનમંત્રી |



તંત્રી

**યોગેશ જોષી**



## ગુજરાતી સાહિત્ય પરિષદ

**મેઘાણી જ્ઞાનપીઠ • ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

# પરબ

## ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ _ ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ _ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક _ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક _ ૩૦૦ છે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક _ ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી _ ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

## લેખકોને :

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલસકેપ અથવા D૪ સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

**'પરબ' સંવર્ધક : ગુજરાત સ્ટેટફર્ટીલાઈજર્સ એન્ડ કેમિકલ્સ લિ. વડોદરા**

E-mail : gspamd@vsnl.net     ફોન અને ફેક્સ : ૨૬૫૮૭૯૪૭
Web-site : www.gujaratisahityaparishad.org
www.gujaratisahityaparishad.com

ISSNO250-9747 **પરબ**     છૂટક કિં. _ ૨૦/-

માલિક : ગુજરાતી સાહિત્ય પરિષદ વતી મુદ્રક અને પ્રકાશક : **ઉષા ઉપાધ્યાય** (પ્રકાશનમંત્રી), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, અમદાવાદ ૩૮૦૦૦૯ ◻ તંત્રી : યોગેશ જોષી ◻ મુદ્રણસ્થાન : **શારદા મુદ્રણાલય**, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૬ [illegible]

પરબ વર્ષ : ૯ એપ્રિલ : ૨૦૧૫ અંક : ૯

## †ÃÅà~ÏÜ

| | |
|---|---|
| **પ્રમુખપદેથી** | : સાહિત્ય અને રંગદર્શિતાવાદ, ધીરુ પરીખ 6 |
| **કવિતા** | : ત્રણ ગઝલ, હર્ષ બ્રહ્મભટ્ટ 9, શિયાળાની ઠંડીમાં, સંસ્કૃતિરાણી દેસાઈ 10, ત્રણ ગઝલ, લલિત ત્રિવેદી 11, થીગડાંવાળી શાલ, રાજેન્દ્ર પટેલ 12, સમણાખ્યાન, જગદીપ ઉપાધ્યાય 13, થાક લાગે છે, પ્રફુલ્લા વોરા 13, અડસઠ પહોંચ્યું, વિનોદ ગાંધી 14, નો એક્ઝિટ !, પ્રવીણ દરજી 15 |
| **વાર્તા** | : અભિભૂત શમ્બરમ્, મધુસૂદન ઢાંકી 16 |
| **ભારતીય સાહિત્ય** | : તેનજિન ત્સુદુએનાં કાવ્યો, અનુવાદ : રાજેશ પંડ્યા 23 |
| **વિદેશ સાહિત્ય** | : પૃથ્વી ગોળ છે, પીટર બિક્સલ અનુ. રમણ સોની 32 |
| **અભ્યાસ** | : ગદ્ય તપાસ : ગુજરાતી ટૂંકીવાર્તા – પંડિતયુગ, ચિનુ મોદી 37, આ મુકુન્દરાય પારાશર્યને ઓળખો છો ?, મીનલ દવે 39, 'મરદ કસુંબલ રંગ ચડે' : આત્મસન્માન કાજે ખપી જતા ભડવીરની કથા, ડૉ. ગંગારામ મકવાણા 47 |
| **જ્ઞાનસત્ર આચમન** | : બદલાતું નેપથ્ય, પ્રવીણ પંડ્યા 51 |
| **આસ્વાદ** | : ટૂંપાતી જતી સંવેદનશીલતાનો આર્તનાદ, હરિકૃષ્ણ પાઠક 56 |
| **શ્રદ્ધાંજલિ** | : નારાયણ દેસાઈની ચિરવિદાય, ચિમનભાઈ ત્રિવેદીની ચિરવિદાય, પ્રફુલ્લ રાવલ 58 |
| **સમીક્ષા/ગ્રંથાવલોકન** | : 'બચાવનામું' – એક પ્રિશિષ્ટ પ્રબંધકૃતિ, પુષ્પા ભટ્ટ 64, નિરીક્ષણોની સ્મૃતિ-કેફિયત, અજય પાઠક 71 |
| **આવરણચિત્ર** | |
| **સંદર્ભનોંધ** | : પીયૂષ ઠક્કર 75 |
| **આપણી વાત** | : સંકલન : પ્રફુલ્લ રાવલ 77 |
| **આવરણ** | : મૃણાલિની મુખરજી |
| **આ અંકના લેખકો** | : 92 |

# સાહિત્ય અને રંગદર્શિતાવાદ

ધીરુ પરીખ

મનુષ્યને મગજ અને મન એવાં મળ્યાં છે કે એનાં સર્વ વિચારો, ઊર્મિઓ વગેરેનાં તે જન્મસ્થાન છે. વિભાર, ભાવ, ઊર્મિ પ્રથમ તો મૂક અનુભૂતિ રૂપે પ્રકટ થાય છે. પરંતુ વાણી-વૈખરી રૂપે તે અન્ય જન સુધી પહોંચે છે. આમ, એક વ્યક્તિ પોતાના મનોભાવ કે વિચારને બીજી વ્યક્તિ સુધી પહોંચાડવામાં આ વૈખરીનો આશ્રય લે છે.

આ વૈખરીગત અભિવ્યક્તિ જ્યારે સપ્રમાણ, સુશ્લિષ્ટ, સુરેખ, સંયમિત હોય ત્યારે એને શિષ્ટ-પ્રશિષ્ટ (ક્લાસિક) ગણવામાં આવે છે, પણ જ્યારે આ અભિવ્યક્તિ અતિ તરંગમય, અતિ કલ્પનામય, અત્યુત્તેજનાત્મક, અત્યુત્સાહજનક હોય ત્યારે એવી રીતિને રોમૅન્ટિક અર્થાત્ રંગદર્શી કે કૌતુકરાગી ગણાવાય છે.

આપણે ત્યાં વિવિધ સર્જક-વિવેચકોએ આ પ્રકારની અભિવ્યક્તિને વિવિધ સંજ્ઞાથી ઓળખાવી છે. કાન્ત કવિ તેને માટે 'મસ્ત' સંજ્ઞા વાપરે છે, તો ખબરદાર 'રંગપ્રધાન' શબ્દ વાપરે છે. વિજયરાય વૈદ્ય તેને 'રંગદર્શી' કહે છે તો કનૈયાલાલ મુનશી તેને 'આનંદલક્ષી' કહે છે. વિશ્વનાથ ભટ્ટ તેને 'કૌતુકપ્રિય' ગણાવે છે તો ન્હાનાલાલ કવિ તેને 'નવપલ્લવિત' અર્થાત્ સૌંદર્યશોભિત કહે છે. આનંદશંકર ધ્રુવ આ રીતિને 'જીવનનો ઉલ્લાસ' ગણે છે. આમ, આપણી ભાષામાં આ રોમૅન્ટિક સંજ્ઞા માટે વિવિધ પદોથી ઓળખાણ અપાઈ છે.

ક્યારેક એવું પણ માનવામાં આવે છે કે આ કૌતુકરાગિતા-રંગદર્શિતા એ જાણે કે પ્રશિષ્ટતાની સામેના છેડાનો પર્યાય છે. વાસ્તવમાં આવો વિરોધાભાસી અભિગમ એ જ એનો પ્રાણ છે તેમ માનવું તે સંકુચિત સમજ સૂચવે છે. ક્યારેક તો એવું પણ બને કે એક જ સર્જકમાં આ બંને પ્રકારનાં વલણો જોવા મળે તો વળી ક્યારેક એક જ કૃતિમાં પણ આ બંને અભિગમો અનુસ્યૂત થયેલા હોઈ શકે.

મૂળ તો આ અંગ્રેજી શબ્દ રોમૅન્ટિક (Romantic) ફ્રેન્ચ શબ્દ રોમાંઝ (Romanz)માંથી પશ્ચિમી વિવેચનામાં ઊતરી આવ્યો છે. સામાન્ય રીતે આ મસ્તરંગી શૈલી એ ગૉથિક દેવસ્થાનોની રચનારીતિ સાથે અનુસંધાન ધરાવે છે.

વિશ્વસાહિત્યમાં આ romanticism – રંગદર્શિતાવાદ-નો શબ્દપ્રયોગ આપનાર પ્રથમ જર્મનીના દાર્શનિક ફ્રેડરિક શ્લેગલ હતા. વાણીસંયમ કરતાં સામે છેડે વાણીવિલાસ કરતી આ શૈલીને ઈ. સ. ૧૭૯૮માં તેમણે આ રીતે ઓળખાવી હતી. આ રીતે મૂળ તો સ્થાપત્યના ક્ષેત્રમાંથી સાહિત્યના ક્ષેત્રમાં આ પ્રકારની શૈલીનું નામકરણ ૧૮મી સદીના ઉત્તરાર્ધમાં પ્રચલિત થવા પામ્યું છે. ખાસ તો જ્યારે વર્ડ્ઝવર્થ અને એસ. ટી. કૉલરિજે 'લિરિકલ બૅલાડ્ઝ' નામનો કાવ્યસંચય ૧૭૯૮માં પ્રકટ કર્યો ત્યારથી અંગ્રેજી

સાહિત્યમાં આ શૈલીની ચર્ચા ચાલી છે. આ ઉદ્ધૃત કાવ્યસંચયે ત્યારના જાણીતા કવિઓ બાયરન, શેલી, કીટ્સ ઇત્યાદિને રંગદર્શી રચનાઓના સર્જનની પ્રેરણા પૂરી પાડી હતી તો ગદ્યસાહિત્યમાં પણ આ અસર ઝિલાઈ હતી. રેડક્લિફ (Radcliffe)ના ભયાવહ કથાપ્રકાર (terror romances)માં તેને અનુસરનાર પેઢીમાં આ રોમૅન્ટિક અભિગમ જોવા મળે છે તો વૉલ્ટર સ્કૉટ જેવાની ઐતિહાસિક નવલકથામાં પણ આ અભિગમ દૃષ્ટિગોચર થાય છે, આપણે ત્યાં પણ 'સરસ્વતીચંદ્ર', 'ભદ્રંભદ્ર' કે મુનશીની 'જય સોમનાથ' અને 'પાટણની પ્રભુતા' જેવી નવલોમાં પણ પ્રશિષ્ટતાની સાથે સાથે આ રંગદર્શિતા પણ ગૂંથાયેલી છે. ખાસ તો ફ્રાન્સમાં દેવિદ (David) અને તેમના અનુયાયીઓના પ્રશિષ્ટતાવાદના આગ્રહની સામે ૧૯મી સદીની બીજી પચીસી (૧૮૩૦ની આસપાસ)માં આ રંગદર્શિતાનો ઉપયોગ ખૂબ ચલણી બન્યો. તો વળી પશ્ચિમમાં ઝાં-જૅક્વિસ રુસો (Jean-Jacques Rousseau) આ વાદના અગ્રેસર ગણાય છે.

અગાઉ જોયું તેમ જર્મનીમાં શ્લેગલ ઉપરાંત શિલર (Shiller), ગોએથે (Goethes), નૉવાલિસ વગેરે સર્જકોમાં આ અભિગમ જોવા મળે છે. કેન્ટ (Kant), ફિશ્ત (Fichte), શેલિંગ (Schelling), અને હેગલની તત્ત્વવિચારણા આમાં ખપમાં લાગી છે તો વળી ઇંગ્લન્ડમાં વિલિયમ કૂપર (William Kooper), રૉબર્ટ બર્ન્સ (Robert Burns), ટૉમસ ચેટરટન (Thomas Chatterton) ઈત્યાદિ આના પ્રારંભિક પુરસ્કર્તાઓ ગણાય છે. એમાં વળી પર્સી (Purcey)ના 'રેલિક્સ ઑવ્ ઍન્શ્યન્ટ ઇંગ્લિશ પોએટ્રી' સંગ્રહ તથા મૅક્ફેરસ (Macferrus)ના 'ઑસિઆન' (Ossian) સંગ્રહથી ઇંગ્લંડમાં રંગદર્શિતાવાદને વધુ વેગ મળ્યો. આનો ઘેરો પ્રભાવ વિક્ટોરિયાના યુગના મહત્ત્વના કાવ્યસર્જકો પર પડેલો જોઈ શકાય છે કે જેમાં વૉલ્ટર સ્કૉટ, ચાર્લ્સ લૅમ્બ, વિલિયમ હેઝલિટ, ટૉમસ દ ક્વિન્સીનાં નામો આગળ તરી આવે છે.

ફ્રાન્સમાં ત્યાંની ક્રાન્તિના કાળમાં શિષ્ટતાની સામે છેડે આ રંગદર્શિતાનું વલણ વેગ પકડે છે. અલબત્ત, ૧૮૨૦ સુધી તો આ રંગદર્શિતાનું આંદોલન બહુ સ્પષ્ટ નહોતું, પરંતુ ૧૮૪૩ સુધીમાં આ વાદ ત્યાં તેની ચરમ સીમાએ પહોંચે છે. આ નૂતન આંદોલનના અગ્રણીઓ હતા લેમરતાઇન (Lamartine), મ્યુસેત (Musset), વિગ્ની (Vigny), ગૉતિએર (Gantier) વગેરે.

યુરોપના દેશો-પ્રદેશો કરતાં અમેરિકામાં આ રંગદર્શિતાનું આંદોલન થોડું મોડું આરંભાયેલું જોવા મળે છે. ત્યાં જે ક્રાન્તિ થઈ તેને કારણે અંગ્રેજો સામેના જુવાળમાં એક પ્રકારે માનવતાવાદ તેમજ સમાજસુધારાની પ્રવૃત્તિઓને વધુ મહત્ત્વ આપવામાં આવ્યું. ત્યાંના આ રંગદર્શિતાના અગ્રેસરોમાં ચાર્લ્સ બ્રૉકકેન બ્રાઉન, જેમ્સ ફેનિમોર કૂપર, વૉશિંગ્ટન ઇરવિંગ, વિલિયમ ગિલમોર સિમ્સ, એમર્સન, થૉરો, હૉથોર્ન, મેલવિલે, કવિ લૉન્ગફેલો, વ્હિટિયર, વૉલ્ટ વ્હિટમન વગેરેને મહત્ત્વના ગણી શકાય.

ભારતમાં અને ગુજરાત તથા અન્ય પ્રદેશોમાં ૧૯મી સદીના મધ્યભાગ પછી આ રંગદર્શિતાનું વાતાવરણ આગળ તરી આવે છે. જોકે આમ જોવા જઈએ તો આપણા વૈદિક સાહિત્યમાં પણ તે અનુભવવા મળે છે. પ્રકૃતિનાં તત્ત્વોને જે રીતે ભવ્ય કલ્પનાથી વધાવાયાં છે તેમાં પણ, ત્યારે અજાણ એવી આ રંગદર્શિતાની અસર અચૂક જોવા મળે છે. આપણાં સંસ્કૃત મહાકાવ્યો-નાટકો ઇત્યાદિમાં પણ પ્રશિષ્ટતાના પ્રભાવની સાથેસાથે કલ્પનોદ્ગયનોની માવજત થઈ છે ત્યાં આપણે રંગદર્શિતાનો અનુભવ કરી શકીએ. અલબત્ત, આ રંગદર્શિતા ત્યારના સર્જકોમાં કોઈ ચોક્કસ આંદોલન તરીકે નહીં, પણ નિરૂપણના એક ભાગ તરીકે સહજ રીતે આવેલી અનુભવી શકાય છે.

આપણે ભલે પ્રશિષ્ટતાવાદ અને રંગદર્શિતાવાદ એવા ભેદ ચર્ચાવિચારણા માટે પાડતા હોઈએ, પરંતુ વાસ્તવમાં સમગ્ર વિશ્વસાહિત્યમાં આ બંને અભિગમો એકબીજાના સહાયક કે પૂરક થઈને આવેલા જોવા મળે છે. પેટરે (Pater) તો કહ્યું પણ છે : '....in a perfect work of art or literature the two tendences, classical and romantic, are found in balance.' (કલા કે સાહિત્યની સંપૂર્ણ કૃતિમાં પ્રશિષ્ટ અને રંગદર્શી એ બંને વલણો સમતોલપણે જોવા મળે છે.) Stendhal (સ્ટેન્ધાલ) તો એટલે સુધી આગળ વધીને જણાવે છે કે '...alll good art is romantic.' (પ્રત્યેક સારી કલા રંગદર્શી હોય છે.) પ્રશિષ્ટતાવાદ પછી Neo-classical – નવ્ય પ્રશિષ્ટતાનો ગાળો આવ્યો તો ખરો પરંતુ એનાંય વળતાં પાણી થતાં રંગદર્શિતાએ સર્જકોમાં આકર્ષણ જમાવ્યું.

વાસ્તવમાં જોવા જઈએ તો મનુષ્યના ચેતોવિસ્તારમાં એક પ્રકારની સાહસિકતા અનુસ્યૂત છે કે જે વાસ્તવને તરંગલીલા કે કલ્પનાવિહારથી વધુ સુંદર બનાવવા કે બતાવવા મથે છે. આને કારણે પ્રશિષ્ટતાવાદ સામેની ઝુંબેશ તરીકે કલા કે સાહિત્યના ક્ષેત્રમાં આ રોમૅન્ટિક વલણને, રંગદર્શિતાને મૂકવામાં આવે છે તે તો એક સમયાધીન વિચારણા છે. બાકી તો સર્જકના ચિત્તમાં પ્રશિષ્ટતા અને રંગદર્શિતા સહોપસ્થિત હોય છે. એમાંથી એનું સર્જન કઈ તરફ ઝૂકે છે તેને આધારે કૃતિને પ્રશિષ્ટ કે રંગદર્શી ગણવામાં આવે છે.

આ રીતે પ્રશિષ્ટ અને રંગદર્શી સાહિત્ય વચ્ચે કોઈ ઉચ્ચાવચતા નથી. બંને ક્ષેત્રની કૃતિઓ ઉત્તમ પણ હોઈ શકે અથવા અનુત્તમ પણ હોઈ શકે. આ વિધાઓ તો સાહિત્યકૃતિના વર્ગ માટે છે. આમ, આ રંગદર્શિતા પણ પ્રશિષ્ટતાની જેમ એક વિધા હોઈ તેમાં થયેલા સર્જનનું તે વિધાની ગુણવત્તાને આધારે મૂલ્યાંકન થવું ઘટે.

18

## ત્રણ ગઝલ | હર્ષ બ્રહ્મભટ્ટ

### ૧. રણમાં તરે છે !

બિચારું ઘર આ જોઈ થરથરે છે,
દીવાલોને દીવાલો છેતરે છે !

મજા આવે કશું ત્રીજું કરે તો,
ફક્ત લોકો જીવે છે ને મરે છે.

અમુક છે માછલી એવી ગજબની,
જુઓ, આરામથી રણમાં તરે છે !

નવી કોઈ ઋતુ લાગે છે આ તો,
હવે પર્ણો નહીં, વૃક્ષો ખરે છે !

ફરે છે સિંહની છાતી લઈ જે,
ન જાણે કેમ દર્પણથી ડરે છે !

બહુ ઓછા છે જે લોકો લખે છે,
ને મોટા ભાગના લખ-લખ કરે છે.

### ૨. ખોટા હતા

હા, અહીં સિક્કા ઘણા ખોટા હતા,
પણ... ચહેરા તો બધા ખોટા હતા.

જ્યાં થતા અપરાધ પણ પાવન બધા,
સો ટકા ત્યાંના ખુદા ખોટા હતા !

વાગવાનું હોય ત્યાં વાગ્યા નહીં,
જિંદગીના ડાકલા ખોટા હતા.

વાંક શું કિસ્મતનો ખોટો કાઢવો !
સ્વપ્ન થોડાં આપણાં ખોટાં હતાં.

જે થકી ના ક્યાંય પણ પ્હોંચી શક્યા,
શબ્દના એ કાફલા ખોટા હતા.

એટલું બસ જાણી લો તો બહુ થયું,
આપણે ક્યારે ને ક્યાં ખોટા હતા.

### ૩. ગભરાઈ જાય

ભીડ દેખીને સદા હરખાઈ જાય,
જો મળે ખુદને જ તો ગભરાઈ જાય.

વીજળીને ક્યાં હવે તકલીફ દઉં ?
તું મને કારણ વગર વીંટળાઈ જાય.

સ્વર્ગમાં બસ એટલે આવ્યો નહીં,
એને ના કહેવાનું કંઈ કહેવાઈ જાય.

રોજ નીકળે છે મને મળવા અને,
ક્યાંક રસ્તામાં કશે રોકાઈ જાય !

ફૂલ આપે કોઈ દર્પણ ના ધરો,
ક્યાંક એવું ના બને કરમાઈ જાય.

## શિયાળાની ઠંડીમાં | સંસ્કૃતિરાણી દેસાઈ

ઊભો હતો હું અંધારામાં
શિયાળાની ઠંડીમાં
ચાલી ગઈ રાત.
મારી કોણીને ઘસાઈને
પવનની ઠંડી ઝીણી લહેરખી
કારણ વગર આવીને
વિખેરી ગઈ, મારા વાળ.
સંભાળી લીધું રાજ, મોગરાની સુગંધે.

કહ્યું હતું, મેં તો કવિતાને
હું આવીશ તારી પાસે
તૈયાર રહેજે જંગલની 'વર્જિન્' ઝાડીમાં
રાહ જોજે મારી
સોળે શણગાર સજી,
આપવું છે મારે ગાઢ આલિંગન
ભૂખ્યા છે કાગળો
ઘણા વખતથી.

# ત્રણ ગઝલ | લલિત ત્રિવેદી

## ૧. સમતુલા !

પરપોટો માગે સમતુલા,
કર કંપિત પગ નીચે ચૂલા !

હરણિયો પારો અક્ષર...
હાથ... દોત... વતયણા... લૂલા !

કોણ અલી છે... કોણ છે અલ્લા ?
કોણ દુલ્હન ને કોણ છે દુલા ?

ઊંડા કાગળ... ફાટી દોત –
– કુશળ પૂછતા'તા અસદુલા !

જીભલડીની ડાળે ઝૂલે...
ગુલાલના રસમાં મશગૂલા !

પરપોટા સરખો રે કાગળ,
રે નખમાં ઊગ્યા છે શૂળા !

બત્રીસ પૂતળીના ઉપવનમાં,
લલિત પડી ગયા છે ભૂલા !

કરતાં કરતાં જાળ લલિત,
જાળ ઉપર ઝૂલે છે ઝૂલા !

લલિત ! આપનાં મંજીરાં,
મિસરેસાની મિસરે ઉલા !

## ૨. ભેરુ !

ઘરમાંથી કોર્યો મેરુ,
મેરુની ટોચે દેરુ !

કોને આભડી ગ્યો એરું,
ઘર માથે બાંધ્યું દેરું !

દેરું પણ થૈ જાય અલોપ,
પરથમ જો ઊતરે ગેરુ !

અજવાળા ! ઝાંખું થૈ જા !
ખાલ ઉતારે છે ભેરુ ! !

હું એવું રે અજવાળું,
કપાસમાં જેવું છે રૂ !

ઝાંખો ઝાંખો તુંય, સનમ !
અજવાળુંયે ઝાંખેરું ! !

એમ ગઝલ મેં લખી, લલિત !
પાંખ ઉઘાડે પંખેરું...

## ૩. ચોખ્ખું કર્યું

પંડનું આંસુ કર્યું,
પાણીને જીવતું કર્યું !

આંખને ભીની કરી,
દશ્યને ઝાંખું કર્યું !

મંજૂષા ખોલી જરા,
પાંદડું આછું કર્યું !

એવું શું જોઈ લીધું,
દીઠું અણદીઠું કર્યું !

નામ એક તારું લખ્યું,
પાનું મેં સાચું કર્યું !

બીજું શું, મા શારદા !
ભૂંસીને ચોખ્ખું કર્યું ! !

# થીગડાંવાળી શાલ | રાજેન્દ્ર પટેલ

કારણ કે –
આ શાલ કોઈ માન-સન્માનમાં
મળી નહોતી
એટલે સાવ ચોખ્ખી છે.

એ કોણે આપી ? ક્યારે મળી ?
કશી જ ખબર નથી.
પરંતુ એટલી ચોક્કસ ખબર છે
એમાં બાએ થીગડાં મારેલાં.

જ્યારે આખી રાત ઊંઘ આવે નહીં
ચિંતા અને ઉચાટમાં પડખાં ફેરવતો હોઉં
ત્યારે એ થીગડાંવાળી શાલ
જાણે હળવે હળવે મને પંપાળતી હોય છે.

આ જૂની પુરાણી સુંવાળી શાલ એવી છે
જે ઉનાળામાં ઠંડક આપે છે
અને શિયાળામાં હૂંફ આપે છે.

હવે,
કહેવાનું મન થાય છે
આ જીવનની યાત્રાના અંતિમ દિવસે
મારી ચામડી કરતાં અધિક ચાહી છે તે
માત્ર આ થીગડાંવાળી શાલ રહે,
બીજું કંઈ જ નહીં.

હું જ્યારે નિઃશેષ થતો હોઈશ ત્યારે
આ મુલાયમ શાલના એકાદ છેડાને પકડી
આ થીગડાંવાળી શાલ સાથે
અહીં જ રહીશ, કાયમ.

## સમણાખ્યાન | જગદીપ ઉપાધ્યાય

અસવાર શ્વેત પાંખાળા ઘોડે બેસીને પૂરપાટ
રમવા આવ્યા રે ચોપાટ...
ઝરૂખડા ઝૂરી ઝૂરી જોતા'તા જેની વાટ
રમવા આવ્યા રે ચોપાટ...

મરકત ઊભા ભાળી વાલમ ભીંતો ગઈ હરખાઈ,
મેડી, માળિયાં સોતી મારી જાત રહી છલકાઈ,
ઝૂલે ઓરતા, અવસર ઝૂલે, ઝૂલે હિંડોળાખાટ,
રમવા આવ્યા રે ચોપાટ...

અવળી પડતી કોડી તોયે રસવર રમતા વટમાં,
એ જ અદા પર હારી; શું હું દાણા નાખું પટમાં ? !
ઝગમગ ઝગમગ દીવો ઝગે ને ઝલમલ ઝલમલ વાટ,
રમવા આવ્યા રે ચોપાટ...

બાજી રંગભર રહી અધૂરી હણ હણ આવ્યાં તેડાં,
નહીં ઘોડો, અસવાર નહીં; તગતગતા કાળા કેડા,
એક આંખમાં સપનું તોળું બીજી આંખ ઉચાટ,
રમવા આવ્યા રે ચોપાટ...

## થાક લાગે છે | પ્રફુલ્લા વોરા

જગતથી જાત સુધી પહોંચવામાં થાક લાગે છે,
અગોચર નાદ સુધી પહોંચવામાં થાક લાગે છે.

ભલે ઝિલાય આથમતા સૂરજના રંગ આંખોમાં,
પરોઢી આભ સુધી પહોંચવામાં થાક લાગે છે.

હલેસું છે, સુકાની છે, સમંદર પણ સલામત છે,
છતાંયે નાવ સુધી પહોંચવામાં થાક લાગે છે.

મળી છે રેશમી પાંખો અને ઊંચી ઉડાનો પણ,
નજીકની ડાળ સુધી પહોંચવામાં થાક લાગે છે.

ભર્યો છે અન્નકૂટનો થાળ ને ફૂલો સજાવ્યાં છે,
ભીતર ભગવાન સુધી પહોંચવામાં થાક લાગે છે.

## અડસઠ પહોંચ્યું | વિનોદ ગાંધી

પગથી તે માથા લગ પહોંચ્યું,
રક્ત શબ્દનું રગરગ પહોંચ્યું.

ચહેરા ઉપર તેજ જુઓ છો ?
જે પહોંચ્યું તે ઝગમગ પહોંચ્યું.

કોઈ રહ્યું ના બાકી અહીંયાં,
દરેક જણને લગભગ પહોંચ્યું.

બાળક ઠેઠ શિખર લગ પહોંચ્યું,
ભલે બિચારું ડગમગ પહોંચ્યું.

છૂટુંછવાયું એણે આપ્યું,
પણ અમને હકડેઠઠ પહોંચ્યું.

દૂર જુઓ દીવો ટમટમતો,
તેલ ધીમેથી ત્યાં શગ પહોંચ્યું.

મા સુધીની કરી જાતરા,
તીરથ મારું અડસઠ પહોંચ્યું.

# નો એક્ઝિટ ! | પ્રવીણ દરજી

ધૂળી નિશાળે
ગજવામાં ઠાંસી ઠાંસીને
ભરી આપ્યું છે એક સત્ય :
'પૃથ્વી ગોળ છે.'
પછી –
ધીમે ધીમે ઉમેરાતું ગયું –
રોટલા જેવી ગોળ,
થાળી જેવી ગોળ,
પૂર્ણિમાના ચંદ્ર જેવી ગોળ,
સૂર્ય જેવી ગોળ.

વાત એનાથીય આગળ વધતાં
ઉમેરાયું –
પૃથ્વી ગંધવતી છે,
રંગવતી છે,
રસવતી છે,
જલવતી છે,
ફળવતી છે.
અને
એવું કંઈક ઘણું.

પછી –
યથેચ્છ રીતે
દોરાતાં રહ્યાં
ચોરસ,
લંબચોરસ,
ત્રિકોણ,
ષટ્કોણ,
અષ્ટકોણ,
અર્ધગોળ
કે
લંબગોળ.

પછી –
યથાવકાશે તેમાં
પુરાતી રહી
ભાતભાતની રંગોળી.
પછી –
અસબાબને
પ્રતિબિંબાવતા અરીસાઓ અને કૂદાકૂદ !
છેવટે
ડ્રમ અને તાળીઓના તાલ
વર્તુળે ઘૂમતાં ઘૂમતાં સૌ ચલતીની ટોચે
સૌને થતું – કમાલ, કમાલ !
ને –
થાકી જતાં
વર્તુળની બહાર નીકળવા
જ્યાં પગ ઊંચકાયા
ત્યાં તો
અહીં-તહીં સઘળે
વર્તુળ
વર્તુળ
ગોળ
ગોળ
નો એક્ઝિટ !

18

## અભિભૂત શમ્બરમ્ | મધુસૂદન ઢાંકી

પુણ્યસલિલા, ઉત્તરવાહિની ભાગીરથીના પશ્ચિમ તટ પર સ્થિત વારાણસી કિંવા કાશી, ઉત્તર ભારતની પ્રાચીન નગરીઓમાંની એક છે. કાશીતલવાહિની ગંગા અને કોશીનો તીર્થ રૂપે મહિમા તો ભવિષ્યમાં ક્રમશઃ વૃદ્ધિગત થનારો હતો. વારાણસીની ઈસવીસન પૂર્વે આઠમી શતાબ્દીમાં થયેલ સ્થાપના બાદનાં સોએક વર્ષમાં જ યજ્ઞયાગ કરનારા અઠંગ વેદપાઠી બ્રાહ્મણોનું એ મુખ્ય ધામ બની ગયું હતું. ઈસા પૂર્વે, પ્રાયઃ સાતમી સદીના ઉત્તરાર્ધમાં અહીં રાજા અશ્વસેનનું શાસન પ્રવર્તી રહ્યું હતું. મહારાજના ઈંટ અને કાષ્ઠનિર્મિત રાજપ્રાસાદની મધ્યવર્તી શાલાના, કુમ્ભિકા અને શીર્ષવિહીન અષ્ટકોણ સ્તમ્ભો પર ટેકવેલ વક્રદારુયુક્ત ગોવાનસીઓથી સર્જાતી સુદીર્ઘ અને ઠીક ઠીક ઉન્નત એવી વલભી તેમજ ઊર્ધ્વ ભાગે રહેણાકના – સ્થાપત્યની દૃષ્ટિએ તો અવિકસિત દશાના – સાદા ગવાક્ષવાળા ખંડો હતા. નગરી બહાર ઋષિમુનિઓના આશ્રમો, આરામો હતા; જ્યાંના કેટલાક તો ગંગાના તટ પર જ વસેલા હતા.

રાજા અશ્વસેન સાદા અટ્ટાલકના ગવાક્ષમાંથી ગંગાના શાન્ત રૂપે વહેતા વારિરાશિને નિરખી રહ્યા હતા. મહારાજે મુખભાગે પાટલીવાળી, ગોળ સળો પાડેલી વેષ્ટી વહેરેલી હતી. મોકળા કેશ, ગળામાં મુક્તામણિમાલા, સ્ફટિકના મણકાયુક્ત પ્રલમ્બહાર અને બાવડાં પર સુવર્ણનાં બાહુબલ ધારણ કર્યાં હતાં. સમીપમાં જ રાજ્ઞી વામાદેવી મરાલાસન પર બિરાજમાન હતાં; કંઈક ઊંડા વિચારમાં ગરકાવ હતાં.

એ પળે પ્રતિહારીએ પ્રવેશ કરી, 'મહારાજનો જય !' કહી, મહામંત્રી વિશ્વબાહુ, સેનાધ્યક્ષ ઇન્દ્રદ્યુમ્ન અને રાજગુરુ અગ્નિભૂતિ પ્રતીક્ષાકક્ષમાં પધાર્યા છે એવી ઘોષણા કરી. મહારાજે આશ્ચર્યથી સહેજ ભ્રૂકુટી ચઢાવી પૂછ્યું :

"એ સૌ એકીસાથે કેમ આવ્યા છે ?"

"ના, મહારાજ ! એ ત્રણેય મહાનુભાવો જુદી જુદી દિશાઓમાંથી અને થોડી થોડી ક્ષણોના અંતરે આવેલા છે."

"સારું, એમને સૌને અહીં પધારવાનું કહો."

મહારાજની સન્નિધિમાં આવી, બાજોઠ જેવા ભાસતા, પણ અન્યથા ઊંચેરાં ભદ્રાસનો પર બિરાજમાન થયા. મહારાજે નેત્ર વતી એમના આગમનનો હેતુ પૂછ્યો. ત્રણેય એકબીજાની સામે જોઈ રહ્યા. મહામંત્રીએ સેનાધ્યક્ષ પ્રતિ વળી કહ્યું :

"આપ કહો."

"મહારાજ ! હું આપને પાર્શ્વકુમારની યુદ્ધકલાશિક્ષા વિશે નિવેદન કરવાના હેતુથી આવ્યો છું."

''કુમારે તેમાં પ્રગતિ કરી છે ને ?''

''મહારાજ, પાર્શ્વકુમાર ઘણા જ દક્ષ, ચપળ અને વિચક્ષણ છે. એમણે રથવિદ્યા તેમજ અશ્વારૂઢનવિદ્યામાં પ્રવીણતા પ્રાપ્ત કરી લીધી છે અને ખડ્‌ગવિદ્યા, ધનુર્વિદ્યામાં પણ પારંગત બની ગયા છે. પરંતુ...''

મહારાજે સહેજ શીર્ષ નમાવી, નેત્રોથી સૂચિત કરી, સેનાપતિને અધૂરા કથનને આગળ વધારવા સંજ્ઞા કરી.

''મહારાજ, કુમારને બલાઢ્ય વૃષભની સામે રક્તામ્બર બતાવી, એ ક્રોધિત બની છીંકોટા નાખતો સામે દોડતો આવે ત્યારે પોતાની જાત સંભાળી તેનું ખડ્‌ગ વતી એક ઝાટકે શિર ઉડાડી દેવાની ક્રિયા શીખવાની હતી. પરંતુ કુમારે તેમ કરવાની ના પાડી. એમણે કહ્યું કે એમાં છળકપટ દ્વારા નિર્દોષ વૃષભનો અકારણ વધ કરવો એ પાપકર્મ છે. મેં કહ્યું કે તો તમે શત્રુશૈન્ય સાથે કેવી રીતે લડી શકશો ? તો કુમાર કહે, એમાં બંને પક્ષ શસ્ત્રસજ્જ હોય છે અને શસ્ત્રપ્રયોગ સ્વરક્ષાર્થે કરતા હોઈ, તેમાં આપત્તિ ન હોઈ શકે. પછી ઊડી રહેલ પક્ષીનો લક્ષ્યવેધ કરી તેને તીર દ્વારા નીચે પટકાવવાની વાત આવી, તો કુમાર કહે છે કે એ રંક પક્ષી માળામાં પોતાનાં બચ્ચાંને ખવડાવવા ચણ લઈ જતું હશે, તેનો અકારણ વધ કરી નાખવો ઇષ્ટ નથી. એ પાપકૃત્ય છે. એને બદલે ગતિમાન રથમાં ચક્રની નાભિને વીંધવા તેઓ તત્પર છે.''

''કુમાર નાનપણથી જ જીવમાત્ર પર કરુણાશીલ છે. રાજમહાલયમાં મહાનસમાં માંસમત્સ્યાદિ રાંધવાનું બંધ કરાવી અમને શાકાહારી બનાવી દીધા છે.'' રાજ્ઞી વામાદેવીએ વાતચીતમાં વચ્ચે ઝુકાવ્યું.

મહારાજે હવે ગુરુદેવ સામે જોઈ પૃચ્છા કરી કે ''કુમારની શિક્ષા વ્યવસ્થિત રૂપે ચાલે છે ને ?'' શિક્ષાગુરુએ ઉત્તર આપ્યો :

''રાજન્, કુમાર ઘણા જ વિચક્ષણ, બુદ્ધિમંત અને ચતુર તો છે જ, પણ સાથે પરગજુ પણ છે. એ જે કંઈ શીખવવામાં આવે તે શીઘ્ર ગ્રહણ કરી લે છે. થોડાં વર્ષ પહેલાં, શિક્ષાપ્રારંભે ગાયત્રીમંત્ર એક જ વાર સાંભળી કંઠસ્થ કરી લીધેલો અને હવે પ્રત્યેક દિને ઉદયમાન થતા આદિત્યદેવનું સમંત્ર ધ્યાન ધરે છે. સારસ્વતસૂક્ત પણ ધારી લીધું છે અને પુરુષસુક્ત તેમજ શ્રીસૂક્તનો ખાસ અભ્યાસ કરી તેના પર મનન કરતા રહે છે. પણ જેમાં પશુબલિ સંકળાયેલ હોય તેવા યજ્ઞયાગોમાં ભાગ લેવાની સદંતર ના પાડે છે. વિશેષમાં, આત્મા, બ્રહ્મ આદિ તત્ત્વો પર ચિંતન કરવામાં ઘણો રસ દર્શાવે છે અને વચ્ચે વચ્ચે પદ્માસન વાળી ધ્યાનમાં પ્રવૃત્ત થયા કરે છે. પરંતુ, રાજન્, વેદમાર્ગમાં તો બધું જ આવે. તેમાં નિગમનો સ્વીકાર અને આગમનો નિષેધ, ત્યાગ, એવું કેમ ચાલે ? તો પછી વૈદિક દર્શનનો લોપ થવાનો સંભવ ઊભો થાય. વિશેષમાં, દેવતાઓને અર્ઘ્ય ન મળે તો દુર્ભિક્ષ, મહામારી, ધરિત્રીકમ્પ, ઝંઝાવાત આદિ અનેક વિપત્તિઓ આવી પડે. રાજન્, દેશરક્ષા અને પ્રજાની કુશળતા જાળવવા પ્રતિદિન યજ્ઞયાગ થવા અત્યંત

આવશ્યક છે.''

મહામંત્રીએ વાતમાં ભાગ લેતાં બની રહેલી કેટલીક નવી ઘટનાઓ પ્રતિ ધ્યાન દોર્યું : ''મહારાજ, વર્તમાને અન્ય પણ જે બની રહ્યું છે તેનો પણ નિષેધ કરવાની આવશ્યકતા છે. એ બધું આર્યધર્મને પ્રતિકૂલ છે, વૈદિક મંત્રમાર્ગથી વિરુદ્ધ છે...'' મહારાજે નેત્રોથી તેમજ હસ્તમુદ્રાથી પૃચ્છા કરી. ''જુઓને ! કેટલાક શૂદ્રો વૃક્ષછાયા નીચે શિશ્નાકાર લિંગ સ્થાપી એને ફરતી વારણ રૂપે વેદિકા કરી તેની નિત્ય અર્ચના કરે છે, તો કેટલાક દશ્યુઓ મૃણ્મય પઞ્ચફણાધર નાગ રચી તેની પૂજા કરે છે. આ બધું ધર્મમાર્ગથી વિપરીત છે.''

રાજ્ઞી વામાદેવીએ વિચાર કરીને કહ્યું :

''મહામંત્રી, શૂદ્રો વેદશિક્ષાના અધિકારી નથી. અને આપે વર્ણવ્યું તે તો તેમનો લોકધર્મ છે. એનો આપણે કેવી રીતે નિષેધ કરી શકીએ ?''

''રાજ્ઞીશ્રી, એનો જ ભવિષ્યમાં વિસ્તાર થવાનો, પ્રચાર થવાનો.''

''એ તો ભાવિ ગર્ભની વાત ગણાય. આપણે શું કરી શકીએ ! પણ વેદો તો સનાતન છે. એ ક્યારેય વિનષ્ટ નહીં થાય.''

ગુરુદેવ અગ્નિભૂતિએ વાતનો દોર ગ્રહી એને આગળ વધારી :

''રાજન્ ! વાત અહીં નથી અટકતી. થોડા દિવસ પૂર્વે મિથિલાથી બે ઋષિપુત્રો આશ્રમમાં આવેલા. તેઓ તો વેદના યજ્ઞયાગાદિનો પૂર્ણતઃ નિષેધ કરતા હતા. એમણે તો એટલે સુધી કહ્યું કે વેદ તો અપરાવિદ્યા છે, અદઢ નૌકા સમાન છે. જો યજ્ઞમાં હોમેલું પશુ સ્વર્ગે જતું હોય તો યજમાન સ્વપિતાને કેમ હોમી દેતો નથી ?''

રાજ્ઞી હસી પડ્યાં, પણ મહારાજે ગંભીર બની પૃચ્છા કરી :

''તો પછી એમના મતે શું કરવું ઘટે ?''

''રાજન્, તેઓ બ્રહ્મવાદી છે. વેદોમાં પણ યાજ્ઞવલ્ક્ય અને ગાર્ગી, અગસ્ત્યમુનિ અને લોપામુદ્રાદિના બ્રહ્મવાદી હોવાના નિર્દેશો છે. પણ, અહીં ચિંતાજનક વાત તો એ છે કે પાર્શ્વકુમાર તેમની વાતો ધ્યાનપૂર્વક સાંભળે છે અને 'તમસો મા જ્યોતિર્ગમય' આદિ સૂક્તો પર વિચાર કરતા રહે છે.''

એ ક્ષણે મહામંત્રીએ મગધમાં બની રહેલ કેટલીક અન્ય નવીન સ્થાપનાઓનો નિર્દેશ કરતાં કહ્યું : ''મહારાજ ! મારા સાંભળવામાં આવ્યું છે કે મગધમાં વેદવિરોધી નવાં નવાં તીર્થોનાં, સંપ્રદાયોનાં બીજ રોપાવાં લાગ્યાં છે. એમાંના કોઈકોઈના સાધુઓ પોતાને શ્રમણ કહેવડાવે છે. એમાંથી કોઈ નિયતિવાદમાં માને છે તો કોઈ વળી આત્માના અસ્તિત્વને સંશયયુક્ત મનાવે છે, તો કેટલાક આચારમાર્ગમાં નગ્ન રહેવાને શ્રેયસ્કર માને છે. દુઃખની વાત એ છે કે કેટલાક બ્રાહ્મણો એ નવા પંથોમાં ભળી રહ્યા છે.''

''રાજન્, આ વાત મેં પણ સાંભળી છે, ને મેં તો નિર્ણય લીધો છે કે બ્રહ્માવર્તમાં વસતા આર્યોને મગધમાં જવાનો નિષેધ અને મગધમાં મરે તે ગર્દભયોનિમાં જન્મે એવા

અભિશાપની ઘોષણા કરાવવી.''

''પરંતુ, ગુરુદેવ ! આવું કંઈ પણ કરતાં પહેલાં કૌશામ્બી, શ્રાવસ્તી, શ્વેતામ્બિ, કામ્પિલ્ય, કુરુદેશ, શૌરસેનાદિ જનપદોની સહમતિ મેળવવી આવશ્યક નથી લાગતી ?''

મહામંત્રીએ ગુરુદેવ વતી હા ભણી કહ્યું :

''આવી સહમતિ લેવાશે જ અને આવી પડનારા ભયથી સ્વરક્ષણાર્થે સૌ અનુમતિ આપશે જ.''

''રાજન્, એક વળી પઞ્ચવીરની પૂજાનો પંથ નીકળ્યો છે, જે પોતાને 'ભાગવતદર્શન' કહેવડાવે છે. રાજન્ ! ચારેક શતાબ્દી પૂર્વે કાશ્મીરની ઉત્તરે, બે મહાનદ વચ્ચેના દ્વારકદેશમાં નદીતટે દ્વારિકા નામક નગરી હતી, જે મહાપુરનો ભોગ બની લુપ્ત થઈ. તેમાં બચેલી પ્રજાના બે નાયકબંધુઓ યદુ અને તુર્વશુ સિંધુ નદી પાર કરી પઞ્ચનદ, કિંવા સપ્તસિંધુમાં પ્રવેશ્યા અને નવી દ્વારિકાનગરી વસાવી. એ યદુના વંશજો યાદવ કહેવાયા. અને તેમાં યદુથી ચોથી પેઢીની બે શાખાઓમાં એકમાં વસુદેવના પુત્ર વિશ્વકસેન, જેનું અપરનામ વાસુદેવ-કૃષ્ણ છે તે અને બલરામ કિંવા સંકર્ષણ થયા; અને બીજી શાખામાં સમુદ્રવિજયપુત્ર, નારીત્યાગી, અહિંસાવાદી અરિષ્ટનેમિ થયા. આર્યોના કુરુવેશના ધૃતરાષ્ટ્રના પુત્રો અને તેના બંધુ પાણ્ડુના પુત્રો વચ્ચે હાસ્તિનપુર પાસે કુરુક્ષેત્રમાં ભીષણ યુદ્ધ થયેલું, તેમાં પાણ્ડવપક્ષે વાસુદેવકૃષ્ણ રહ્યા હતા. પછીથી વાસુદેવ અને સંકર્ષણની વીર રૂપે પૂજાનો પ્રારંભ પણ થઈ ગયો છે. જે ભક્તિમાર્ગનો મથુરાથી મગધપર્યંત પ્રચાર હોવાનું જાણવામાં આવ્યું છે. વિશ્વકસેનકૃષ્ણની સાયુજ્યતિ વેદના વિષ્ણુદેવતા સાથે કરે છે, પરંતુ બીજી રીતે એ પંથ વેદનો ક્વચિત્ વિરોધ પણ કરે છે. આ વાત ધ્યાનમાં રાખવા જેવી છે.''

આ સાંભળી મહારાજ દ્વિધામાં પડી ગયા :

''પરંતુ, ઇન્દ્રદ્યુમ્ન ! અમારો ઉગ્રવંશ પણ યદુકુલની જ શાખા છે અને સગોત્રી ભોજવંશ અને દશદશાર્હ, અન્ધક-વૃષ્ણિ આદિ બૃહદ્ યાદવકુલ સાથે પારિવારિક સંબંધ ધરાવે છે તેનું શું ? અમે તો યજ્ઞકર્મમાં આસ્થા રાખીએ જ છીએ.''

''રાજન્, આપના વંશે વેદમાર્ગ છોડ્યો નથી એ કાશીનગરી માટે ઘણું જ શુભ છે.''

ગુરુદેવ અગ્નિભૂતિએ વાતને પાર્શ્વકુમાર પ્રતિ વાળતાં કહ્યું :

''રાજન્, કુમારને કેટલીક વિશિષ્ટ, અતીન્દ્રિય પ્રજ્ઞા હોવાનો ક્યારેક ક્યારેક સંદેહ થતો રહે છે; તો ક્યારેક એવો પ્રતીતિજનક ભાસ થતો હોવાનું મને તેમજ પ્રાયઃ સમસ્ત આશ્રમવાસીઓને લાગે છે. કુમાર ક્યારેક મનના વિચારો વાંચી લેતા હોય તેવો મુખભાવ કે આછેરું સ્મિત દેખા દે છે; તો ક્યારેક વળી કોઈ વૃક્ષની નીચે ઊભા રહી બંને હસ્ત સીધા દૃઢ મુદ્રામાં રાખી, કશાક ગાઢ ચિંતનમાં નિમગ્ન બની જાય છે.''

ગુરુદેવ અગ્નિભૂતિએ જરાક રોકાઈને બીજી બે'એક વિશેષ વાતો ઉમેરી : ''રાજન્,

એમના એક સહાધ્યાયીએ મને કહ્યું કે કુમાર જીવજંતુઓનું નિરીક્ષણ કરતા રહે છે. એક દિવસે એમણે એવી વાત કરી કે જીવસૃષ્ટિ પાંચ વર્ગની યોનિઓમાં વિભક્ત થઈ શકે : એકેન્દ્રિયથી લઈ પંચેન્દ્રિય સુધી, અને સમગ્ર વિશ્વને પાંચ 'અસ્તિકાયો'માં વહેંચી શકાય : આકાશ, પુદ્‌ગલ[1], ધર્મ[2], અધર્મ[3] અને જીવ[4]. કાળ અસ્તિકાય નથી. એનો સદ્‌ભાવ[5] જ્યાં પુદ્‌ગલ હોય ત્યાં જ થાય છે. જીવમાત્ર કર્મ કરે છે. કર્મો અષ્ટ પ્રકારનાં છે ઇત્યાદિ. મને ભય છે કે કુમાર ગૃહસ્થાશ્રમ ત્યાગી મુનિમાર્ગ પ્રતિ વળી જશે. રાજન્, સત્વર કોઈક ઉપાય કરવાની આવશ્યકતા છે.'' આ ક્ષણે સેનાધ્યક્ષે એક સંદર્ભસૂચિત વાતનો નિર્દેશ કર્યો : ''મહારાજ ! કુશાગ્રપુરના રાજા પસેનદીની પુત્રી પ્રભાવતી રૂપવાન, ગુણવાન હોવાના સમાચાર છે. કુમાર માટે પ્રભાવતીના હાથની માગણી કરીએ તો કુશાગ્રપુરરાજ તેનું સ્વાગત કરશે.'' ''અવશ્ય. એ દિશામાં શીઘ્ર આગળ વધવું જોઈએ. અરે, પ્રતિહારી ! કુમારને અહીં બોલાવો !'' ''મહારાજ ! કુમાર તો ઘટિકા પૂર્વે રથારૂઢ બની એક અનુચર સાથે 'મૃગદાવ' ગયા છે. ત્યાં કોઈ 'કમઠ' નામના તપસ્વી પધાર્યા છે. તેમનાં દર્શન તેમજ તેમની સાથે જ્ઞાનવાર્તાર્થે ગયા છે.''

(૨)

પાર્શ્વકુમાર એકાએક કંઈ ઊંડા વિચારમાં ઊતરી ગયા. સારથિએ કહ્યું : ''કુમાર, આપણે જ્યાં તાપસ કમઠ તપ કરી રહ્યા છે તે સ્થાન સમીપ આવી પહોંચ્યા છીએ.'' રથ પરથી ઊતરી કુમારે તેમને નમસ્કાર કર્યા, પણ એકાએક ધૂણી સામે જોઈ ચિંતાયુક્ત સ્વરે બોલી ઊઠ્યા : ''અરે ! અરે ! આ બળતા વૃક્ષખંડની દરીમાં નાગ-નાગણની જોડલી જલી રહી છે; એની ત્વરાપૂર્વક રક્ષા કરો.'' કમઠ તાપસે ક્રોધ કરી કુમારના સૂચનનો પ્રતિરોધ કર્યો, પણ કુમારની આજ્ઞાથી અનુચરે પરશુથી લાકડું કાપતાં અંદરથી અર્ધ જલી ગયેલ ને મરણોન્મુખ સર્પયુગલ તરફડતું નીકળ્યું. કુમારે એ બંનેની અંતિમ ક્ષણે શાંતિમંત્રો ઉચ્ચાર્યા. તપોયોગી કમઠે ક્રુદ્ધ બની પૂછ્યું : ''તું કોણ છે ?'' કુમારે વિનમ્રતાથી ઉત્તર વાળ્યો : ''ભગવન્, હું કાશીનરેશનો પુત્ર 'પાર્શ્વ' છું.'' માનભંગ થયેલ કમઠ તાપસ હવે ઘણો ક્રોધિત થયો અને કુમારને દેખાડી દેવાનો સંકલ્પ કર્યો. નિરાશ થયેલ કુમાર નગરી પ્રતિ એમ વિચારીને પાછા વળ્યા કે આ તાપસ ઘોર તપસ્વી છે, પણ જ્ઞાની નથી, પ્રજ્ઞાવાન નથી.

''કુમાર આવી ગયા ?'' ''હા, મહારાજ ! હમણાં જ પધાર્યા છે.'' ''એમને અમારી પાસે આવવાનું કહો.''

ગુરુદેવ આશ્રમ પ્રતિ અને મહામંત્રી તેમજ સેનાનાયક પોતપોતાના આવાસ પ્રતિ પાછા વળી ચૂકેલા. કુમાર મહારાજ અને રાજ્ઞી સમક્ષ ઉપસ્થિત થયા. ''પાર્શ્વ, તારા શિક્ષાગુરુઓ આવ્યા હતા, હમણાં જ ગયા. તે સૌએ તારા અધ્યયનમાં થઈ રહેલ પ્રગતિ સંબંધમાં પ્રસન્નતા અને સંતોષ વ્યક્ત કર્યા છે. અમે હવે તારા વિવાહ અંગે વિચાર કરી રહ્યાં છીએ. તારી સંમતિની અપેક્ષા રાખીએ છીએ. કુશાગ્રપુરની રાજપુત્રી પ્રભાવતી

સાથે તારો વિવાહ મેળવીએ તો તને કોઈ આપત્તિ છે ?''

પાર્શ્વકુમાર વિચારમાં પડી ગયા : 'પિતાજી ! મા ! મારા વિચાર અને એથી ભવિષ્યનો માર્ગ ભિન્ન છે. મને સંસારમાં રુચિ નથી, આત્મસાધનાની તીવ્ર ઇચ્છા છે.'' રાજા અશ્વસેન અને રાજ્ઞી વામાદેવી સ્તબ્ધ થઈ ગયાં. દુઃખમય સ્વરે રાજ્ઞી તત્ક્ષણ બોલી ઊઠ્યાં : ''પુત્ર ! તો તો ભારે અનર્થ થાય. આપણાં વંશ, શાસન એ બધાંનો અંત આવી જાય. અમને જ નહીં, કાશી જનપદની પ્રજાને અત્યંત આઘાત પહોંચે ! તું સત્વર એ વિચારનો ત્યાગ કરી અમને શાંતિ આપ.'' પાર્શ્વકુમાર ગહન વિચારમાં ઊંડા ઊતરી ગયા. કેટલીક ક્ષણો પછી એમાંથી બહાર આવી કહ્યું : ''મા ! પિતાજી ! આપનાં હૃદયને ચોટ પહોંચે તેવું કશું જ કરવા ઇચ્છતો નથી. આવશ્યક હશે તેટલો સમય ગૃહસ્થાશ્રમમાં ગાળીશ, પણ પછી મને સાધનામાર્ગ પ્રતિ જવા અનુમતિ આપશો ?'' મહારાજે વિચાર કરીને ઉત્તર આપ્યો : ''પુત્ર ! તારા આત્મશ્રેયના માર્ગમાં અમે અવરોધરૂપ નહીં બનીએ, પણ તારો પુત્ર કિશોર અવસ્થાની સમીપ આવે ત્યાં સુધી તું પ્રવ્રજ્યા નહીં ધારણ કરે તેવું વચન આપીશ ?'' ''આપના બંનેની ઇચ્છાનું હું સન્માન કરીશ. આપની આજ્ઞા શિરોધાર્ય રહેશે.''

(૩)

યથાસમયે કુમારે ગૃહસ્થપર્યાયથી મુક્ત બની રાજવૈભવ, અલંકારાદિનો ત્યાગ કરી, કેવળ કટિપટ્ટક ધારણ કરી, નગરી છોડી સાધુમાર્ગે પ્રસ્થાન કર્યું. ગ્રામાનુગ્રામ વિચરતાં વિચરતાં અધિચ્છત્રાનગરી સમીપે, નિર્જન ભૂમિભાગમાં, આદિત્યદેવ સંમુખ કાયોત્સર્ગમુદ્રામાં ઊભા રહી, અંતઃગવેષણામાં પ્રવૃત્ત થયા. ક્રોધ, માન, માયા[૬], લોભ, રાગ, દ્વેષ, મોહાદિ મહાકષાયોથી પૂર્ણપણે મુક્ત બની, ચાર ઘનઘાતી કર્મોને નષ્ટ કરવાના અંતિમ પુરુષાર્થ દ્વારા સંપૂર્ણ આત્મવિશુદ્ધિ પ્રાપ્ત કરવા અભિમુખ બન્યા.

આ બાજુ કમઠ તાપસ મૃત્યુ પછી ધરતી અને સપ્ત નરકો વચ્ચે રહેલ ભવનપતિ દેવતાઓના વાસમાં અસુરકુમાર કિંવા શમ્બર જાતિના દેવોમાં ઉત્પન્ન થયેલો. અવધિજ્ઞાનના પ્રભાવે તેને ભાન થયું કે તેનો પૂર્વનો શત્રુ પાર્શ્વ એ ક્ષણે ધ્યાનમગ્ન છે, સમાધિમાં લીન છે. ક્રોધાન્વિત શમ્બરનાયક કમઠ ધરણી પર આવી પાર્શ્વને વિચલિત કરવા જ નહીં, તેનો ઘાત કરવા કૃતનિશ્ચયી બની પ્રગટ થયો. સૌપ્રથમ ભયંકર ઝંઝાવાત સર્જી ધ્યાનસ્થ કુમારને ઘસડી ફેંકી દેવા પ્રવૃત્ત થયો. તેમાં ન ફાવતાં મેઘમાલિનું સ્વરૂપ ધારણ કરી, ઘનઘોર મેઘાડમ્બર સાથે, ધરતીફોડ વીજળીઓના અવિરત પાત સાથે પ્રલયકાળની મેઘવર્ષાનો આરંભ કર્યો. ચારે દિશાઓથી લોઢ ઉછળતા ધસમસતા જલપૂરમાં કુમાર ડૂબી રહ્યા હતા, પણ ધ્યાનથી ડગ્યા નહીં. પાણીનાં પ્રચંડ સ્તરોએ હવે કુમારના કંઠ સુધીના ભાગને ડુબાડી દીધો.

એ પળે નાગલોકના અધિપતિ ધરણેન્દ્ર અને નાગદેવી પદ્માવતીનાં આસનો કંપાયમાન બન્યાં. એ બંનેના આત્મા પૂર્વે કુમારે જે નાગ-નાગિણીની રક્ષા કરવા પ્રયત્ન

કરેલો તે જ હતા. તેઓ બંને તત્ક્ષણ ઘટનાસ્થળે પ્રગટ થયાં. દેવી પદ્માવતીએ દક્ષિણ બાહુથી મહાપદ્મને ધારણ કરી પાર્શ્વનાં ચરણ નીચે રાખી દીધું અને નાગરાજે પાર્શ્વના દેહ ફરતું પોતાનું શરીર વીંટાળી, એમને ઊંચકી પ્રચંડ જલરાશિથી પાણીની સપાટી ઉપર ઉંચકી લીધા. તેમના શિર પર મેઘથી રક્ષણ કરવા પાંચ ફણાઓની ઘટા ફેલાવી અને દેવી પદ્માવતીએ વામ કરથી તેમની ઉપર પદ્મછત્ર ધર્યું.

આ જોઈ શમ્બર વિશેષ ક્રોધિત બની પોતાની આસુરી શક્તિથી વિકરાળ દૈત્યો વિકુર્વ્યા. તેમાંના કેટલાકે પાર્શ્વ પર શિલાવર્ષણનો આરંભ કર્યો, તો કેટલાકે ભીષણ ગર્જના કરતા સિંહો પર આરૂઢ થઈ બાણોની વર્ષાથી પાર્શ્વને છાઈ દીધા, તો વળી કેટલાકે કુન્ત, ગદા, ખડ્ગાદિ આયુધોનો મારો ચલાવ્યો, પણ ધરણેન્દ્રની ફણાઓના ફૂંફાડાએ એ સર્વ વિનાશકારી શસ્ત્રોનો નિમિષમાત્રમાં ધ્વંસ કરી દીધો. અંતે થાકી, નિરાશ બની, નાગેન્દ્રની અમોઘ શક્તિથી પરાભવ પામી, વિનાશલીલા સંકેલી, લજ્જિત બની પાર્શ્વમુનિના ચરણ પાસે પશ્ચાત્તાપ સાથે ક્ષમાયાચના કરી અંતર્ધાન થઈ ગયો. એ ક્ષણે કુમારમુનિના ચાર ઘનઘાતી કર્મોનો ક્ષય થતાં, સર્વ પદાર્થોના જ્ઞાતા-દ્રષ્ટા બન્યા અને અષ્ટ પ્રાતિહાર્યરૂપી વિભૂતિઓથી પરિવેષ્ટિત બની અર્હત્ પાર્શ્વ બની ગયા.

**પાદનોંધ**

૧. જડ પદાર્થમાત્ર, ૨. ઈથર, ૩. ગુરુત્વાકર્ષણ, ૪. ચેતના, ૫. પ્રાદુર્ભાવ, ૬. કપટ.

સાંપ્રત વાર્તાની પ્રત શ્રી નિસર્ગ આહિરે કમ્પ્યૂટરમાં તૈયાર કરી આપી જે બદલ તેમનો અહીં સાભાર ઋણ સ્વીકાર કરું છું.

18

---

## સાભાર સ્વીકાર

### પ્રકીર્ણ

(૪૮) **આરોગ્ય કી સમસ્યાએં** : ડૉ. રતિલાલ પટેલ, ૨૦૧૪, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૨+૧૬૫, કિં. રૂ. ૧૮૦/- (૪૯) **વિરામચિહ્નોની ઉપયોગિતા** : સાકળચંદ પટેલ, ૨૦૧૪, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૮+૨૦, કિં. રૂ. ૩૦/- (૫૦) **જ્ઞાનપ્રથા** : ડૉ. ઋષિરાજ ઉપાધ્યાય, ૨૦૧૪, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૮+૬૭, કિં. રૂ. ૭૫/- (૫૧) **સુરાલય** : સંપા. લલિત રાણા, આતશ ભારતીય, ૨૦૧૪, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૮+૮૮, કિં. રૂ. ૯૫/- (૫૨) **નરેન્દ્ર મોદીનું ચિંતન** : સંપા. નંદા શાહ, ૨૦૧૩, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૮+૧૨૪, કિં. રૂ. ૧૩૦/- (૫૩) **સભા-સંચાલનનું કૌશલ્ય** : વિપિન પંડ્યા, ૨૦૧૪, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૬+૧૦૬, કિં. રૂ. ૧૦૦/- (૫૪) **ગણિતના કોયડા** : પ્રભુલાલ દોશી, ૨૦૧૪, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૪+૪૪, કિં. રૂ. ૪૫/- (૫૫) **મહારાજા રણજિતસિંહ** : પોપટલાલ મંડલી, ૨૦૧૪, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૪+૩૬, કિં. રૂ. ૩૫/-

અનુવાદ : રાજેશ પંડ્યા

**કવિ પરિચય :**

'अपने चिंकी तिब्बती चेहरे के सिवा, मैं भारतीय ज्यादा हूँ' – એમ કહેનાર આ તિબેટિયન કવિ જન્મે ભારતીય છે. ભારતની સરહદ પર સડક બનાવવાની મજૂરી કરનાર એક ગરીબ, તિબેટી, શરણાર્થી પરિવારમાં એમનો જન્મ થયો. ધર્મશાલામાં એમનો ઉછેર. પ્રાથમિક શિક્ષણ ત્યાં અને માધ્યમિક શિક્ષણ લડાખમાં. મદ્રાસમાંથી સ્નાતકની ડિગ્રી મેળવી. પછી અનેક જોખમો ખેડી, પગપાળા હિમાલય ઓળંગી, પોતાની માતૃભૂમિ તિબેટની અવદશા સગી આંખે જોઈ. ચીનના સરહદી દળે એમને કેદ કર્યા, ને ત્રણ મહિના લ્હાસાની જેલમાં પૂર્યા. છેવટે એમને ભારત પાછા મોકલી દેવામાં આવ્યા. એમણે ફરી ભણવાનું શરૂ કર્યું. ને મુંબઈમાં અંગ્રેજી સાહિત્ય સાથે એમ.એ.ની ડિગ્રી મેળવી.

તેનજિન ત્સુંદુએનાં ચાર પુસ્તકો પ્રગટ થયાં છે. 'ક્રૉસિંગ ધ બોર્ડર' (ઈ. ૧૯૯૯); 'કોરા' (ઈ. ૨૦૦૨); 'સેમ્શૂક' (ઈ. ૨૦૦૭) અને 'ત્સેનગોલ' (ઈ. ૨૦૧૨). 'ક્રોસિંગ ધ બોર્ડર' કાવ્યસંગ્રહ છે જે એમણે સાથે ભણનારા મિત્રો પાસેથી પૈસા એકઠા કરી છપાવ્યો હતો. બીજા સંગ્રહમાં કવિતા અને વાર્તા-નિબંધ સમાવાયાં છે. ત્રીજું પુસ્તક તિબેટના સ્વાતંત્ર્ય-આંદોલનને લગતા લેખોનું છે અને ચોથું વાર્તા અને કવિતાનું છે. તેનજિનનાં બધાં પુસ્તકોની એકાધિક આવૃત્તિ થઈ છે.

તેનજિન ત્સુંદુએની કવિતા અને અન્ય લેખન ધ ઇન્ટરનૅશનલ પેન, ઇન્ડિયન લિટરેચર, ધ લિટલ મેગેઝિન, આઉટલૂક, ધ ટાઇમ્સ ઑફ ઇન્ડિયા, તહલકા, ડેઇલી સ્ટાર (બાંગ્લાદેશ), ટુડે (સિંગાપુર), તિબેટ રિવ્યૂ અને અન્ય પત્ર-પત્રિકાઓમાં પ્રગટ થયાં છે. એક કવિ તરીકે તેમણે સાહિત્ય એકૅડેમી આયોજિત 'સેકન્ડ સાઉથ એશિયન લિટરરી કૉન્ફરન્સ'માં તિબેટનું પ્રતિનિધિત્વ પણ કર્યું. એમને ઈ. ૨૦૦૧માં 'આઉટલૂક' દ્વારા અપાતો પહેલો 'પિકાડોર નૉન-ફિક્શન એવૉર્ડ પણ મળ્યો છે.

ઈ. ૧૯૯૯માં તેનજિન 'ફ્રેન્ડ્ઝ ઑફ તિબેટ' (ઇન્ડિયા)ના સભ્ય બન્યા. હાલ તેઓ એ સંગઠનના મહાસચિવ છે. ઈ. ૨૦૦૮માં બીજિંગ ઓલમ્પિક વખતે એમણે 'चलो तिब्बत' આંદોલનનું નેતૃત્વ કર્યું હતું. આ ઘટના આંતરરાષ્ટ્રીય સ્તરે મોટા સમાચાર બની હતી. આ પહેલાં, ઈ. ૨૦૦૨માં ચીનના રાષ્ટ્રપ્રમુખ મુંબઈની ઓબેરોય હોટલમાં, વેપારીઓની એક સભામાં ભાષણ આપતા હતા ત્યારે તેનજિને ચૌદમા માળે ચડી 'તિબેટને આઝાદ કરો' એવા બેનર સાથે તિબેટી ધ્વજ લહેરાવ્યો હતો. એમને પકડી લેવામાં આવ્યા. નવેમ્બર ૨૦૦૫માં પણ, ચીનના વડાપ્રધાનની ભારત મુલાકાત વખતે આ વીર કવિની ગતિવિધિ પર અંકુશ મૂકવાનો, ચીનની સરકારે આગ્રહ રાખ્યો. એટલે

એમને ચૌદ દિવસ સુધી ધર્મશાલામાં નજરકેદ રાખવામાં આવ્યા.

હમણાં, સપ્ટેમ્બર ૨૦૧૪માં, વધુ એક વખત ચીનના રાષ્ટ્રપ્રમુખ ભારત આવ્યા. રિવરફ્રન્ટ પર એમનું ભવ્ય સ્વાગત થયું. એ વખતે તેનજિનનું શું થયું તે ખબર નથી, પરંતુ બીજા તિબેટી વિદ્યાર્થીઓને જરૂર પકડી લેવામાં આવ્યા. સાબરમતીને કાંઠે, સ્વતંત્રતા માટે ગાંધીજીએ ધૂણી ધખાવી'તી. એનાં ગતિશીલ જળ અચાનક થંભી ગયાં. ખળખળ વહેતી મુક્ત નદી આમ જ રિવરફ્રન્ટમાં ફેરવાઈ જતી હશે કે શું ? એ આખો દિવસ જકડાઈ ગયેલાં જળ જેવો, જડબેસલાક. તેનઝિનની કવિતા અને નિબંધે એ આખો દિવસ મને ટકાવી રાખ્યો. એક માણસ તરીકે અને એક કવિ તરીકે.

...એટલે આ રચનાઓનો અનુવાદ જેની નવ નવ આવૃત્તિ થઈ છે અને અઢાર હજાર નકલ વેચાઈ ગઈ છે તે 'KORA' [KORA : Stories and Poems; Ninth edition, August 2013; Bookworm, Mcleod Ganj, Dharamsala, Kangra, Himachal Pradesh-176219, India] સંગ્રહની મૂળ અંગ્રેજી કૃતિઓને આધારે. એના ફ્રેન્ચ, પોલિશ, મલયાલમ અને હિન્દી અનુવાદ થયા છે. હવે ગુજરાતી અનુવાદ કવિના ઋણસ્વીકાર સાથે, સાભાર...

18

૧

### જ્યારે ધર્મશાલામાં વરસાદ પડે છે

બૉક્સિંગ ગ્લોવ્સ પહેરીને
વરસાદનાં હજાર હજાર ટીપાં ઝિંકાય છે
મારા ઘર ઘર ઝિંકાઝિંક
પતરાંનાં છાપરાં નીચે
મારો ઓરડો રોયા કરે છે અંદર
મારી પથારી અને મારા કાગળ ભીના થાય છે.

કોઈ કોઈ વાર
આ છાપામાર વરસાદ
મારા ઘર પછવાડેથી ઘૂસે
દગાબાજ દીવાલો પોતાના પગ સેરવી
પૂરનાં પાણીને ઓરડામાં આવવા દે.

ત્યારે હું બેસું
મારા ટાપુ-દેશ(ના) – પલંગ પર
અને જોતો રહું પોતાના વતનને, ઘોડાપૂરમાં તણાતું.
આઝાદી પર લખાયેલી નોંધ
મારા જેલના દિવસોની યાદ

કૉલેજમિત્રોના પત્રો
બ્રેડના નાના ટુકડા
અને મેગી કે નૂડલ્સ
બધું જ સપાટી પર છલકાય એમ
કોઈ વિસરાયેલી સ્મૃતિ
અચાનક ફરીથી ઊભરાય જેમ.

ત્રણ મહિના સુધી આ ત્રાસ
સોયની સળીવાળાં ચીડવૃક્ષોમાંથી વરસે
પછી ચોખ્ખોચણાક હિમાલય
સાંજના સૂરજમાં ચળકતો.

જ્યાં સુધી વરસાદ અટકે નહીં
ને મારા ઘરને ધબેડવાનું બંધ કરે નહીં
ત્યાં સુધી એ જરૂરી છે કે હું
બ્રિટિશરાજના સમયથી ફરજ બજાવતાં
મારા પતરાના છાપરાને સાંત્વના દેતો રહું.

આ નાનકડા ઓરડાએ
કેટલાય બેઘર લોકોને આશરો આપ્યો છે.
જોકે આજકાલ એના પર
નોળિયા અને ઉંદર
ગરોળી અને કરોળિયાનો કબજો છે
અને એનો એક ખૂણો મેં પણ ભાડે લઈ રાખ્યો છે
એટલે આ ભાડૂતી ઓરડો
ઘર તરીકે ટકી રહ્યો છે હજીય.

એંશીએ પૂગેલી
મારી કાશ્મીરી મકાનમાલકણ
પાછી ક્યારેય નહીં આવે પોતાને ઘેર.
એની અને મારી વચ્ચે હંમેશાં
વાદકોદ થતી કે કોણ સુંદર
કાશ્મીર કે તિબેટ !

રોજ સાંજે
હું પાછો આવું છું મારા ભાડાના આ ઓરડામાં.
એમાં એમ જ મરવા માટે નહીં.
અહીંથી બહાર જવાનો

કોઈ રસ્તો જરૂર હોવો જોઈએ.
હું મારા ઓરડા જેમ રડી શકું નહીં.
ઘણું રોઈ લીધું છે મેં
કેદખાનામાં અને
અનેક અવસાદભરી ક્ષણોમાં.

અહીંથી બહાર નીકળવાનો
કોઈ ને કોઈ રસ્તો જરૂર હોવો જોઈએ.
હું અહીં રડી શકું નહીં
મારો ઓરડો (પહેલેથી જ) પૂરતો ભીનો છે.

૨

## નિર્વાસનનું ઘર

સતત ચૂતાં હતાં અમારાં છાપરાં
ને ચારેય દીવાલ ઢળી પડવાનો ભય હતો
પણ અમે જલદી જ પાછા જવાના હતા ઘેર.

પછી તો
અમે અમારા આંગણામાં
પપૈયાં ઉગાડ્યાં બગીચામાં
મરચાંય ઉગાડ્યાં
ને ચંગમાની વાડ કરી
પછી
કોઢના પરાળછાયા છાપરેથી દદડ્યાં કોળાં
ને ગમાણમાંથી કૂદકતાં નીકળ્યાં વાછરાં.
છત પર ઘાસ ઊગ્યું
બીજ ફણગી ગયાં અને
વેલો ચડવા લાગી
બારીમાંથી વળ ખાઈ અંદર આવ્યા મનીપ્લાન્ટ
અમારાં ઘરનાં મૂળિયાં ચારેકોર વિસ્તરી ગયાં આમ.

વાડ હવે ગાઢ જંગલ બની ગઈ છે
હવે હું કેમ કહું
મારાં સંતાનોને
કે ક્યાંથી આવ્યાં હતાં આપણે ?

[ચંગમા : વાડ માટે ઉગાડવામાં આવતાં, સહેલાઈથી વળી શકે તેવી ડાળીવાળાં – નેતર જેવાં – (તિબેટી) ઝાડ]

૩

## મારું તિબેટીપણું

નિર્વાસનનાં આટલાં બધાં વરસ.
છતાંય અમને સમર્થન ન આપે કોઈ.
એક પણ દેશ નહીં !

અમે અહીં શરણાર્થી છીએ
ગુમાવી દીધેલા એક દેશના લોકો
કોઈ દેશના નાગરિક નહીં.

તિબેટીઓ : આખી દુનિયાની સહાનુભૂતિને પાત્ર
શાંત મઠવાસી અને તરલ પરંપરાવાદી
એક લાખ ને થોડાંક હજાર
વિવિધ સાંસ્કૃતિક આધિપત્યોને આત્મસાત્ કરનાર
ખૂબ મળતાવડાં અને હેતાળ.

દરેક ચેકપોસ્ટ અને ઑફિસમાં
હું છું એક 'ઇન્ડિયન – તિબેટિયન'
દર વરસે મારું રજિસ્ટ્રેશન સર્ટિ.
મારે રિન્યૂ કરાવવું પડે છે, સલામ ભરી
કેમ કે હું
ભારતમાં જન્મેલો એક પરદેશી છું.

મારા ચપટા તિબેટી ચહેરા સિવાય
હું સવાયો ભારતીય છું.
'નેપાળી ?' 'થાઈ ?' 'જાપાની ?'
'ચીનીનાગામણિપુરી ?'
કોઈ પૂછે નહીં તિબ્બટી ' ?'

હું તિબેટી છું.
જોકે તિબેટથી આવ્યો નથી
ને ક્યારેય ગયો નથી ત્યાં,
તો પણ સપનું જોઉં છું
તિબેટમાં મરવાનું.

૪

## એક અંગત તપાસ

લડાખથી
બસ નજરભર છેટે છે તિબેટ.
એમણે કહ્યું
કાળા ડુંગર પરથી
દુમુત્સે ચીંધી
આ તિબેટ છે.
મેં પહેલી વાર જોયું
મારા વતનને.

ઉતાવળમાં પડતોઆખડતો
જાતને સંતાડતો
હું એ ટેકરી પર પહોંચી ગયો.

મેં માટીને સૂંઘી
જમીનને ખોતરી
સુક્કી હવાને સાંભળી
ને સાંભળ્યા
જંગલી સારસના ઘરડા અવાજ.

મને ક્યાંય સરહદ દેખાઈ નહીં
હું સોગંધ ખાઈને કહું છું
ત્યાં જરા જેટલોય ફરક નહોતો.

હું નથી જાણતો
હું ત્યાં હતો કે અહીંયાં
મને ખબર નથી
હું અહીં છું કે ત્યાં.

તેઓ કહે છે
ક્યાંગ દર શિયાળે આવે છે અહીંયાં.
તેઓ કહે છે
ક્યાંગ હર ઉનાળે જાય છે ત્યાં.

[ક્યાંગ : ચાંગથાંગ (તિબેટ અને લડાખનાં ઉત્તરી ઘાસલ મેદાનો)માં ટોળાબંધ જોવા મળતાં ઘુડખર જેવાં પ્રાણી]

૫

## મુંબઈમાં તિબેટિયન

મુંબઈમાં એક તિબેટિયન
એ કાંઈ પરદેશી નથી.

એ ચાઇનીઝ હોટલનો
રસોઇયો હોઈ શકે
બધા માની લે કે એ
બીજિંગથી ભાગીને આવેલો કોઈ ચીની છે.

એ પરેલના પુલ નીચે
ઉનાળામાં પણ સ્વેટર વેચતો દેખાય
લોકો સમજે કે
એ કોઈ રિટાયર્ડ નેપાલી બહાદુર છે.

મુંબઈમાં તિબેટિયન
બમ્બઈયાં હિન્દીમેં ગાલી ભી દે સકતા હૈ
જરાક જ તિબેટી લાગે એવા ઉચ્ચારથી
અને જેવો એનો શબ્દકોશ ખલ્લાસ થવા આવે
કે તરત એ ધાણીફૂટ તિબ્બતી બોલવા માંડે.
ત્યારે પેલ્લા પારસી બાવા હરુ હરુ હછવા લાદે.

મુંબઈમાં એક તિબેટિયનને
‘મિડ-ડે’નાં પાનાં ફેરવવાનું ગમે છે
એને પસંદ છે ‘એફ.એમ.’ પણ
એ તિબેટી ગીતની આશા રાખી શકે નહીં.

એ બસ પકડે છે સિગ્નલ પર
ચાલતી ટ્રેને છલાંગ મારી ચઢી જાય છે
અને એક લાંબીઅંધારી ગલીમાંથી પસાર થઈ
પોતાની ખોલીમાં જઈ ઊંઘી જાય છે.

એ ગુસ્સે થાય છે
જ્યારે માણસો એને ‘ચિંગ-ચોંગ
પિંગ-પોંગ’ કહી ચીડવે છે.

મુંબઈમાં એક તિબેટિયન
હવે થાકી ગયો છે
એને થોડુંક ઊંઘવું છે
ને એકાદ સપનું જોવું છે
રાતના ૧૧ વાગે
વિરાર ફાસ્ટમાં બેસી
એ ચાલ્યો જાય છે હિમાલય
(પણ) સવારે ૮-૦૫ની લોકલ
એને ફરી લઈ આવે છે ચર્ચગેટ.

૬

**થાક**

હું થાકી ગયો છું
દસમી માર્ચના ધાર્મિક અનુષ્ઠાનમાં
ધર્મશાલાની પહાડીઓ પર બૂમો પાડતો
હું થાકી ગયો છું.

હું થાકી ગયો છું
ફૂટપાથ પર ગરમ સ્વેટર વેચી વેચી
ચાળીસ ચાળીસ વરસોથી
ધૂળ અને ગળફા વચ્ચે બેઠા બેઠા
હું થાકી ગયો છું.

હું થાકી ગયો છું
રસમ-ભાત ખાઈ ખાઈ
કર્ણાટકનાં જંગલોમાં ગાયો ચરાવી.

હું થાકી ગયો છું
મંજૂ ટીંબાની ગંદકીમાં
મારાં ધોતિયાં રગદોળી.

હું થાકી ગયો છું
એ દેશની માટે લડતા લડતા
જેને મેં ક્યારેય જોયો પણ નથી.

[મંજૂ ટીંબા : ‘મંજૂ-કા-ટીલા’ નામે ઓળખાતી, દિલ્હીમાં આવેલી એક તિબેટિયન કૉલોની]

૭

## વિશ્વાસઘાત

**અમારાં ઘર**
**અમારાં ગામ**
**અમારો દેશ બચાવવાની કોશિશમાં**
**મારા બાપે જીવ ગુમાવ્યો.**
**હુંય લડવા માંગતો હતો**
**પરંતુ અમે રહ્યા બૌદ્ધ**
**લોકો અમને શાંતિપ્રિય અને અહિંસક કહે.**
**એટલે હું ક્ષમા કરું છું મારા શત્રુને.**
**જોકે ક્યારેક મને લાગે છે**
**મેં દગો દીધો છે મારા બાપને.**

[આવતા અંકે તેનજિન ત્સુંદુએનો નિબંધ ‘મારું નિર્વાસન’]

18

---

## સાભાર સ્વીકાર

### પ્રકીર્ણ

(૫૬) **નાના ફડનવીસ** : પોપટલાલ મંડલી, ૨૦૧૪, શ્રીજી સેલ્સ એજન્સી, અમદાવાદ, પૃ. ૪+૨૮, કિં. રૂ. ૩૦/- (૫૭) **દેવરાજ ઇન્દ્ર** : પોપટલાલ મંડલી, ૨૦૧૪, શ્રીજી સેલ્સ એજન્સી, અમદાવાદ, પૃ. ૪+૩૬, કિં. રૂ. ૩૫/- (૫૮) **વિશ્વેશ્વરૈયા** : પોપટલાલ મંડલી, ૨૦૧૪, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૪+૩૯, કિં. રૂ. ૪૦/- (૫૯) **ભગિની નિવેદિતા** : પોપટલાલ મંડલી, ૨૦૧૪, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૪=૩૨, કિં. રૂ. ૩૦/- (૬૦) **નિરાંતના પડઘા** : મહેન્દ્ર પુરોહિત, ૨૦૧૪, ‘નિરાંત’, પ્લૉટ નં. ૨૮૭, સેક્ટર-૨૦, ગાંધીનગર, પૃ. ૧૯૬, કિં. રૂ. ૧૮૦/- (૬૧) **વક્તમાં ગુજરાતી સાક્ષરો** : નિર્મિશ ઠાકર, ૨૦૧૪, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પૃ. ૧૬૭, કિં. રૂ. ૧૫૦/- (૬૨) **ધરતીની સુગંધ** : પ્રા. દિનકર દેસાઈ, ૨૦૧૪, ૧૭/૩૪૨, સત્યાગ્રહ છાવણી, ઇસરો સામે, સૅટેલાઇટ, અમદાવાદ-૧૫, પૃ. ૨૦૦, કિં. રૂ. ૨૦૦/-

# પૃથ્વી ગોળ છે *

પીટર બિક્સલ
અનુ. રમણ સોની

એક ભાઈ. સાવ નવરાધૂપ. ન પરણેલા, ન છૈયાંછોકરાં, ન કોઈ નોકરીધંધો. એટલે એમનો બધો જ વખત, એ પોતે જે કંઈ જાણતા હતા એ સઘળું ફરીથી વિચારી લેવામાં પસાર થતો.

એમનું પોતાનું એક નામ તો હતું – પણ એટલા માત્રથી એમને સંતોષ ન હતો. એ ક્યાંથી ને ક્યારે મળ્યું એવું એનું મૂળ એમને જાણવું હતું. દિવસોના દિવસો એ જૂનાં થોથાં ઉથલાવતા રહ્યા, ત્યારે વળી એક ચોપડીમાંથી એની ભાળ મળી.

પછી તો એમણે, પોતે જે કંઈ બધું જાણતા હતા એની યાદી તૈયાર કરી. જો કે, એ જે કંઈ જાણતા હતા, ને આપણે જે કંઈ જાણીએ છીએ – એ બધું એકનું એક હતું.

દાખલા તરીકે, એ જાણતા હતા કે દરેકે પોતાના દાંત બ્રશથી સાફ કરવા પડે છે અને એમને એ પણ ખબર હતી કે આખલો લાલ કપડાથી ભડકે, અને તે એ વાત પણ જાણતા હતા કે સ્પેનમાં આખલા લડાવનારા બુલફાઇટર્સ હોય છે.

એમને ખબર હતી જ કે ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરે છે અને ચંદ્રને ચહેરા જેવું કશું નથી – એમાં આંખો ને નાક ને એ બધું દેખાય છે એ તો પર્વતો ને જ્વાળામુખીનાં ગાબડાં ને ખાડાખૈયાને લીધે દેખાય છે.

તે જાણતા હતા કે માણસે પ્રાણીઓ તરફ ક્રૂરતાથી ન વર્તવું જોઈએ. ઉપરાંત એ પણ ખબર હતી એમને, કે જ્યારે માણસો એકબીજાને મળે છે ત્યારે હાથ મિલાવે છે ને વળી એ બરાબર જાણતા હતા કે બધા તરફ આદર બતાવવા માટે આપણે માથેથી હૅટ ઉતારવી જોઈએ, જો આપણે માથે હૅટ હોય તો.

અને એમણે એ જાણી લીધેલું કે પોતાની હૅટ રુવાંટીવાળા કપડાની હતી, ને એ રુવાંટી ઊંટના વાળમાંથી બનેલી હતી, ને ઊંટોમાં કોઈને એક ઢેકો હોય છે તો કોઈને બે હોય છે, વળી ઊંટો સહરાના રણમાં મળી આવે છે તથા સહરામાં બધે રેતી જ

* પીટર બિક્સલ – Peter Bechsel(૧૯૩૫) જાણીતા સ્વિસ વાર્તાકાર, નવલકાર, પત્રકાર છે. એમણે લખ્યું છે જર્મન ભાષામાં. એમના *Kindergeschichten* (૧૯૬૯) નામના વાર્તાસંગ્રહના માઇકેલ હામ્બુર્ગર Micheal Hamburgerએ કરેલા અંગ્રેજી અનુવાદ *Stories For Children* (૧૯૭૧) *માંની સાત વાર્તાઓ પૈકીની પહેલી વાર્તા The Earth Is Round*નો આ અનુવાદ છે. બાકીની વાર્તાઓના અનુવાદ પણ અહીં પ્રકાશિત કરવાનો ઉપક્રમ છે.

હોય છે.

આટલું તો એ જાણતા હતા.

આમાંનું કેટલુંક એમણે વાંચેલું, કેટલુંક વળી કોઈની પાસેથી સાંભળેલું, થોડુંક એમણે ફિલ્મોમાં જોયેલું. એથી તો એમને ખબર હતી કે સહરામાં રેતી હોય છે. જો કે પોતે ખરેખર ત્યાં ગયેલા નહીં પણ એક ચોપડીમાં વાંચેલું. વળી તે તો એ પણ જાણતા હતા કે કોલંબસે અમેરિકા ખંડ શોધી કાઢેલો, કેમ કે તે જાણતો હતો કે પૃથ્વી ગોળ છે.

પૃથ્વી ગોળ છે – એ તો તે બરાબર જાણતા હતા.

બધાંને પહેલેથી જ એ વાતની જાણ હોય છે કે પૃથ્વી ગોળ છે અને એથી જો કોઈ માણસ એક જગાએથી સીધી લીટીમાં ચાલવા માંડે તો પાછો એ જ જગ્યાએ આવીને ઊભો રહે.

ફક્ત એટલું જ કે પૃથ્વી ગોળ છે પણ ગોળ દેખાતી નથી. અને એટલે જ એ વાત કેટલાંય વર્ષો સુધી લોકોના માન્યામાં આવી ન હતી કે પૃથ્વી ગોળ છે. કેમ કે સામે નજર નાખવાથી તો પૃથ્વી સપાટ જ લાગે છે કે સ્હેજ ઊંચી-નીચી લાગે છે. સામે દૂર સુધી કાં તો વૃક્ષો દેખાય કે પછી મકાનો દેખાય, પણ ગોળાના જેવો વળાંક તો કંઈ દેખાતો હોતો નથી. અરે દરિયા પર જોઈએ તોપણ, છેક સામે છેડે, આકાશને મળતી એક આડી રેખા દેખાય છે પણ દરિયામાં એવો કોઈ ગોળાકાર વળાંક જણાતો નથી.

જેમ આપણે આ બધું જાણીએ છીએ એમ પેલા બંધુ, પેલા નવરાધૂપ ભાઈ પણ આ બધું જાણતા હતા. એમનેય ખબર હતી કે કોઈ માણસ જો બસ સીધી લીટીમાં ચાલતો જ રહે તો ઘણા દિવસો, અઠવાડિયાં, મહિના કે વરસો પછી એ પાછો બરાબર મૂળ જગાએ આવી જાય. દાખલા તરીકે, જો પોતે ઘરમાં ટેબલ આગળ બેઠા છે ત્યાંથી ઊઠીને બહાર ચાલવા લાગે તો વર્ષો પછી છેવટે એ જ ટેબલની પેલી બાજુએ આવીને ઊભા રહે.

તે બોલ્યા : 'હું જાણું છું કે હું જો સીધેસીધું ચાલવા લાગું તો છેવટે પાછો અહીં જ આવીને ઊભો રહું. પણ—'

'પણ, એ મારું જ્ઞાન છે, એ મારી જાત-ખાતરી નથી. અને એટલે મારે અજમાવી જોવું જોઈએ કે આમ થાય છે કે નહીં.'

'એટલે હું સીધી લીટીમાં એક જ દિશામાં ચાલવાનું શરૂ કરીશ' — એમણે હર્ષોદ્‌ગાર કર્યો.

જે માણસને બીજું કશું જ કરવાનું હોતું નથી ને, એ આમ ચાલી નીકળી શકે ખરું. પણ જે સાવ સહેલી બાબતો હોય છે એ સૌથી વધારે કઠણ પણ હોય છે. કદાચ આ ભાઈસાહેબને પણ એની ખબર હતી પણ એ એમણે ગણકાર્યું નહીં. એ તો પૃથ્વીનો

એક ગોળો ખરીદી લાવ્યા. એમાં એક બિંદુએથી શરૂ કરીને એમણે એ ગોળા ફરતે એક સીધી લીટી દોરી જે પાછી એ બિંદુ સુધી આવી મળી.

પછી તે ઊઠ્યા. ઘરના મુખ્ય દરવાજેથી બહાર આવ્યા. સીધી લીટીની દિશા નક્કી કરવા સામે જોયું.

સામે એક બીજું ઘર હતું.

એમણે નક્કી કરેલી સીધી લીટી બિલકુલ એ ઘરની આરપાર પસાર થતી હતી. એટલે જો તે એ ઘરની બાજુમાંથી પસાર થવા જાય તો તો સીધી લીટીની પોતાની દિશા ચૂકી જાય.

એ જ કારણે તે હજુ ચાલવાનું નક્કી કરી શક્યા ન હતા.

તે પાછા ઘરમાં એમની મૂળ જગાએ ટેબલ પાસે ગયા. એક કાગળ લીધો ને એમાં લખ્યું : 'મારે એક મોટી નિસરણી જોઈશે.'

પછી વળી એમને યાદ આવ્યું કે સામેના એ ઘરની પાછળ એક જંગલ શરૂ થતું હતું ને એમના સીધા માર્ગમાં કેટલાંક વૃક્ષો ઊગી નીકળેલાં હતાં. એ બધાં પર ચડીને સામે ઊતરવું પડે. એટલે એમણે કાગળમાં બીજી નોંધ કરી, કે 'મારે એક મોટી રસ્સી જોઈશે.'

ચડતી વખતે ક્યારેક કંઈક વાગે કરે પણ ખરું. એટલે—

'મારે તાત્કાલિક સારવાર માટેની સામગ્રી પણ જોઈશે.' વળી એમણે નોંધવા માંડ્યું કે : 'એક રેઇનકોટ જોઈશે, ચડવા માટેના બૂટ જોઈશે, પછી ચાલવા માટેના શૂઝ જોઈશે, વરસાદના બૂટ જોઈશે, શિયાળા માટેનાં ને પછી ઉનાળા માટેનાં કપડાં જોઈશે. વળી, આ નિસરણી-રસ્સી-ફર્સ્ટએઇડબૉક્સ-જોડા-કપડાં એ બધું લઈ જવા માટે એક ઠેલણગાડી જોઈશે.

એ બધું જ ભેગું કરવા અંગે એમણે નોંધ કરી. એ પછી વળી યાદ આવ્યું કે પેલા જંગલ પછી એક નદી આવે છે. અલબત્ત, એના પર પુલ તો બાંધેલો છે પણ પોતાના સીધા રસ્તામાં એ આવતો નથી.

એટલે એમણે કાગળમાં ઉમેર્યું કે –

'મારે એક હોડી લાવવી પડશે. અને વળી એ હોડી લઈ જવા માટે એક બીજી ઠેલણગાડી જોઈશે અને એ નદી પસાર કરતી વખતે એ બંને ઠેલણગાડીઓ મૂકવા માટે એક બીજી હોડી જોઈશે ને વળી, એ પછી, એ બીજી હોડી મૂકવા માટે એક ત્રીજી ઠેલણગાડી લાવવી પડશે.'

હવે આ ભાઈસાહેબ એકલા તો એક જ ગાડી ખેંચી શકવાના, એટલે બાકીની બે ઠેલણગાડીઓ ઠેલવા માટે બીજા બે માણસોની જરૂર પડે. અને એ બે માણસો માટે પાછાં ત્રણ ત્રણ જોડી જોડા ને કપડાં જોઈએ. વળી, ઠેલણગાડીઓ સમેતનો આ બધો જ સરંજામ પેલા ઘરની પેલે પાર લઈ જવાનો એટલે એ માટે એક ઊંટડો – ક્રેઇન

– પણ જોઈએ અને એ ક્રેઇન ચલાવવા માટે એક વધારાનો માણસ જોઈએ, અને એ ક્રેઇનને નદીની પાર લઈ જવા માટે વળી એક હોડી જોઈએ ને એ બોટને આગળ લઈ જવા માટે પાછી બીજી એક ઠેલણગાડી જોઈએ ને એ ગાડી ખેંચવા માટે વળી એક વધુ માણસ જોઈએ ને એ માણસનાં જોડા ને કપડાં વગેરે માટે વળી એક ઠેલણગાડી જોઈએ ને એને ઠેલવા માટે વળી એક ઓર માણસ....

'બસ', ભાઈસાહેબે યાદી જોઈને કહ્યું, 'હવે આમ તો બધું આવી ગયું. હવે નીકળી શકાશે.'

પરંતુ, ફરી એક વાર યાદી જોતાં એમને લાગ્યું કે હજુ એક વસ્તુ જોઈશે. પેલી ક્રેઇનની મદદથી બધો જ સામાન ને બધી હોડીઓ ને બધી ઠેલણગાડીઓ ને માણસો મકાનની પેલી બાજુ ક્રેઇનથી લઈ જવાશે, એ પછી એ ક્રેઇનને પેલી બાજુ લઈ જવા માટે બીજી એક મોટી ક્રેઇન જોઈશે ને એનો એક ચાલક ને એ ક્રેઇન માટે હોડી અને એક ક્રેઇન-હોડી-ઠેલણગાડી-ચાલક, ચાલકનાં કપડાં વગેરે માટે ઠેલણગાડી, ઠેલણગાડી માટે હોડી, હોડી માટે ક્રેઇન માટે ચાલક માટે જૂતાં-કપડાં માટે ઠેલણગાડી માટે હોડી...એમ બધું ઘણું જોઈશે.

સરવાળો કરી જોયો તો હવે બે ક્રેઇન, આઠ ઠેલણગાડીઓ, ચાર હોડીઓ અને નવ માણસો થયાં. ગોઠવી જોયું : પહેલી હોડીમાં જશે ક્રેઇન, બીજી હોડીમાં જશે મોટી ક્રેઇન, ત્રીજી હોડીમાં જશે પહેલાવાળી ને બીજીવાળી ઠેલણગાડીઓ, ચોથી હોડીમાં જશે ત્રીજી અને ચોથી ઠેલણગાડી. અચ્છા, પણ હજુ તો ચાર ઠેલણગાડીઓ રહી, એટલે વળી બે હોડીઓ, ને હા, પાછી એક ઘણી મોટી ક્રેઇન જોઈશે.

હવે વળી વાંચેલું યાદ આવ્યું કે નદી પછી એક પર્વત આવે છે. ને પર્વત પર, હોડી સાથેની ઠેલણગાડીઓ ચઢાવી શકાય નહીં. ને હોડી સાથે ન લઈ જઈએ તો, પર્વત ઊતર્યા પછી જે એક મોટું સરોવર આવે છે એ પાર ન કરી શકાય. એટલે હજુ વધારે માણસો, ને એમને માટે જૂતાં-કપડાં, ને એ બધું મૂકવા હજુ વધારે ઠેલણગાડીઓ.

હવે પહેલો કાગળ તો યાદીથી ભરાઈ ગયો હતો. એટલે એમણે બીજો કાગળ લીધો. એમાં બધું ખર્ચ લખવા માંડ્યું :

'ફર્સ્ટ એઇડ બૉક્સ – પચાસ રૂપિયા, રેઇનકોટના ત્રણસો - સાડાત્રણસો, ચઢાણ માટેના બૂટના પાંચસોક રૂપિયા, ચાલવા માટેના બૂટના ત્રણસો ઉપર, રબરના બૂટ લગભગ એટલાના ને એથી થોડાક વધુ કપડાંના.'

'પણ એક ઠેલણગાડીની કિંમત તો ઉપરની બધી વસ્તુઓની કુલ કિંમત જેટલી થાય. વળી હોડી તો એથીય મોંઘી હશે. અને એક ક્રેઇનની કિંમત તો લગભગ એક નાના મકાન જેટલી થતી હશે. વળી ક્રેઇન મૂકવા માટેની હોડી તો ખાસ્સી મોટી જોઈએ ને એવી મોટી હોડી – લાંબી નાવ ઘણી કિંમતની થાય. વળી એ તોતિંગ નૌકા મૂકવા માટેનું ગાડું તો બહુ લાંબું-પહોળું હોય ને એવા તોસ્તાન ગાડાની પણ જબરી મોટી

કિંમત ચૂકવવી પડે. ને આ માટે જે બધા માણસો રાખીએ એમને પણ સારું એવું મહેનતાણું આપવું પડે, ને એવા માણસો પાછા મળવા મુશ્કેલ...'

એટલે ભાઈ તો બહુ જ નિરાશ થઈ ગયા. ખાસ તો એટલા માટે કે પોતે હવે એંસીની ઉંમરે પહોંચ્યા હતા ને એટલે હવે એમણે બહુ જ જલદી નીકળવું પડે. કારણ કે મૃત્યુ આવી જાય એ પહેલાં તો એમણે ઘરે પાછા આવી જવું પડે ને...

છેવટે, બધું વિચારીને, એમણે માત્ર એક નિસરણી જ ખરીદી. ને એને ખભે ઊંચકીને એમણે ધીમે ધીમે ચાલવા માંડ્યું. સામેના મકાન સુધી ગયા, ત્યાં નિસરણી ગોઠવી ને ધીમેથી ઉપર ચડવા લાગ્યા.

□

હવે મને ખાતરી થઈ ગઈ કે આ બંધુ પ્રદક્ષિણા-પ્રવાસ માટે કૃતનિશ્ચયી ને ગંભીર છે. એટલે મેં બૂમ પાડી : 'અરે ઓ ભાઈ, થોભો. પાછા વળો. તમે નકામો જ તમારો સમય બરબાદ કરી રહ્યા છો.'

પણ હવે એમને કાને મારી વાત પહોંચી શકે એમ નહોતું.

એ તો મકાનની ટોચે પહોંચી ગયા હતા, ને આ બાજુથી નિસરણી ખેંચી, એને મહાપરાણે ઊંચકી, ને બીજી બાજુ ઉતારી. ને એ બાજુ ઊતરી પડ્યા. એ પછી પાછા દેખાયા નહીં.

મેં ફરીથી કદીય એમને જોયા નથી. એ વાતને આજે દસ વરસ થઈ ગયાં, ને એ ગયા ત્યારે જ એ એંસીના તો હતા જ ને.

હવે તો એ નેવુંના થયા હશે. કદાચ એમણે વિચાર બદલ્યો પણ હોય ને પ્રદક્ષિણાનું માંડી વાળ્યું હોય. કદાચ ચીન સુધી પહોંચતાં પહોંચતાં એમનું અવસાન પણ થયું હોય.

પણ હું ક્યારેક ક્યારેક મારા ઘરમાંથી બહાર આવીને આથમણી મેર જોઈ રહું છું. વિચારું છું કે, મને જરૂર આનંદ થાય જો એ પેલા જંગલમાંથી આ બાજુ નીકળી આવે, થાકેલા ને ઢીલી ચાલવાળા, પણ પ્રસન્ન સ્મિત સાથે મને કહેતા હોય—

'હવે મને ખાતરી થઈ કે પૃથ્વી ગોળ છે.'

18

# અભ્યાસ

## ગદ્ય તપાસ : ગુજરાતી ટૂંકીવાર્તા – પંડિતયુગ | ચિનુ મોદી

આ લેખમાં ગુજરાતી ટૂંકીવાર્તાનાં કેટલાંક ઉદાહરણ લઈ ગદ્યતપાસ કરીશું. ટૂંકીવાર્તાનો ખરો પ્રારંભ મલયાનિલની ‘‘ગોવાલણી’’ વાર્તાથી થયો. ટૂંકીવાર્તામાં કથન અને સંવાદની ભાષા અગત્યની બને છે. વ્યાકરણગત જે કંઈ નિયમો છે તે તો તપાસવા જ પડે. ‘‘ગોવાલણી’’ વાર્તાનો એક પરિચ્છેદ આ સંદર્ભે તપાસીએ.

‘‘તે ઘણી જ જુવાન હતી. કોઈની પંદર વર્ષની ઉંમરે અધર પર ગુલાબ ફરકે છે. કોઈક તો સત્તર-અઢાર વર્ષે આંખમાં ચમક ચમકાવે છે. એને સોળમી શરદે કંઠમાં કોયલ ટહુકતી હતી. નિર્દોષતાએ હવે રજા લેવા માંડી હતી. નાનપણ હવે ખૂબસૂરતીને જગ્યા આપતું હતું. ઊઘડતી કળી હવે તસતસતી હતી.

નહોતી કેળવાયેલી તોય જબરી ચંચળ હતી. નહોતી શહેરની તોય શિસ્ત લાગતી હતી. નહોતી ઉચ્ચવર્ણની તોય ગૌરી હતી. આંખે આવીને ભ્રમર બેઠા હતા. કીકીમાં તીરની ધાર હતી. ગાલમાં ગુલાબ છવરાયાં હતાં.

માથા ઉપર પિત્તળની ઝળકતી તામડી મૂકી ભાગોળેથી ગામમાં પેસે ત્યારે જાણે લક્ષ્મી પ્રવેશી. ‘દૂધ લેવું સે, દૂ...ધો’નો ટહુકો શેરીએ શેરીએ સંભળાય અને દાતણ કરતું સૌ કોઈ એની સામું જુએ. પુરુષોએ શુભ શુકન થતાં સ્ત્રીઓને ઈર્ષ્યા આવતી.

એ ગુજરાતની ગોવાલણી હતી. સવારના પહોરમાં પોતાને ગામડેથી નીકળતી. તાજાં દોહેલાં દૂધ ભરી અમારા ગામમાં આવતી. સૌ કોઈને એનું દૂધ લેવાનું મન થાય. એનું ‘દૂધ લેવું સે, દૂ...ધો’ સાંભળતાં શેરીની સ્ત્રીઓ ઝટ પથારીમાંથી ઊભી થાય.

એ હંમેશાં રાતો સાલ્લો – જાડો પણ સ્વચ્છ, નવો ને નવો સાચવી પહેરતી. એણે પીળી પટ્ટીની કોર હતી અને કાળો પાલવ હતો. હાથમાં દાંતના રૂપાની ચીપવાળા ભારે ‘બલ્લેઆં’ પહેરતી. પગે જાડાં કલ્લાં ઘાલતી. નાકમાં નથની અને કાનમાં નખલી. આંગળીએ રૂપાનાં વેઢ. ગળામાં ટૂંપીયો અને કીડિયાસેર. આ એનાં આભૂષણો હતાં. માથે જરા ઘૂમટો તાણતી તેથી એના વાળ કેવા હશે તેની કોઈને ખબર ન હતી. એ ઓળતી હશે, સેંથીમાં કંકુ પૂરતી હશે, એ કલ્પના જ એની ખૂબસૂરતીમાં ઉમેરો કરી આપતી હતી.

હું એના આવવાના વખતે જ ઓટલા પર દાતણ કરવા બેસતો. સામેથી દેખાય ત્યારે નફ્ટ થઈ એકીટશે એની સામે જોતો. એ બિચારી શરમાય, નજર નીચી ઢાળી દે, પણ બીજી નવેલીઓની માફક એની ચાલ નહોતી બદલાતી; ધ્રુજારો નહોતો છૂટતો. હાથ વાંકાચૂંકા નહોતા ઊછળતા. શાંત અને ગંભીર થઈ હંમેશનો ‘દૂધ લેવું સે, દૂ...ધો’નો રણકાર કર્યા કરતી.

મારી પત્નીને હું રોજ કહું કે 'આ ગોવાલણી પાસેથી તું દૂધ કેમ નથી લેતી ? હંમેશાં ''બૂન ! દૂધ લેવું સે'' કહી એનું મોં દુઃખી થઈ જાય છે અને તને તેની જરા પણ દરકાર નથી.'

કોણ જાણે શાથી, પણ જ્યારથી એને જોઈ હતી ત્યારથી મને દિલમાં કંઈક અજબ લાગણી થઈ આવી હતી. પરાણે પણ હું મારે ઘેર એનું દૂધ લેવડાવું. એને થોડી વાર મારે આંગણે બેસાડું. અને લાગ આણી મારી સામે જોવડાવું. આવી કોમલાંગના છતાં ભરવાડણ જેમ જન્મી ! એના કોમળ જણાતા બદન ઉપર આવું જાડું વસ્ત્ર કેમ રહી શકતું હશે ! ઈશ્વર પણ જોયા વગર જ જન્મ આપે છે ને ?

* આ પરિચ્છેદમાં 'ગુલાબ', 'દિલ', 'બદન' જેવા અરબી-ફારસીના શબ્દોની સાથે 'અધર', 'કોમલાંગના' જેવા તત્સમ શબ્દોનો ઉપયોગ સૌથી પહેલાં લક્ષમાં લેવો પડે. અહીં 'ભરવાડણ', 'જાડું' જેવા દેશ્ય શબ્દો પણ છે. વાર્તાકથનને સામાન્ય વાચક સુધી પહોંચાડવા માગે છે એટલે વિધવિધ ભાષાઓના શબ્દોનું મિશ્રણ પણ પ્રવાહ અટકાવતું નથી.

* 'દૂધ લેવું સે દૂ...ધો' કે 'આ ગોવાલણી પાસેથી તું દૂધ કેમ નથી લેતી' જેવાં વાક્યો સાહજિક સંવાદ રચી આપે છે.

* પોતે એકીટશે જુએ તેથી ગોવાલણીની આંગિક ચેષ્ટાઓ કેવી રીતે થાય છે એનું ચિત્રણ પણ ઝીણવટથી કરવામાં આવ્યું છે. કોમળ બદન ઉપર જાડું વસ્ત્ર નાયક પાસે એક વિધાન કરાવે છે – 'ઈશ્વર પણ જોયા વગર જ જન્મ આપે છે ને ?' જે હાસ્ય નિપજાવવા પર્યાપ્ત બને છે. નાયકનું કામુક મન પ્રગટ થતાં આ હાસ્ય નીપજે છે.

* 'આવી કોમલાંગના છતાં ભરવાડણ કેમ જન્મી' એ વાક્યમાં 'કોમલાંગના' અને 'ભરવાડણ' શબ્દનું સાયુજ્ય વર્ણસંકરપણું પ્રગટ કરે છે.

* આ પરિચ્છેદનું પહેલું વાક્ય 'તે ઘણી જ જુવાન હતી'માં 'ઘણી જ' એટલે શું એ સમજાતું નથી.

* 'ચમક ચમકાવે', 'સોળમી શરદે', 'કંઠમાં કોયલ', 'ગાલમાં ગુલાબ' જેવી વર્ણસગાઈ કૃતક લાગે છે.

* 'નહોતી કેળવાયેલી તોય જબરી ચંચળ' એટલે શું ? કેળવાયેલી સ્ત્રીઓ જ ચંચળ હોઈ શકે ? એ જ રીતે 'શહેરની તોય શિષ્ટ', 'નહોતી ઉચ્ચ વર્ણની તોય ગૌરી', ને 'સાલ્લો જાડો પણ સ્વચ્છ' એ એકબીજાના વિરુદ્ધાર્થમાં ટકતા નથી.

* વાર્તાનો કથક પોતે પુરુષ હોવાથી ઘણી વાર એ બહુવચન માટે જે શબ્દપ્રયોગ કરે છે તેમાં સ્ત્રીને બાકાત રાખવાની છે એ વાત તે ભૂલી જ જાય છે : 'દાતણ કરતુ સૌ કોઈ એની સામું જુએ' અથવા 'સૌ કોઈને એનું દૂધ લેવાનું મન થાય.' આ બંને વાક્યો વખતે કથકના ચિત્તમાં માત્ર પુરુષ છે. પણ વાપરેલી વર્ણનભાષા કથકને

અતિવ્યાપ્તિદોષમાં પાડે છે.

* 'એ ગુજરાતની ગોવાલણી હતી' એવું વાક્ય વાર્તા પ્રારંભિક સ્તરે લખાતી થઈ છે તે સૂચવે છે.

* પણ અહીં કેટલુંક અપેક્ષા કરતાં વધારે સુંદર ભાષાકર્મ થયું છે. આ સંદર્ભે કેટલાંક વાક્યો જોઈએ :

'નાનપણ હવે ખૂબસૂરતીને જગ્યા આપતું હતું. ઊઘડતી કળી હવે તસતસતી હતી.'

'આંખે આવીને ભ્રમર બેઠાં હતાં.'

* 'એ હંમેશાં રાતો સાલ્લો પહેરતી... ખૂબસૂરતીમાં ઉમેરો કરી આપતી હતી.' સુધીનાં વાક્યોમાં ગોવાલણીનું નખશિખ ચિત્ર મલયાનિલ દોરી શક્યા છે. આ ચિત્ર જેટલાં ચાક્ષુસ છે એટલું શ્રવણગમ્ય પણ છે.

* મલયાનિલને કેટલાક દેશ્ય શબ્દોની પૂરી જાણકારી નથી એમ દેખાઈ આવે છે. 'બલ્લેઆં'ને બદલે 'બલૈયાં' શબ્દનો પ્રયોગ થવો જોઈએ.

આમ, ગુજરાતીની પ્રથમ ટૂંકીવાર્તાનું ગદ્યવાર્તાનું ભવિષ્યમાં ગદ્ય કેવું હોવું જોઈએ / ન હોવું જોઈએ એ બંનેનાં સગડ આપે છે.

## આ મુકુન્દરાય પારાશર્યને ઓળખો છો ? | મીનલ દવે

ત્રણ ઘટનાઓથી મારી વાતની માંડણી કરું. લગભગ સવાસો વર્ષ પહેલા મોરબીના એક ભટ્ટજી કથા કરીને ઘેર આવ્યા. સાથે થોડીક સંપત્તિ પણ આવી હશે એમ માનીને ચોરે રાતે છાપો માર્યો. પટારો ખોલીને હાથ નાખવા જાય ત્યાં ભટ્ટજી જાગી ગયા, ને ચોરનો હાથ એટલી મજબૂતાઈથી પકડ્યો કે ચોર ચસકી શક્યો નહીં. ભટ્ટજી કહે : ''ભાઈ, બ્રાહ્મણને ઘેર પટારામાં પોથી હોય, પૈસા નહીં. પણ તું આવ્યો છે તો ખાલી હાથે નહીં જવા દઉં. એને જમાડ્યો, થોડા પૈસા આપ્યા અને સન્માર્ગે જવાનો ઉપદેશ આપ્યો.

આ ઘટના બન્યાના લગભગ પાંચ દાયકા પછી એ જ કુટુંબના બીજા સભ્ય સાથે બનેલી બીજી ઘટના. કુટુંબના મોભીનાં પત્નીનું અવસાન થતાં તેની પાછળ શ્રીમદ્ ભાગવતનું પારાયણ ચાલે. મોભી રોજ ભાગવત સાંભળવા બેસે, ત્યારે હાથમાં બાંધેલી સોનાની ઘડિયાળ બાજુમાં મૂકી દે. ભગવા વેશધારી એક વ્યક્તિની દાઢ સળકી, છેલ્લે દિવસે તેણે ઘડિયાળ ઉઠાવી લીધી. બધા મહેમાનોની સાથે એ વ્યક્તિ પણ વિદાય થઈ. ટ્રેનના સમયે પેલા મોભી સ્ટેશન પર ગયા, એ ભગવાધારીને વંદન કર્યા અને કહ્યું : ''આપે સવારે ઘડિયાળ લીધી, ત્યારે આ સોનાની સાંકળી ભૂલી ગયા હતા, તે આપવા આવ્યો છું !''

એનાં થોડાં વર્ષો પછી બનેલી ત્રીજી ઘટના. આ જ કુટુંબની એક વ્યક્તિ અંગ્રેજી

શાસનના સમય દરમિયાન રેશનિંગ ખાતામાં કામ કરે. બીજા વિશ્વયુદ્ધને કારણે ખુલ્લા બજારમાં અનાજની તંગી. એક વેપારીને વિચાર આવ્યો : અધિકારીનું કુટુંબ બહોળું છે, અને બજારમાં અનાજ મળતું નથી, – એટલે એ જઈને અનાજનો મોટો થેલો અધિકારીને ત્યાં મૂકી આવ્યો. સાંજે અધિકારી ઘેર આવ્યા ને આ વાતની ખબર પડી, તો અનાજનો થેલો લઈને પહોંચ્યા વેપારીને ત્યાં, અને કહ્યું, 'જુઓ ભાઈ, ઓછા અનાજમાં ઘર કઈ રીતે ચલાવવું તે હું અને મારા ઘરનાં સારી પેઠે જાણીએ છીએ.'' વેપારીને અનાજ પાછું આપ્યું, અને સત્યને પંથે ચાલવાની શિખામણ આપી.

આ ત્રણે ઘટનાઓ પુસ્તકોમાં મુકાઈ છે. જો ફેસબુક પર મુકાઈ હોત તો એને ૨૫ હજાર 'લાઇક' મળી હોત. કારણ કે આજે મૂલ્યહ્રાસના જમાનામાં આવી, મૂલ્યોનું સંવર્ધન કરતી ઘટનાઓ ઓછી જોવા મળે છે. આ ઘટનાઓમાં છેલ્લી ઘટના તે મુકુન્દરાય પારાશર્યના જીવનમાં બનેલી, વચલી ઘટના એમના પિતરાઈ કાકા પ્રભાશંકર પટ્ટણીના જીવનની, તથા પ્રથમ ઘટના મુકુન્દરાયના પ્રપિતામહ છોટા ભટ્ટની. છોટા ભટ્ટની પત્નીની વય ૧૨ વર્ષની હતી અને કૂવામાં પડવાને કારણે એમનું મૃત્યુ થયું. છોટા ભટ્ટ ફરી પરણ્યા નહીં. તેઓ વ્યવસાયે કથાકાર હતા. કથા કરતાં જે પૈસા મળે તેમાંથી એક જ કામ કરતા, જે કૂવાને થાળું કે પાળું ન હોય તે બંધાવતાં. આ એમનું પત્નીતર્પણ હતું. આવા વાતાવરણમાં, આવા પૂર્વજો અને વડીલોની વચ્ચે જે વ્યક્તિને રહેવાનું બન્યું હોય, તે વ્યક્તિ જ્યારે આપણી પાસે ગદ્ય, પદ્ય કે વિવેચન લઈને આવે, તે પોતાના સમકાલીન સાહિત્ય કરતાં નોખું હોય તેમાં નવાઈ શી ?

૧૩ ફેબ્રુઆરી ૨૦૧૪ના રોજ મુકુન્દરાય પારાશર્યના જન્મને સો વર્ષ પૂરાં થયાં; ૧૯ મે, ૨૦૧૪ના રોજ એમના અવસાનને પણ ૨૯ વર્ષ થઈ ગયાં, ત્યારે તેમને વિશે વાત કરવી, હાલના સમયમાં કેટલી પ્રસ્તુત ગણાય, એવો પ્રશ્ન કોઈને થઈ શકે. આ પ્રશ્નનો જવાબ એમના પ્રથમ કાવ્યસંગ્રહ 'અર્ચન'ના એક કાવ્યમાંથી જ મેળવીએ. પિતરાઈ ભાઈ પ્રબોધ ભટ્ટ (ધ્રુવ ભટ્ટના પિતા) સાથે સંયુક્ત રીતે 'અર્ચન' પ્રગટ થયેલો. એમાંનું એક કાવ્ય છે ''સૌથી મોટો પ્રશ્ન.'' વર્ગમાં એક વખત શિક્ષક પ્રશ્ન કરે છે : માનવજાત સામે સૌથી મોટો પ્રશ્ન કયો ? જાતજાતના જવાબ બધા આપે છે પણ શિક્ષકને સંતોષ નથી ત્યારે

**'છેલ્લી બાંક, છેલ્લો રાંક છોકરો જવાબ દે :**
**''સાબ ! સાબ ! પ્રશ્ન એક રોટલાનો મોટો છે.'''**

જ્યાં સુધી માણસનાં પેટ ભૂખ્યાં રહેશે, ત્યાં લગી આ કવિ પ્રસ્તુત જ રહેશે. કાવ્યસંગ્રહો, નવલકથા, વ્યક્તિચિત્રો, નિબંધો, અનુવાદ, સંપાદન એમ અનેક ક્ષેત્રમાં પ્રદાન કરનારા મુકુન્દરાયના 'અલકા' કાવ્ય પાછળનો ઇતિહાસ રસિક છે. એમણે 'મેઘદૂતમ્' વાંચેલું. એના થોડા સમય પછી થયું કે બહુ ઉતાવળે વાંચવાથી ઘણુંબધું પોતાની ચુકાઈ ગયું છે. કઈ વસ્તુઓ ચુકાઈ હશે ? તો કહે, પહેલો વરસાદ પડે અને

છોકરાંઓ ન્હાવા નીકળી પડે ! જે રીતે તેઓ ન્હાતાં હોય અને વરસાદને ઝીલતાં હોય તે કંઈ કાલિદાસ ચૂકે ? અને અષાઢ મહિનામાં વરસાદ શરૂ થતાં ચતુર્માસને કારણે મંદિરમાં ભજનકીર્તન થતાં હોય, ઈશ્વરસ્મરણ ચાલતું હોય, એનું વર્ણન પણ કાલિદાસે કર્યું જ હોય ને ? એમણે ફરીથી 'મેઘદૂતમ્' વાંચ્યું અને એમને લાગ્યું કે એમાં તો આ વાતો નથી, એટલે એમણે બીજાં બધાં સંસ્કૃત કાવ્યો, નાટકો વગેરેમાં લખાયેલાં ઋતુઓનાં વર્ણનો સંગ્રહિત કર્યાં અને એમાંથી 'અલકા' જન્મ્યું. ગુજરાતી સાહિત્ય અને ભાષાના અભ્યાસીઓ 'વસંતવિલાસ ફાગુ' નામની કૃતિથી પરિચિત છે. મધ્યકાળનું આપણું ઉત્તમ ફાગુકાવ્ય. એના કવિ અજ્ઞાત છે. પરંતુ એ કવિએ જે જે વર્ણનો આપ્યાં છે એના સમર્થનમાં સંસ્કૃત અને પ્રાકૃતમાંથી એવાં જ સમાન વર્ણનોની પંક્તિઓ મૂકી આપી છે. આજે જ્યારે આપણે આંતરકૃતિત્વની વાત કરતાં હોઈએ તો એ સ્મરણમાં રહેવું ઘટે કે મુકુન્દરાય વર્ષો પહેલાં એનો પ્રયોગ કરી ચૂક્યા છે.

મુકુન્દરાય પારાશર્યની મૂળ અટક તો ભટ્ટ. પરિસ્થિતિવશાત્ એમના પ્રપિતામહ પોરબંદર છોડીને મોરબી આવીને વસ્યા. આ કુટુંબના એક સભ્ય અને મુકુન્દરાયના પિતરાઈ કાકા પ્રભાશંકર રાજકોટની કૉલેજમાં અભ્યાસ કરતા હતા. જેમના પિતામહ પાસે અઢળક સંપત્તિ હતી, પરંતુ યાત્રા કર્યા પછી સર્વ સંપત્તિ સમાજને અર્પણ કરી દીધેલી, એવા પ્રભાશંકરે એક ભટ્ટ પરિવારમાં જમવું પડતું. એક વખત એ પરિવારની એક મહિલાએ ભટ્ટ અટક સંબંધે મહેણું મારતાં કહ્યું : "તમે શાના ભટ્ટ ? ખરા ભટ્ટ તો અમે. અમારે (શરીરના એક અંગનો સંકેત કરીને) જે હોય, તે તો તમારે કપાળે પણ ન હોય !" અને મહેણાના માર્યા પ્રભાશંકરે પોતાની ભટ્ટ અટક ત્યજી, પટ્ટણી બન્યા. એમના ભત્રીજા મુકુન્દરાયે પટ્ટણી અટક ત્યજી, કવિતા લખતી વખતે પરાશર ગોત્રના હોવાને કારણે 'પારાશર્ય' ઉપનામ ધારણ કર્યું અને એ જ એમની ઓળખ બની ગઈ. એક જ પરિવાર ભટ્ટ, પટ્ટણી, પારાશર્ય એમ આગળ વધતો ગયો.

મુકુન્દરાયના પિતા વિજયશંકર પટ્ટણીએ અનેક વ્યવસાયો કરેલા. સૌરાષ્ટ્રમાં ખાંડસરીનું પહેલવહેલું કારખાનું એમણે નાખેલું. ભારતીય સિનેમાના ઉષાકાળે ફિલ્મ-નિર્માણ અને વિતરણકંપની ભાઈ ચંપકલાલ સાથે શરૂ કરી. પરંતુ કુટુંબના સભ્યોને તો સિનેમાજગતથી અળગા જ રાખ્યા. ઘરનું વાતાવરણ તો અત્યંત સંસ્કારી તથા આધ્યાત્મિક શ્રદ્ધાથી ભરેલું. બાળક માંદું પડે તો ઔષધ તો આપવાનું. પરંતુ સાથે સાથે ઘરના વડીલો માંદાની પથારી પાસે બેસી, માથે હાથ ફેરવતાં ફેરવતાં વિવિધ સ્તોત્રો બોલે. રોજ સવારે અને સાંજે પણ ઘરમાં સમૂહપ્રાર્થના થાય. ઋતુઓની સાથે પ્રાર્થના પણ બદલાય. આ જે સંસ્કારો હતા તેણે મુકુન્દરાયની કાવ્યબાની પર સંસ્કૃત શૈલી તથા તત્સમ શબ્દોનો પ્રભાવ પાડ્યો. એમણે જીવનમાં અને સાહિત્યમાં સદ્‌ની શોધ આદરી. અને એમના સર્જનમાં તથા જીવનમાં તે પ્રગટ્યું પણ ખરું.

મુકુન્દરાય પારાશર્ય આપણા એવા કવિ છે, જેમની પ્રભુભક્તિની કવિતાનો સ્વર

જરા નોખા પ્રકારનો છે. એમણે ઈશ્વરને શોધ્યો છે, અનુભવ્યો છે, પરંતુ એમને સંસાર અસાર લાગ્યો નથી. એમનું એક કાવ્ય આપણને આ વાતની પ્રતીતિ કરાવે છે. કવિ સંસારને ચાહતા ચાહતા ઈશ્વર લગી પહોંચવાનો જે પુરુષાર્થ આદરે છે, તે આ કાવ્યમાં જોવા મળે છે. કાવ્યનું શીર્ષક છે : 'ધરતીને અડીને.' કાવ્યની નાયિકા જીવનના બધા જ અનુભવોમાંથી પસાર થઈ ચૂકેલી એક વૃદ્ધા છે. એક વખત એને અચાનક આભ નજીક આવી ગયેલું કળાય છે, એ આભમાં ચડીને સ્વર્ગમાં જાય છે. દેવતાઓને, સંતોને જુએ છે, સ્વયં રાધાવરને – હરિને પણ મળે છે. હરિ એને સ્વર્ગ દેખાડે છે, સ્વર્ગગંગાનું પાણી ચખાડે છે, પછી રોકાઈ જવાનું આમંત્રણ આપે છે. પરંતુ નાયિકા રોકાતી નથી. કેમ?

**''ગમતું'તું બેસવું પણ લાગ્યું ઈ વસમું; કીધું મેં 'નાથ, હવે જાઉં ?'**
**'કાં' ? એક બાજુમાં સુવાવડી વહુને સમજાવી રાબ જરા પાઉં.**
**ને સામી શેરીની મંદિરની ટેકવાળી આંધળી ડોશીને દોરું.''**

આ કવિના ભગવાન સંસ્કૃત નથી બોલતા, રોજની બોલચાલની ભાષામાં 'કાં' પૂછીને ઊભા રહે છે. નાયિકાને ન રોકાવા પાછળનાં કારણો અત્યંત માનવીય છે, સ્વાર્થ વિનાની માનવસેવા એને પૃથ્વી પર જ રોકી રાખે છે. આ કાવ્યની છેલ્લી કડીમાં કવિ પોતાને લાધેલું ભક્તિનું રહસ્ય આપણી પાસે ખોલી આપે છે :

**''જેને સંભારીને દળણાં દળું ને ગાઉં પરભાતિયાં ખાંતે,**
**દિ શું કે રાત, કરું કામ એને નામ, બેન, જીવું હું એમને નાતે.''**

પોતાને સોંપાયેલા કર્તવ્યથી ચલિત થયા વિના, સંસારી જવાબદારીઓની વચ્ચે રહીને ઈશ્વરને પામવાનો માર્ગ શોધતી આ નાયિકા અને એનું કાવ્ય ગુજરાતી ભાષાની સાદગી અને તળપદી મીઠાશનું સુંદર ઉદાહરણ બન્યું છે.

મુકુન્દરાય પારાશર્યને મુઠ્ઠી ભરીને નહીં, ખોબાઓ ભરીને મુશ્કેલીઓ, સમસ્યાઓ અને દુઃખ આપ્યાં, પરંતુ એમની વાણીમાં કે વ્યવહારમાં ક્યાંય કટુતા ન આવી. પીએચ.ડી.નો અભ્યાસ શરૂ કર્યો, મહાનિબંધની હસ્તપ્રત ઊધઈ ખાઈ ગઈ. કાવ્યસંગ્રહ 'ભદ્રા'ની હસ્તપ્રત રેલગાડીમાં ચોરાયેલી પેટી સાથે જતી રહી. નવલકથા 'ગૌરી'નાં ૧૧૧ પૃષ્ઠ છપાયાં અને બાકીની પ્રત ખોવાઈ ગઈ. ચરમસીમા તો ત્યારે આવી, જ્યારે ભાવનગર રાજ્યની નોકરી કરતાં મુકુન્દરાયને સ્વતંત્રતાને કારણે રાજ્યોનું સ્વતંત્ર ભારતમાં વિલિનીકરણ થતાં ઘેર બેસવું પડે તેવી સ્થિતિ જન્મી. ખાનગી કંપનીમાં નોકરી કરવાનો વારો આવ્યો, જ્યાં ઓછામાં ઓછા પગાર સાથે કામ કર્યું. તોપણ એમની નીતિ, વૃત્તિ જરા પણ બદલાયાં નહીં. એ નિર્મળ અને સ્વચ્છ મન સાથે જ જીવ્યા. એટલે તો ગુલાબદાસ બ્રોકર લખે છે : ''હું ઘણા બધા માણસોને ઓળખું છું. પણ જેને જોઈને તરત જ મારા મનમાં થાય કે આ પ્રભુનો માણસ, એવા બહુ ઓછા માણસો મેં જોયા છે. અને મારા મિત્ર મુકુન્દરાય પારાશર્ય એમાંના એક છે એ વાતનું મને ગૌરવ છે.''

હરીન્દ્ર દવેએ મુકુન્દરાય પારાશર્યને લખેલું, ''તમારી સત્યકથાઓ અને થોડી સચ્ચાઈભરી કવિતાઓને કારણે આ ભાષા બોલતો દરેક માનવ તમારો કૃતજ્ઞ રહેશે.'' ઉમાશંકર જોશીએ મુકુન્દરાયના મૃત્યુ પછી પરિવારને જે પત્ર લખ્યો, તેમાં લખ્યું હતું, ''ભરતકુંજમાં (મુકુન્દરાયના ઘરમાં) જ્યારે આવું છું ત્યારે હું તપોવનમાં પ્રવેશતો હોઉં એવો અનુભવ થાય છે. ...મુકુન્દરાય અહીં હતા ત્યારે પણ આપણા ક્યાં રહ્યા હતા ? એ ભગવાનના માણસ થઈ ગયા હતા અને અત્યારે ભગવાનના માણસ તરીકે જ આપણી વચ્ચે છે.'' આ મુકુન્દરાયને ઓળખાવવા તેમનો એક દુહો જ આપણને મદદ કરે છે :

**''મરને તળિયે જીવીયેં દુનિયા દેખે નૈં,**
**મકના, એવી છીપ થા કે મોતી પાકે મૈં.''**

તળિયે જીવતાં હોઈએ અને દુનિયાને ખબર પણ ન પડે કે છીપલી ક્યાં છે ? બધો જ ભાર, રેતી, માછલીઓ, પાણીનું વજન ઝીલતાં ઝીલતાં અંદર મોતી પકવવાનું; એવું મોતી, જેની કિંમત અબજોમાં અંકાય.

મુકુન્દરાય પારાશર્યની વાત કરવી હોય તો એમની સત્યકથાઓ અને એમાં પણ ખાસ કરીને 'મારી મોટીબા'ની વાત તો કરવી જ પડે. મોટીબા એટલે એમનાં દાદી અવલકુંવર. પાછલાં વર્ષોમાં ચર્મચક્ષુ ગુમાવેલાં, પરંતુ અંતરની આંખ બહુ આઘેનું જોઈ શકતી હતી. મોટી મોટી વ્યક્તિઓ એમની સલાહ લેવા આવે. મોટીબા જે ડહાપણની વાતો કરે, એ સાંભળી સાંભળીને મુકુન્દરાયનું ચારિત્ર્ય ઘડાયું. એમને મોટીબાની વાતો નોંધવાનું મન થયું. પિતાને પૂછ્યું તો પિતાનો જવાબ શો હતો ? ''માત્ર લખવા ખાતર જ લખવું છે કે એને જીવવું પણ છે ?'' મોટીબા સાથેની થોડી ઘટનાઓ જોઈએ.

દસબાર વર્ષના મુકુન્દરાય ઘરમાં હતા અને બારણે કોઈ ભિખારી આવ્યો. મોટીબાએ અવાજ સાંભળીને છોકરાઓને ભિખારીને કંઈક આપવાનું કહ્યું. એકાદ દીકરાએ કહ્યું : ''આપીએ તો એને રોજ માગવાની ટેવ પડી જાય.'' મુકુન્દરાયે કહ્યું : ''આટલાં બધાં ઘર ફર્યો તે કોઈએ આપ્યું નહીં હોય ? આપણે આપવાની શું જરૂર છે ?'' મોટીબાએ જવાબમાં જીવનનો બહુ મોટો પાઠ શિખવાડ્યો : ''બધાંએ તમારી જેમ જ માન્યું હશે ને ! અને ભીખ માગવી ખરાબ છે એ વાત સાચી, પણ જેને જરૂરિયાત હોય એ માગે અને જેની પાસે એ જરૂરિયાત સંતોષવાની વસ્તુ હોય તે આપવાની ના પાડે એ એથી પણ ખરાબ છે. ભૂખ્યો તો દુશ્મન પણ ઘેર આવે ને તોપણ એને ખાવાનું આપવું જોઈએ.''

દુકાળનું વર્ષ હતું. ઘરમાં ધાન ખૂટવા આવેલું, તોપણ મોટીબા અનાથ બાળકોને પોતાને આંગણે લઈ આવતાં. કેટલાંય દીકરી-દીકરાઓને એમણે મોટાં કર્યાં. દીકરીઓ પરણીને સાસરે ગઈ પછી પોતાના પિયરની જગાએ મોટીબાના ખોળાને જ પોતાનો આશરો માને. નાતજાતના ભેદભાવ વિના મોટીબાએ બધાંને પોતાની પાંખમાં લીધેલાં. કડવા અનુભવો પણ થયા હશે. પરંતુ મોટીબાનું માનવું હતું, ''દરેક માણસમાં સારપ

અને ખરાબી તો હોવાની જ. આપણો જેવો સ્વભાવ એવું આપણે લેવાનું.'' મુકુન્દરાયે મોટીબા પાસેથી અનેક લોકો વિશે જાતજાતની વાતો સાંભળી, તેમને લાગ્યું; આ સમયખંડ ધીમે ધીમે નષ્ટ થઈ રહ્યો છે. આ જે મનુષ્યો છે, તે બધા હવે જોવા ન પણ મળે. આ બધા જાણે સતજુગી જીવ છે. એમણે સત્યકથાઓમાં આવા સાચકલા જીવોની ઓળખ કરાવી.

એક આવો જીવ છે સામા પટેલ. વયોવૃદ્ધ થયા, શરીરે સાથ આપવાનું છોડ્યું, ત્યારે એમણે ગામની સીમના એક માત્ર વડલા પાસે આઠ-નવ પીંપર વાવી. બન્યું એવું કે એ વરસે વરસાદ મોળો થયો, તો સામા પટેલના કૂવામાં પાણી ખૂટી ગયું. તો થોડે દૂર એક કૂઈ, ત્યાંથી એ પાણીની કાવડ ભરી આવે અને પીંપરને પાય. રસ્તે જતાં કોઈએ પૂછ્યું : ''ભાભા, હાથ-પગ હાલતા નથી ને આટલું પાણી કાં લઈ આવો ? રહેવા દો ને !'' તો સામા પટેલ કહે, 'આ એવો મારગ છે કે રસ્તા માથે કોઈ ઝાડવું નથી. લોકો અહીંથી ચાલતા પસાર થાય. જરાક છાંયો હોય તો બે ઘડી ઢોર બેસે, માણાં વિસામો ખાય, પંખીડાં બેસે, એના માટે થઈને વાવું છું.'' તો પે'લા માણસે કહ્યું, ''વાવવું હોય તો એકાદ ઝાડવું વાવો, આટલાં બધાં કાં વાવો !'' સામા પટેલે જે જવાબ આપ્યો એ તો કોઈ પર્યાવરણવિદને પણ ન સૂઝે ! ''ભાઈ, આપણે ગામમાં રહેતાં હોઈએ એટલે એકબીજાને મળતાં હોઈએ, પણ સીમમાં રહેતાં હોઈએ તો કોઈને મળવાનું મન થાય તો ગામમાં જઈને મળી આવીએ. પણ ઝાડવું સીમમાં હોય તો એનેય એકલું લાગે ને ? એનેય કો'કને મળવું થાય તો ઈ જાય ક્યાં ? એટલે આ આઠ-નવ પીંપર વાવું છું.'' આજે આપણે પર્યાવરણની વાતો કરીએ છીએ, દિવસો, મહિના અને વર્ષ ઊજવીએ છીએ, પરંતુ પર્યાવરણ માટેનો આ પ્રેમ ક્યાં ?

દાનો કોળી, મૂળવાજી ઠાકોરનો વફાદાર પ્રજાજન. ગામનો વેપારી અને કારભારી. હાલતાં ને ચાલતાં મૂળજી ઠાકોરને હડે હડે કરે. દાનાથી આ સહન ન થાય. ક્યારેય ચોરી ન કરવાની પ્રતિજ્ઞા લીધી હોવા છતાં એણે એ બંનેને ત્યાં ચોરી કરી. કોઈને ચોર કોણ હતો તે ખબર જ ન પડી. ઘણો વખત વીતી ગયા પછી દાનાએ દરબારમાં ચોરીની કબૂલાત કરી. સોનાના સિક્કા જે રેશમી કોથળીમાં રાખ્યા હતા એ કોથળી સડી ગઈ હતી, પણ એકે સિક્કો ઓછો થયો ન હતો. એને પૂછવામાં આવ્યું, ''તેં આમાંથી કશું લીધું કેમ નહીં ?'' જવાબ મળ્યો, ''લેવાતું હશે ? લઈએ તો પાપ પડે. આ ચોરી કરી તેમાં તો મારો બાપ મરી ગયો. આ રૂપિયો વાપર્યો હોત તો મારું શું થાત ? મારાથી તો બાપુનું અપમાન સહન થતું ન હતું એટલે એમને પાઠ ભણાવવા મેં આ ચોરી કરી હતી !'' આ દાનાને મૂળવાજી ઠાકોરે ચોકીદાર બનાવ્યો. અને થોડા સમય પછી મુકુન્દરાયના પિતામહ જે વૈદ્ય હતા, તેમની સાથે કામે લાગ્યો. એક વખત દાદાએ દોથો ભરીને (ખોબો ભરીને) કોઈ વનસ્પતિ લાવવાનું કામ સોંપ્યું. દાનો થોડાં જ મૂળિયાં લઈને આવ્યો અને એમ કરવાનું કારણ આપતાં જણાવ્યું કે ''હું જ્યારે મૂળિયાં લેવા

વહેલી સવારે ગયો, ત્યારે પવનની લહેરખીમાં પાંદડાં આછું આછું લહેરાતાં હતાં. એના પર પાણીનાં ટીપાં પડ્યાં હતાં. મને થયું કે એને ઉખેડવાનું પાપ મારાથી કેમ થાય ? મને બીજું કોઈ કામ આપો, ઉગાડવાનું, ઉછેરવાનું કામ સોંપો, ઉખેડવાનું નહીં.'' આ બધા માણસો ક્યાં ખોવાઈ ગયા ? ઇતિહાસમાં આ કોઈનાં નામ લખાવાનાં નથી. ઇતિહાસ તો માત્ર રાજા-મહારાજાનો લખાય છે, જેમણે લાશના ઢગલા પાડ્યા હોય. જેમણે લોકોનાં પેટ ભરવા તનતોડ મહેનત કરી હોય, વૃક્ષો ઊગાડ્યાં હોય, પરસેવો પાડ્યો હોય, એની વાત આપણે ક્યારેય ઇતિહાસમાં લખવાના નથી. મુકુન્દરાય આવી વ્યક્તિઓને શબ્દના માધ્યમથી સજીવ કરે છે. એક મેઘાણી હતા, જેમણે વીતી ગયેલા સમયના સોરઠની વીરતા, ટેક, પ્રેમ, શૌર્યને પોતાના સાહિત્ય દ્વારા અમર કરી દીધાં. મુકુન્દરાય પારાશર્ય એવા વિશાળ પાયા પર તો નહીં, પણ સમાજના એક નાના ખૂણામાં મૂલ્યો સાચવવાની મથામણ કરતા માણસોને આપણી સામે મૂકી આપે છે.

કોઈને આ ચિત્રો એકાંગી લાગે, અહીં અખિલ દર્શન નથી, એવું પણ લાગે. મુકુન્દરાય એનો જવાબ આ રીતે આપે છે : ''બધું જ જોઈ શકાય છે, બધું જ દેખાય છે પણ મારો આશય, મારો હેતુ તો પહેલેથી જ જીવનની ઉત્તમ બાજુઓ જોવાનો અને એનું જ આલેખન કરવાનો છે. જેને કારણે સદ્‌જીવન લોકો સુધી પહોંચતું થાય.''

પારાશર્યનાં મોટીબાનાં એક બહેનનું નામ દયામાસી. સૌજન્ય અને સહનશીલતાનું મૂર્તિમંત રૂપ. મોટીબાનાં માતા દયામાસીને નાનપણમાં મૂકીને મૃત્યુ પામેલાં. દયામાસી બહેનને સાસરે મોટાં થયાં જેમની સાથે લગ્ન થયાં એ અંબાશંકર ભટ્ટ સમાજની દૃષ્ટિએ ખૂબ સારા માણસ, પરંતુ પત્ની અને બાળકો સાથે અત્યંત ક્રૂરતાથી વર્તે. વાતે વાતે, હાલતાં ને ચાલતાં, ડગલે ને પગલે, પત્ની અને બાળકોને મારે. પરિણામે મોટો દીકરો માનસિક રીતે અસ્વસ્થ બની ગયેલો. દયામાસી સતત માંદાં રહે. મોટીબાએ બહેનનું દુઃખ ન જોવાતાં પોતાને ઘેર એમને આશ્રય આપ્યો. અંબાશંકર ભટ્ટ પોતાને ભગવાન મળી ગયાની જાહેરાત કરી, જવાબદારીમાંથી છટકીને મંદિરમાં રહેવા જતા રહ્યા. પરંતુ ઘેર આવે ત્યારે પત્નીને મારી મારીને પોતે હજી સંસારી છે એવી પ્રતીતિ કરાવે. બાફેલા બટેટાના પાણીમાં ચા-ખાંડ નાખી, માસીને પિવરાવે, સંગ્રહણીના દર્દી માસીના ઝાડા ફૂટી જાય, તો માસા કહે, ''બહુ સારું, પેટ સાફ થઈ જશે.'' માસીનું આખું ગર્ભાશય બહાર આવી ગયેલું, એવી હાલતમાં પણ માસાને દયા ન આવે. પરંતુ દયામાસીના મોંમાંથી એક કડવો શબ્દ ન નીકળે ! મૃત્યુની પળે પણ એમના મોંમાંથી એક જ વાત નીકળે, ''પ્રભુ ! મને સદ્‌બુદ્ધિ આપજે !'' મુકુન્દરાય પારાશર્ય વીતી ગયેલા જમાનાને ટકાવનારી આવી સ્તંભરૂપ વ્યક્તિઓના વિવિધ રૂપ આપણી પાસે ખોલતા જાય છે.

મુકુન્દરાય પારાશર્યે પોતાના જીવન પર ત્રણ વ્યક્તિઓનો પ્રભાવ સ્વીકારેલો : મોટીબા, પિતા વિજયશંકર અને પિતરાઈ કાકા પ્રભાશંકર પટ્ટણી. ભાવનગરના દીવાન પટ્ટણીસાહેબે પોતાની હયાતીમાં પોતાનું જીવનચરિત્ર લખવા દીધું નહીં. એમના મૃત્યુ

પછી મુકુન્દરાયને થયું કે જો જીવનચરિત્ર નહીં લખાય, તો પ્રભાશંકર પટ્ટણીનાં જીવનનાં ઘણાંબધાં પાસાં વણઊઘડ્યાં જ રહેશે. આખરે અનંતરાય પટ્ટણીની પરવાનગી પછી એમણે 'કુમાર'માં લેખમાળા કરી.

પ્રભાશંકર પટ્ટણીએ જ્યારે ભાવનગરની ધુરા સંભાળી, ત્યારે રાજ્યની સિલક રોકડા રૂપિયા આઠ હજાર, ઝવેરાતમાં મોતીની એક માળા અને લાખો રૂપિયાનું દેવું હતું. જ્યારે એમણે ભાવનગરની જવાબદારી છોડી ત્યારે ભાવનગર રાજ્ય પાસે રોકડ રકમ હતી ૧૮ કરોડ રૂપિયા, અનેક ફંડ, સ્ટેટ બૅંક ઑફ સૌરાષ્ટ્ર તથા બીજી કેટલીય અસ્કમતો ! ગાંધીજી પણ પટ્ટણીસાહેબની સલાહ લે અને અંગ્રેજ અધિકારી પણ એમનો વિશ્વાસ કરે. માત્ર એક ઘટના નોંધીએ. એક અંગ્રેજ અધિકારી કીલીથી નિવૃત્ત પ્રભાશંકરનો પ્રભાવ જરા પણ સહન ન થાય, વારંવાર તેમને અપમાનિત કરવાનો પ્રયત્ન કરે. મોરબીના રાજકુમારનાં લગ્ન હતાં. પ્રભાશંકરની મોટર છેલ્લી રહે તેવો કીલીએ કારસો રચ્યો. પ્રભાશંકર આ સ્વભાવ જાણે એટલે મોટરમાં બેઠા જ નહીં. જેવો વરઘોડો રસ્તા પર આવ્યો કે લોકોના ટોળામાંથી પ્રભાશંકર બહાર આવ્યા અને વરઘોડાની લગામ ઝાલીને ચાલવા માંડ્યા. મહારાજા લખધીરસિંહજીએ કહ્યું, ''પ્રભાશંકરભાઈ, આમ હોય ! આવો મોટરમાં.'' અને એની મોટરને છેલ્લે રાખવાની વાત હતી, તે પહેલી મોટરમાં બેઠા. પરંતુ આ જ કીલી નિવૃત્ત થયા પછી આર્થિક સંકડામણ અનુભવતા હતા, ત્યારે પ્રભાશંકર પટ્ટણીએ અંગત રીતે મદદ કરી હતી. ગુજરાતના વિચક્ષણ દીવાન પ્રભાશંકર પટ્ટણીનાં જીવનનાં ઉત્તમ પાસાંઓથી ગુજરાત અજાણ્યું જ રહી જાત, જો મુકુન્દરાયે આ વ્યક્તિત્વદર્શન કરાવ્યું ન હોત !

કવિ, નવલકથાકાર, વિવેચક, સંપાદક, જીવનચરિત્રકાર અને ઉત્તમ મનુષ્ય એવા મુકુન્દરાય પારાશર્યની જે છબિ મેં મારા અંતરપટ પર ઝીલી, તેનો લગરીક પરિચય, અહીં કરાવ્યો છે. એમની જ પંક્તિઓ સાથે આ વાત સમેટીએ.

**ઊભું વરસ દિવાળી જ રે'**
**જેના રુદિયામાં રામ,**
**હરખ સંતોષ ગાજે સામટો,**
**ખોરડું નૈં, આખું ગામ,**
**નવા રે વરસના, બાપા, રામરામ.**

□

## 'મરદ કસુંબલ રંગ ચડે' :

## આત્મસન્માન કાજે ખપી જતા ભડવીરની કથા | ડૉ. ગંગારામ મકવાણા

પ્રવીણ ગઢવી કૃત 'મરદકસુંબલ રંગ ચડે' વાર્તામાં કર્મ અને ધર્મ બખૂબી નિભાવતા અને અંતે ભડભડ બળતી આગમાં આત્મસન્માન કાજે ખપી જતા ભડવીરની અકથ્ય વેદનાને હૃદયસ્પર્શી અભિવ્યક્તિ સાંપડી છે.

વાર્તાનાયક દુદો ગામનો ઢોલી છે. પિતાના પરંપરાગત વ્યવસાયમાં જોડાયેલો છે. ઢોલની થાપનો એ કસબી છે. પિતા આભા જેવો. વાર્તારંભે સમગ્ર વાર્તામાં બનતી ઘટનાઓનો સર્જકે સાર આપી દીધો છે. પરંતુ આગળ વધતી વાર્તાની રજૂઆત આસ્વાદ્ય બની છે.

''સૂકાં ઈંધણાંની જેમ ભડભડ સળગતો હતો દુદો. નસ નસમાં આગ. રૂએ રૂએ ભડકા. ઢોલની દોરીઓ એ ખેંચતો હતો. મૂઆ ઢોરની આંતરડીઓ ખેંચાતી હતી, ઢોલ તડીમતૂમ. છોડીનું પેટ તડીમતૂમ. થાપ પડે અને આભ હેઠું પડે. ડુંગરા ગડગડી પડે. વાદળ ફાટી જાય. પાટા ભેળો બબુજીના લોહીમાંસનો લોચો બહાર નીકળી જાય. શિયાળવાં રોતાં થંભી જાય. ભીંતના પોપડા ખરી પડે. સાત વાર ભાંગેલું ગામ, આઠમી વાર ભાંગી પડે. આ ઢોલ. દુદાનો ઢોલ. બાપ આભાએ આપેલો ઢોલ. આખું ગામ પરણાવ્યું છે આ ઢોલે. કોળીઓનાં વિ'વાટાણે આખી રાત નાચતો-કૂદતો-ઠેકતો ઘૂમતો આ ઢોલ. નાચશે નહિ. કૂદશે નહિ. એક થાપે ફાટી પડશે અને ગામ આખ્ખું ભડકે. આઠમી વાર ગામનું સત્યાનાશ. એક બબુજી પાક્યો આ ગામનો દુશ્મન. આગ...આગ... ચો તરફ આગ... દુદો એક પગે નાચશે ભડભડતી આગ વચ્ચે. ફુદરડી લેશે. થાપ દેશે ફાટેલા ઢોલ પર અને ભડ ભડ આગ. એની નસો ફાટતી હતી. લમણામાં કરસન લવારના ઘણ પડતા હતા ધમ...ધણ...

સાંઠીઓનો ભારો ઝૂડતો હોય એમ ઝૂડી નાંખી હતી બૈરીને-છોડીને અને બે નાગાંપૂગાં છોકરાંને. રોકકળ મચી ગઈ હતી મોલ્લાના માળામાં. ચકલાં જાણે ચીં...ચીં... બબુજી માંજરી આંખોવાળો બિલાડો. પાગલ બની ગયો હતો દુદો. બૈરીનો બરડો ફાડી નાંખ્યો બિચ્ચારીનો વગર વાંકે. છોડીનો ચોટલો ઝાલી ગોળ ગોળ ઘુમાવી. બે હાંડલાં ફોડ્યાં. પેટમાં ઠોકી દીધી લાત.'' (પૃ.૧,૨) આ સમગ્ર ઘટનાક્રમ અતિ અર્થપૂર્ણ છે. 'છોડીનું પેટ તડીમતૂમ.' 'દુદો એક પગે નાચશે ભડભડતી આગ વચ્ચે' આ સંદર્ભથી દુદાના જીવનમાં, દીકરીના જીવનમાં કાંઈ અજુગતું બનવાનું છે તેનાં એંધાણ આવી જાય છે.

દુદો બૂંગિયા ઢોલથી ''નાચનો વગાડે તો પેટમાંનું છોરુંયે નાચે. નાનપણથી બાપની સાથોસાથ રહી શીખેલો... કોળીઓના વિવામાં પહેલી ધારનો પવાલો પી દે થાપ તે પરોઢે ઊગે સૂરજદાદો વહેલા. આખી રાત. ન થાકે દુદો કે ન થાકે કોળિયુંની છોડિયું.'' (પૃ.૨) દુદો ભજનનો પણ ઘેલો છે. રઈદાસની વાણી એના ગળામાંથી ગામની નદીની જેમ નીકળે છે. એટલે કે, દુદો જેવો ઢોલની થાપનો કસબી છે એટલો જ ભજનવાણીનો

કલાકાર જીવ છે. તંબૂરો લઈ દુદો ભજન ગાય ત્યારે ''ભજન ગાતે ગાતે પરથમીનાં પડ વીંધી નીકળી જાય કોક લોકમાં.'' (પૃ.૨) એટલે કે અલૌકિક જગતનાં દર્શન કરાવવાની ક્ષમતા તેનામાં છે.

પત્ની અને દીકરી બબુજીના ખેતરમાં નીંદામણે-મજૂરીએ જાય છે. પણ દુદો ક્યારેય ખેતરે ગયો નથી. દાતરડું કદી પકડ્યું નથી. બબુજી ગામનો માથાભારે માણસ. ''ઊંઘમાંથી ઊઠે ત્યારથી દારૂના ઘેનમાં. ઘોડાનેય ડોલ ભરી દારૂ પાય. ઘોડે ચડી નીકળે ત્યારે બેય ઘેનમાં ઘેઘૂર. કટારી જેવી મૂછો. આમ હાડકાંનો માળો. પણ લાલ આંખ કરે ત્યારે કોઈનો નૈ. ભલભલા પટેલિયાને ઉઘાડા બરડે ઝૂડ્યા... બબુજી ચોવીસ કલાક ઘેઘૂર.'' (પૃ. ૧, ૨) બજારે નીકળે ત્યારે વાણિયા ઊભા થૈ જાય. આવા માથાભારે માણસે પોતાની સગી બેનને ગળે ટૂંપો દઈને મારી નાખી છે. કારણ માત્ર ગામના મગન વાળંદ સામે હસી, એટલું જ. ગામલોક તેના અહમ્‌ને પોષતા 'આવો બાપુ...આવો બાપુ...' કહેતાં.

આ બબુજીએ પોતાના ખેતરે એકલી નીંદામણે આવેલી દુદાની દીકરી પર કુકર્મ આચર્યું. પોતાના પરંપરાગત વ્યવસાયમાં પોતાનું કર્મ કર્યે જતો દુદો ખિજાયો. આવા સમયે પોતાનો ધર્મ શું છે ? એ સારી રીતે જાણે છે ! કોળીઓના વાસમાં જઈ દુદાએ હાંડલું ભરી દારૂ પીધો. કહેવાય છે કે દારૂ પીને માણસ સત્ય હકીકત પર આવી જાય છે. અહીં આપણને દલપત ચૌહાણની 'દરબાર' વાર્તાના 'માસ્તર' યાદ આવે. દુદો આક્રોશમાં પત્નીને ઝૂડતાં કહે છ – ''રાંડ, તારો જ વાંક. છોડીને નીંદામણે એકલી જવા જ વ્યમ દીધી ? તને કોગળિયું વ્યમ ના આયું ? તાવ શીનો ? બબુજીથી ગામ થર થર. હહલા જેવી છોડીને એકલી મોકલી ખેતરે ? ને પાછી મને કહે છે કે બબુજીએ છોડીનાં લૂગડાં ફાડી નાંખ્યાં ? રાંડ, તારો બરડો ફાડી નાંખું.'' (પૃ.૩) અને પોતાની દીકરીને પણ ચોટલો ઝાલી ગોળ ગોળ ઘુમાવી. ''રાંડ, માના પેટ પથરો વ્યમ ન પાકી ? પેટમાં બબુજીનું પાપ શેં પાલવાય ? ગામમાં કૂવા-તળાવ ઓછાં પડ્યાં છે ?''(પૃ.૩) આમ કહેતાં દુદાની નસે નસમાં આગ સળગે છે. દુદો ઢોલનો કસબી અને તંબૂરાનો ભગત – ઢોલ વગાડી અને ભજનો ગાઈને ગામની સેવા કરી છે આ તેનું કર્મ. અને ધર્મ-પરિવારની રક્ષા કરવી. અહીં દુદાનાં બે રૂપ જોવા મળે છે. ઢોલથી અને ભજન ગાઈ જે ગામની સેવા કરી છે એ જ ગામનો માથાભારે બબુજી પોતાની એકની એક દીકરી પર કુકર્મ આચરે છે ત્યારે તે ક્રોધે ભરાય જાય છે. દારૂ પીએ છે – નસ નસમાં આગ સળગી રહી છે. બબુજીને ગામની બજાર વચ્ચે પકડે છે. ''મા મેલડી આવી છે જાણે. આખું શરીર ધરુજે છે. અલ્યા ગરીબ વહવાયાંની છોડી પર આટલું જોર ? જોર ના માતું હોય તો જા વડોદરા ગાયેકવાડની છોડીનો હાથ ઝાલ.''(પૃ.૩) – આટલું બોલતાં જ જાણે દુદામાં – ''કાળકા પ્રગટી દુદામાં. મારી છોડી. ગામની છોડી. કુંવારકાની લાજ લેતાં શરમાતો નથી ?''(પૃ.૩) આમ બોલતાં બોલતાં ગુસ્સાથી લાલચોળ દુદાએ 'બબુજીને બે અડબોથ ઠોકી દીધી.' મંદિરના ઓટલે બેઠેલા બધાં દોડી આવ્યાં. 'અલ્યા ગજબ,

ઢોલી ઊઠીને રાજદરબારુંને મારે ?' અહીં આપણને થાય કે એક ઉચ્ચવર્ણનો માણસ ગરીબ-વહવાયાની કુંવારી દીકરી પર કુકર્મ આચરે તો કંઈ નહીં. અને પોતાના પરિવારની રક્ષા કાજે માથું ઊંચું કરે તો બધાં જ એક બાજુ ? આ પ્રશ્ન સદીઓથી દલિતોને વિવશ કરતો આવ્યો છે. પણ દુદો જેવા ભડવીર માટે સલામ કરવાનું મન થાય !

માત્ર એક 'અડબોથ'-'લાફો' દુદાએ ઠોકી-મારી દીધો છે. ત્યારે દુદાને મારવા માટે આખું ગામ ઊમટી પડ્યું છે. આખા ગામને ઢોલના કલ્પનરૂપે સર્જકે નિરૂપ્યું છે.– ''આખ્ખું ગામ જાણે બુંગિયો ઢોલ. ધ્રબાંગ...ધ્રબાંગ...ધ્રબાંગ... દરબારોના ચોરામાં તલવારું, ભાલો, સળગતી મશાલો, પાંચ વરહનું છોકરુંયે કૂતરાં હાંકવાનું સોટું લઈ આવી ગયું. બબુજી ઘોડે ચડ્યો છે. સાફાનું છોગું ભાલા જેવું ચળકે છે. ચિક્કાર પીધો છે. આંખ્યુમાં મશાલોની રતાશ, ગાંમ ભાંગવા બહારવટિયા આવ્યા હોય અને ગોળામણની હત્યા કરવા નીકળ્યા હોય એમ બબુજી વાંહે વાંહે ગરાસિયા. વહવાયાં બચ્ચાડાં બારણાં બીડી પેહી જ્યાં ઘરમાં.''(પૃ. ૩, ૪) દુદાને મારવા નીકળેલું ગામ અને વહવાયાં-દલિતોની સ્થિતિનું સર્જકે આબેહૂબ વર્ણન કર્યું છે. અને ઢોલીવાડો સળગાવવા નીકળી પડે છે. ''બબુજી પર હાથ ઉગામ્યો ? ગજબ થઈ જ્યો બાપા... કળજગનાં એંધાણ... અલ્યા ગામના એંઠવાડ પર જીવવું ને પાછું બબુજી હાંમે હાથ ઉગામ્યો ? આ ચ્યાંનો ન્યાં ?''(પૃ.૪) અહીં આપણને થાય ઉચ્ચવર્ણનો ન્યાય 'ન્યાય' અને નીચવર્ણનો ન્યાય 'અ-ન્યાય'. અને મનના વિચારો તો જુઓ : ''હલકી વરણની છોડિયુંય હલકી. રાંડુ વંઠેલી. એકેય છોડી તો શું, બાઈડીનું ચરિતર હાજું છે મારા ભૈ ?''(પૃ.૪) જે માનસિકતા ગામ મુખે રજૂ થઈ છે તે ઉબ આવે તેવી છે.

દુદાને મારવા માટે કટક-કાફલો નીકળી પડ્યો છે. 'મશાલોનાં અજવાળાં વરતાણાં. ધૂળ પાર વિનાની ઊડે. હેકારા દેકારા. દળકટક આવિયાં ગીધડાં વિચારે, આ ચેયું મા'ભારત યુદ્ધ ?' કાફલાના વર્ણનમાં સર્જકે ઝીણી ઝીણી વિગતો મૂકી છે તે કાબિલેતારીફ છે. માણસ તો માણસ પણ જીવસૃષ્ટિ પર તેની અસર થઈ છે.

અંતઘડીએ ''ધ્રમ...ધ્રમ...ધ્રમ... દુદાની નસો ફાટે છે. ઢોલની દાંડીની બનાવી દીધી લસલસતી તલવાર. મારો બાપો. મારી લાજ રાખજે. ઢોલીડા વીરા. રાતદિ' તને પેટના છોરાથી અદકો ચાહ્યો. આજ તારા ધ્રુબાકે ધ્રૂજવા દે આ ગામનાં છોરું છોરું ને અંકાશના ચાંદા-સૂરજને.''(પૃ.૫) આમ ઢોલની દાંડીથી ઢોલને પીટતો દુદો અંતઘડીએ વિચારી રહ્યો છે. ''દુદો ભગત. ખેતરપાળ જેવો એકલો. ખભે ઢોલ, હાથમાં દાંડી, ધરબાંગ... ધરબાંગ... ધરબાંગ દધીચિનું હાડકું... ભડભડ આગની વચ્ચે ઊભો દુદો. ઢોલ ઊછળે દાંડી પડે. તાંડવ નાચ નાચે દુદો. ભડભડ આગમાં ભડથું દુદો. ધરબાંગ... ધરબાંગ... શિર પડે ધડ લડે... મરદ કસુંબલ રંગ ચડે... ધન ધન દુદા તારી જણનારી જણેતલને.'' (પૃ.૫) અંત સમયે ભાવકની આંખ બેઘડી માટે નમ થઈ જાય છે. સર્જકની જેમ આપણને પણ કહેવાનું મન થાય કે ધન્ય છે તારી જણનારી જનેતાને કે વેદનાનો ચિત્કાર કર્યા વગર

આત્મસન્માન કાજે ખપી ગયો.

ડાયરામાં લોકવાર્તા કહેવાતી હોય એ અદાથી સર્જક દુદાનો ઇતિહાસ વર્ણવતા ગયા છે. અને વાર્તાને 'શિર પડે ધડ લડે... મરદ કસુંબલ રંગ ચડે... ધન ધન દુદા તારી જણનારી જણેતલને.' વાર્તા અંત પામે છે. સર્જકે ખપમાં લીધેલી ચારણી લોકવાર્તાની શૈલી વાર્તાને એક નવું બળ આપે છે. ભાવક જાણે વાંચતા-વાંચતા લોકવાર્તા સાંભળતો હોય એ પ્રવાહમાં ખેંચાતો જાય છે. વાર્તાનો કરુણ રસ ભાવકની આંખ નમ કરી દે. દુદાનું વ્યક્તિત્વ એક મરદને છાજે તેવું છે. પોતાનું કર્મ અને ધર્મ એ બખૂબી નિભાવે છે અને અંતે મરદની જેમ ભડભડ બળતી આગમાં, વેદનાનો ચિત્કાર કર્યા વગર ખપી જાય છે. અમર બની જાય છે. ગુજરાતી વાર્તાસાહિત્ય દુદોને એક અમર પાત્ર તરીકે યાદ કરશે એમાં શંકાને કોઈ સ્થાન નથી. પરંતુ વાર્તામાં 'કોળીઓના વાસમાં જઈ હાંડલું ભરી પીધો' અને 'આખું માટલું પીધું છે હીરાજી, ઠાકોરનું' ત્યાં વિગતદોષ જોવા મળે છે. દુદાએ કોળીઓના વાસમાં જઈ દારૂ તો પીધો જ છે પણ હીરાજી, ઠાકોરને ત્યાં દારૂ પીધો છે. એમ ઉલ્લેખ આવે છે ત્યાં વિગતદોષ જોવા મળે છે. ચારણી લોકવાર્તાની રજૂઆતમાં તેમજ વિષયવસ્તુને યોગ્ય અભિવ્યક્ત કરવામાં સર્જકને સાંપડતી સફળતા નોંધપાત્ર છે.

18

---

## સાભાર સ્વીકાર

### પ્રકીર્ણ

(૬૩) **ગાજરથી કાજુકતરી** : બુદ્ધિધન ત્રિવેદી, સંવર્ધિત-૨૦૧૪, સર્વસેવા કાર્ય ટ્રસ્ટ, અમદાવાદ, પૃ. ૧૨૦, કિં. રૂ. ૧૮૦/- (૬૪) **લાગ્યું તેવું લખ્યું** : બુદ્ધિધન ત્રિવેદી, ૨૦૧૪, સર્વસેવા કાર્ય ટ્રસ્ટ, અમદાવાદ, પૃ. ૯૬, કિં. રૂ. ૧૪૦/- (૬૫) **શિક્ષક બોલે છે** : બુદ્ધિધન ત્રિવેદી, ૨૦૧૪, સર્વસેવા કાર્ય ટ્રસ્ટ, અમદાવાદ, પૃ. ૧૩૮, કિં. રૂ. ૧૬૦/- (૫૯) **પ્રેરણામૂર્તિઓ** : બુદ્ધિધન ત્રિવેદી, ૨૦૧૪, સર્વસેવા કાર્યટ્રસ્ટ, અમદાવાદ, પૃ. ૧૧૨, કિં. રૂ. ૧૬૦/- (૬૦) **જીવન વીણા** : શાંતિલાલ ગઢિયા, ૨૦૧૪, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, પૃ. ૬૪, કિં. રૂ. ૬૦/- (૬૧) **જિંદગીનો દસ્તાવેજ** : (જયંતી એમ. દલાલનું જીવન અને કવન) સંપા. ડૉ. મોહનલાલ પટેલ, નરેન્દ્ર પટેલ, ૨૦૧૪, જયંતિ એમ. દલાલ, ૧૦૩, અનુરાધા, ઇર્લા બ્રીજ, એસ. વી. રોડ, અંધેરી (વે.), મુંબઈ-૫૮, પૃ. ૨૮૮, કિં. રૂ. ૨૦૦/- (૬૨) **સ્ત્રી ઓળખ વગરનું અસ્તિત્વ** : અનુ. જયા જાની, પુનર્મુદ્રણ-૨૦૧૪, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ., મુંબઈ-અમદાવાદ, પૃ. ૭+૨૦૮, કિં. રૂ. ૧૭૫/- (૬૩) **મૂલ્ય-ઘડતરની કહેવતો** : સુરેશ ઠાકર, ૨૦૧૪, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ., મુંબઈ-અમદાવાદ, પૃ. ૯૬, કિં. રૂ. ૭૫/-

# બદલાતું નેપથ્ય

પ્રવીણ પંડ્યા

(૧)

ભરતમુનિનું 'નાટ્યશાસ્ત્ર' ભારતીય રંગભૂમિને સમજવા માટેનો એક આધારભૂત ગ્રંથ છે. પણ એની રચના ભરતે દેવોના મનોરંજન માટે કરી હતી એ વાતને હું રૂપક તરીકે જ લઉં છું. આ દેવ કોણ છે ? એનો સીધો જવાબ છે જેના માટે નાટકની રચના થઈ છે એ. એનો એકમાત્ર અર્થ એ થયો કે આ – જે સામે નાટક જોવા માટે બેઠા છે એ જ નાટકની પાછળ નાટકનું નેપથ્ય બનીને ઊભા છે. આ દેવ... એટલે પ્રેક્ષકસમુદાય... અને આ જે સામે બેઠા છે તે સતત બદલાય છે. એટલે નાટકનું નેપથ્ય પણ બદલાય છે. આ બદલાતું નેપથ્ય એટલે સમાજ, સાયંસ-ટેક્નૉલોજી અને ફેશનના બદલાતા પ્રવાહો. સત્તા-પરિવર્તનો સાથે થતી ઐતિહાસિક ઊથલપાથલો અને બદલાતી ભૂગોળ અને નાટ્યકલા સામે ઉત્તરોત્તર આવતા પડકારો. આ બધાં પરિબળો આપણને ખબર પણ ન પડે એ રીતે નાટકના નેપથ્યને સતત બદલતા રહે છે. અને એટલે આજે મને આ બદલાતા નેપથ્યની ચર્ચા કરવાનું મહત્ત્વપૂર્ણ લાગે છે. આ નવી સદીમાં જે પ્રવાહ ધસમસી રહ્યા છે એ જ પડકાર સમાન છે, શું આપણે એમાં વહીશું ? તણાઈશું ? તરીશું ? કે એને ખાળીશું ? કે પ્રતિપ્રવાહ રચીશું ?

* * *

(૨)

રંગમંચનું નેપથ્ય, એટલે કે પડદા પાછળ રહીને સેટ-લાઇટ-પ્રોપર્ટી વગેરે પ્રોવાઇડ કરતું નેપથ્ય જે ભજવાતા નાટક સાથે તાલમેલ સાધતું એને સફળતા તરફ જ લઈ જતું હોય છે. પણ મારે જે બદલાતા નેપથ્યની વાત કરવી છે તે તો ફૉર્મ અને કન્ટેન્ટને ધડમૂળથી બદલી નાખતાં પરિબળો છે. આ બદલાવ ૧૮૪૨માં શંકર શેઠે બંધાવેલા રૉયલ થિયેટરથી કે ૧૮૫૩માં સ્થપાયેલા પારસી થિયેટરથી નથી શરૂ થતો; કે નથી આરંભાતો ૧૮૮૯માં ગોવર્ધનરામની શુભેચ્છાથી આરંભાયેલ શ્રી મુંબઈ ગુજરાતી નાટક મંડળીના નભુભાઈ દ્વિવેદીના 'કાન્તા'થી. હા, આ ઘટનાઓ ભારતીય નાટકને પ્રોસિનિયમ થિયેટરમાં લાવે છે. આપણા બાપ-દાદા ભાંગવાડી જેવા પ્રોસેનિયમ થિયેટરના ડેલામાં ખાડામાં બેઠા બેઠા પેટ્રોમેક્સના પ્રકાશમાં ચીતરેલા પડદા આગળ ભજવાતા અંગ્રેજોની અસરવાળાં નાટક જોતા. હજુ પણ લોકોને રણછોડરામ ઉદયરામ, ડાહ્યાભાઈ ધોળશાજી, કવિ મણિલાલ પાગલ જેવા લેખક યાદ છે. મુંબઈના મરીન લાઇન્સ વિસ્તારના પોસ્ટ મૉર્ડનિસ્ટ ચહેલપહેલવાળા વાતાવરણમાં 'છગન રોમીયો માર્ગ' જેવું બોર્ડ દેશી

રંગભૂમિની જાહોજલાલીની યાદ અપાવે છે. આજે પણ નાટક ભણાવતા પ્રોફેસરો અશરફખાન, જયશંકર સુંદરી કે પ્રાણસુખ નાયકની વાત માંડે ત્યારે જિન્સ પહેરીને અભિનય શીખવા આવેલો વિદ્યાર્થી એ સ્થળ-કાળમાં પહોંચી જાય છે. એનીય પહેલાં ગામડાંઓના ચોકમાં મશાલના અજવાળે ભવાઈ રમાતી અને આપણે એ જોતા. એની પણ પહેલાં, જ્યાં ગુજરાતી નાટકનાં બીજ દેખાય છે ત્યાં પ્રેમાનંદ અને અસાઇતના પિતા રાજારામ ઠાકર જેવા કવિઓ હતા જે માણ વગાડીને રાત રાતભર આખ્યાન કરીને ભરપૂર મનોરંજન સાથે થોડો ઉપદેશ પાઈ દેતા. આ સતત બદલાતા નેપથ્ય સાથે નાટ્યકારે પનારો પાડવાનો હોય છે. અહીં ક્રિએટિવ સ્ટ્રગલ પણ છે, ટકી રહેવા માટેનાં સમાધાનો પણ છે, ક્યાંક નાટ્યકાર ચીલો ચાતરે છે તો ક્યાંક ચીલામાં એટલો ઊંડો ઊતરી જાય છે કે એ દેખાતો સંભળાતો નથી. મારે વાત તો નવી સદીમાં બદલાયેલા નેપથ્યની જ કરવાની છે. પણ એની ભૂમિકા બાંધવા માટે આપણે આટલું પાછાં પગલે ચાલ્યા. મેં આગળ કહ્યું એમ આ બધાં પરિવર્તનો સમાજ, સાયંસ-ટેક્નૉલોજી અને ફૅશનના બદલાતા પ્રવાહો. સત્તાપરિવર્તનો સાથે થતી ઐતિહાસિક ઊથલપાથલો બદલાતી ભૂગોળ અને નાટ્યકલા સામે ઉત્તરોત્તર આવતા પડકારોના નેપથ્યે થયાં છે. પણ આજે વીસમી સદીના આ બીજા દાયકામાં જે બદલાયેલું નેપથ્ય જોવા મળે છે ત્યાં આ બધા ઉપરાંત એક મોટું અને અત્યંત સશક્ત એવું પરિબળ ઉમેરાયું છે. અને એ પરિબળ કયું છે ? કલા, શિક્ષણ, ધર્મ, રાજનીતિ, સાયંસ-ટેક્નૉલોજી – આ તમામ ક્ષેત્રો પર નવા પ્રકટેલા આ પરિબળે પોતાનો પ્રભાવ એકસરખી રીતે પાથર્યો છે. નવી સદીના નાટ્યકાર સામે સહુથી મોટો પડકાર આ પરિબળે જ ઊભો કર્યો છે. આપણે એની ચર્ચામાં ઊતરીએ તે પહેલાં ગઈ સદીના નેપથ્યને જરા તપાસી લઈએ.

(૩)

વીસમી સદીનાં નાટકોનું નેપથ્ય શું હતું ? સત્ય અને પ્રેમ જેવાં સનાતન મૂલ્ય, શિક્ષણના કારણે જન્મેલાં સુધારાવાદી વલણો, લોકતાંત્રિક ચેતના, સ્વતંત્રતા, વ્યક્તિસ્વાતંત્ર્ય જેવા નવા વિચાર, સામ્યવાદ-સમાજવાદ જેવી વિચારધારાઓ, ગાંધીવિચારનો પ્રભાવ, લગભગ ઓગણીસો બાણું સુધી આ બધાં પરિબળો કોઈક રચનાના નેપથ્યમાં ઝાંખાં તો કોઈક નાટ્યરચનાની પાછળ ઘાટાં પણ જોવા મળે છે. અને ભલે આ બધું પ્રોસિનિયમ થિયેટરની ફ્રેમમાં ચાલતું હોય, એક એબ્સર્ડ નાટકોને બાદ કરતા ક્યાંક ને ક્યાંક એનું અનુસંધાન સંસ્કૃત કે લોકનાટ્ય સાથે પણ રહ્યું. મણિલાલ નભુભાઈનાં ‘કાન્તા’ની પહેલાં ૧૮૭૧માં જ્યારે દલપતરામે ‘મિથ્યાભિમાન’, ‘ભૂંગળ વિનાની ભવાઈ’ લખ્યું ત્યારે અંગ્રેજી નાટક કંપનીઓની તર્જ પર શંકર શેઠનું રૉયલ થિયેટર બની ચૂક્યું હતું. ત્યાં પારસી નાટકો આરંભાઈ ગયાં હતાં. છતાંય તમે જોઈ શકશો કે ‘મિથ્યાભિમાન’માં ભવાઈનું અનુસંધાન છે. અસાઇતની ભવાઈનો મીઠામાં

ઝબોળેલા ચાબુક જેવો કટાક્ષમય મિજાજ છે. રણછોડરામ ઉદયરામ દવે, જે ૧૮૨૧માં સાહિત્ય પરિષદના વડોદરા ખાતે પ્રમુખ હતા એમના 'હરિશ્ચંદ્ર' અને 'લલિતાદુ:ખદર્શક'માં પણ સત્ય જેવા મૂલ્ય અને સુધારાવાદી વિચાર યથાવત છે. ગાંધીને પ્રભાવિત કરનાર 'હરિશ્ચંદ્ર' નાટક તે આ રણછોડરામ ઉદયરામનું જ. ભવાઈની જેમ મનોરંજન કરી કરીને ઘસાયા બાદ ૧૯૫૫ની આસપાસ આ દેશી રંગભૂમિ પર પડદો પડી ગયો અને બદલાતા નેપથ્યે એ પહેલા જ ક્રાંતિકારી નવી રંગભૂમિનું નેપથ્ય રચી લીધું હતું. ઇન્ડિયન પીપલ્સ થિયેટર એસોસિયેશન એનો પુરાવો છે. આ નેપથ્યમાંથી જ નવી રંગભૂમિનાં નાટકો લઈને મુન્શી આવે છે. ર. છો. પરીખનું 'મેના ગુજરી' આવે છે જે ગુર્જરોના ગૌરવ અને સ્ત્રીસન્માનની ગાથા નિરૂપે છે. આ નેપથ્યમાંથી જ જયંતિ દલાલ જેવા નાટ્યકારો આવે છે જે આઝાદી પછી રચાયેલી સરકારો સામે જનચેતનાને પડઘાવે છે. તમે આ નાટકોના નેપથ્યને આજનાં નાટકોના નેપથ્ય સાથે મૂકીને તપાસશો તો આગળ મેં કહેલું તે એક નવોદિત સશક્ત પરિબળ જોવા મળશે. અને આ પરિબળ છે બજાર.

(૪)

વીસમી સદીના છેલ્લા દાયકાથી એજ્યુકેશન હોય કે રિલિજિયન, સાયંસ હોય કે ટેક્નૉલોજી, પોલિટિક્સ હોય કે મિડિયા, આર્ટ હોય કે કલ્ચર... ધીરે ધીરે બધું બજારના પ્રભાવમાં આવી રહ્યું છે. આજે રિલિજિયન અને કજ્યુકેશન પણ એક ઇન્ડસ્ટ્રી છે, હું એમ નથી કહેવા માંગતો કે ભાંગવાડી થિયેટરના સમયમાં ધંધાદારી અભિગમ નહોતો. એને તો આપણે ધંધાદારી રંગભૂમિ એવું શીર્ષક એટલે આપ્યું હતું જેથી અવેતન રંગભૂમિનું અસ્તિત્વ એનાથી અલગ અને સ્વતંત્ર રહી શકે. ત્યાં ભલે ધંધાદારી અભિગમ હતો પણ એનાં નાટકોનું નેપથ્ય તો સામે બેઠેલો દેવ... એટલે કે પ્રેક્ષક રચતો હતો. એ પ્રેક્ષક જેમ જેમ બદલાતા, જેમ જેમ સમય સાથે બદલાતો, તેમ નાટકો પણ બદલાતાં હતાં. ત્યાં 'સૌભાગ્યસુંદરી'ની સાથે 'સરસ્વતીચંદ્ર' પણ ભણાવાતું હતું. નર્મદ હોય કે ગોવર્ધનરામ, કે પછી કાન્ત... સાહિત્યિક નાટકોનું પણ સન્માન હતું... પણ આજનું નેપથ્ય જુદું છે. હવે સામે છે તે પ્રેક્ષક નેપથ્ય નથી રચતો. બજાર નેપથ્ય રચે છે. પ્રેક્ષકે શું જોવું તે પ્રેક્ષક નક્કી નથી કરતો, બજારના અગ્રણીઓ નક્કી કરે છે. રિલિજિયન, એજ્યુકેશન અને પોલિટિક્સની જેમ થિયેટર પણ ઇન્ડસ્ટ્રી બન્યું છે. એના કારણે પડકારો અને જોખમો પણ ઊભાં થયાં છે. આ પડકારોમાંથી તો નવા સમયનું નાટક ઊભું થઈ રહ્યું છે જે એક પ્રાપ્તિ છે; પણ નાટક ઉપર જે જોખમ તોળાય છે તે એવું છે કે ભરતે જે બે પ્રકારની રંગભૂમિ કહી હતી, લોકધર્મી અને કલાધર્મી – એ બે ઉપર આ બજારધર્મી રંગભૂમિ ભારે પડી રહી છે. આ પડકારમાંથી જન્મેલા નવા નાટકની દિશા અને બજારધર્મી રંગભૂમિએ સર્જેલી નાટકની અવદશાનાં ઉદાહરણો સાથે હું મારી વાત પૂરી

કરીશ.

(૫)

ગઈ સદીમાં જ આપણે 'મેના ગુજરી'થી લઈને 'કહો મકનજી ક્યાં ચાલ્યા ?' જેવાં ગીત-સંગીત પ્રધાન કલાત્મક નાટકો જોયાં છે જેમાં ચાલીસ-પચાસ જેટલા રંગકર્મીઓ કામ કરતા હોય. પણ પાઘડીનો વળ છેડે આવતા આવતા તો આપણે વન પર્સન પ્લે પાસે આવીને ઊભા. આ વન પર્સન પ્લે પણ પડકાર સ્વરૂપે પહેલાં મરાઠીમાં જોવા મળ્યું. પૂનાના રંગકર્મી સુષ્મા દેશપાંડેએ ગામડાંની બહેનોને જગાડવા માટે 'મી સાવિત્રીબાઈ' નાટક કર્યું. આ નાટકે દેશ-વિદેશમાં હજાર જેટલા શો કર્યા છે. આપણે ત્યાં 'નર્મદ', 'કાન્ત', 'નરસૈયો' જેવા વન પર્સન પ્લે લખાયા. સતીશ વ્યાસના 'કાન્ત'ના પરિષદના મંચ ઉપર પ્રયોગ થતા રહ્યા. પણ એકંદરે જો જાવ તો બજારે ઊભા કરેલા પડકારમાંથી આ એકપાત્રી નાટકો આવ્યાં છે. પાનના ગલ્લાની જેમ ટેલિવિઝન ચેનલો ખૂલી છે અને ત્યાં યુવા કલાકારોનો મેળો જામ્યો છે. કલાધર્મી રંગભૂમિની વાત છોડો પણ આજની મુંબઈનું ભાંગવાડી થિયેટર પણ 'ટૅક્સી પ્લે' પર ટકી રહ્યું છે. એક ટૅક્સી એટલે ચાર જણા... આ પ્રકારનાં નાટકો ભજવતાં એક જાણીતાં અભિનેત્રીએ જાહેરમાં કહ્યું કે 'ગુજરાતી રંગભૂમિ મુંબઈમાં જ જીવંત છે અને રંગભૂમિને સન્માનપૂર્વક જૂએ છે, જ્યારે ગુજરાતમાં પ્રોફેશનલ થિયેટર પણ નથી...' પણ બજારના આવ્યા પછી આ બદલાતા નેપથ્યે આના કરતાંય વધારે ખરાબ સ્થિતિ સર્જી છે. એ શું છે ?

(૬)

આપણે ફરી ભરતને યાદ કરીએ. એમણે બે પ્રકારની રંગભૂમિ કહી છે. એક લોકધર્મી અને બીજી કલાધર્મી. બંનેની વ્યાખ્યામાં નહીં જાઉં. પણ જે સાંપ્રત જીવનશૈલી સાથે ચાલે છે તે લોકધર્મી છે અને જે પ્રશિષ્ટ શૈલીના નાટકો છે તે કલાધર્મી છે. કાન્ત હોય કે નરસૈંયો... ભલે એકપાત્રી નાટકો છે પણ એને કલાધર્મી કહીશું. પેલા બદલાયેલા નેપથ્યે આ બંને સામે પડકાર ઊભા કર્યા છે. ધંધાદારી અભિગમ સાથે જે લોકધર્મી રંગભૂમિ ચાલે છે એને બહુ સમસ્યા નથી. પણ ખરા અર્થમાં જે લોકધર્મી નાટકો છે તેના પર તલવાર તોળાઈ રહી છે. ગઈ સદીમાં આ લોકધર્મી રંગભૂમિ પર ક્રાંતિકારી તેવર લઈને આવેલા ઘણાખરા યુવાન નાટ્યકારો આજે મુંબઈમાં એક ટૅક્સીનાં નાટકો ભજવીને પોતાને ટકાવી રહ્યા છે, તો બાકીના એમના નક્શ કદમ પર આગળ વધી રહ્યા છે. આ બદલાયેલા નેપથ્યને કારણે કલાધર્મી નાટકો સામે અનેક મોરચે પડકાર ઊભા થયા છે. એક તરફ કલાધર્મી રંગભૂમિ પર નટસમૂહ અને સારાં નાટકોની અછત ઊભી થઈ છે. તો બીજી તરફ પ્રસિદ્ધ સામાજિક-રાજકીય વ્યક્તિઓની બાયોગ્રાફી અને નવલકથાને નાટ્યરૂપ આપવાની કલાધર્મી રંગભૂમિ ઉપર હોડ મચી છે. તો ત્રીજી બાજુ મારા જેવાઓને એવું લાગે છે કે રાજનીતિની જેમ સાહિત્ય અને રંગભૂમિના ક્ષેત્રમાં

પણ ભયંકર ગડબડ ચાલી રહી છે. 'કૃતિઓને પ્રતિષ્ઠિત અને ખારીજ કરવાના જે માપદંડો છે તે સ્વભાવથી ભલે કલાના જ હોય એવા દેખાય છે પણ એની પાછળ કલા સિવાયનાં પરિબળો કામ કરી રહ્યાં છે.' આમ તો છેલ્લાં ઘણાં વર્ષોથી મુંબઈનાં ધંધાદારી નાટકો સામાજિક સંસ્થાઓ અને ક્લબોના આશ્રયે ચાલે એવી સંસ્કૃતિ બજારે વિકસાવી હતી, પણ હવે તો સંસ્કૃતિની પણ ક્લબ ઊભી કરવાની સંસ્કૃતિ બજારે રચી છે. આ બદલાયેલું નેપથ્ય સામાન્ય પ્રેક્ષકે નથી રચ્યું, કે નથી આ નેપથ્ય કલાકારોએ ઊભું કર્યું. આ નેપથ્ય એ વ્યાપક બજારે ઊભું કર્યું છે જ્યાં રિલિજિયન અને પોલિટિક્સ પણ એક ઇન્ડસ્ટ્રી તરીકે મૌજૂદ છે. રંગભૂમિની સ્પેસમાં, મંચ ઉપર, નેપથ્યમાં અને પ્રેક્ષાગાર સુધ્ધાંમાં કલા સિવાયનાં તત્ત્વો પોતાની કાયા અને માયા પસારીને બેઠાં છે, એમના આશીર્વાદથી જ મુંબઈની આજની ભાંગવાડીના અને અમદાવાદની કલાધર્મી ગણાતી રંગભૂમિનાં બારણાં ખૂલે છે અને બંધ થાય છે. આ પોલિટિકલ-રિલિજિયન ઇન્ડસ્ટ્રીને અનુકૂળ હોય એવાં નાટકો અને નાટ્યકારોનો મહિમા કરાઈ રહ્યો છે. આ મોટો ખતરો છે.

એક નાટ્યકાર તરીકે આપણી પાસે ક્યાં કોઈ મતક્ષેત્ર છે ? આપણી પાસે કોઈ પક્ષનું નેટવર્ક પણ નથી જે ગામેગામ પથરાયેલું હોય. ધર્મક્ષેત્રના મહાનુભાવો પાસે હોય એવો ભવ્ય મંડપ પણ ક્યાં છે આપણી પાસે ? કે નથી એમના ગળાની કંઠીમાં પરોવાયેલા પારા જેવું નગરો-મહાનગરો અને વિદેશની ભૂમિ સુધી વિસ્તરેલું ભક્તમંડળ. અને ભરતમુનિ, કાલિદાસ કે અસાઇતે આપણને એવી કોઈ સમજણ પણ નથી આપી કે આપણે આ નેપથ્યના આશ્રયે જઈને પ્રસિદ્ધિ કે પ્રતિષ્ઠાનો પથ પ્રશસ્ય કરી શકીએ... ઊલટાનું અસાઇતે ભવાઈના આશ્રયે ગામ બહાર અને નાત બહાર મૂકવાની પણ પ્રેરણા આપી છે. પણ એક નાટ્યકાર તરીકે આ બજારપ્રધાન નેપથ્યે આપણી રંગભૂમિની સ્પેસને જ હડપ કરવાનું શરૂ કર્યું છે. બજારનિર્મિત આ વિકાસોત્સવમાં ભોળા ગ્રામજનોનાં હડપ થતાં જંગલ-જમીન રાજકીય મહાનુભાવો દેખાડે છે એટલે સહુને દેખાય છે, પણ કલાના ગ્લેમરમાં રાચતા રંગકર્મીઓ જે રીતે રંગમંચ પરથી પણ પોતાની સ્પેસ ગુમાવી રહ્યા છે, અને જે રીતે એમાં રિલિજિયન ઇન્ડસ્ટ્રી, પોલિટિકલ ઇન્ડસ્ટ્રી અને કૉર્પોરેટ સેક્ટરના ખેરખાંઓ પગપેસારો કરી રહ્યા છે એ શું કોઈનેય દેખાય છે ખરું ? આ બદલાતું નેપથ્ય જ નવી સદીનો પ્રવાહ છે અને પડકાર ગણો તો પડકાર પણ આ જ છે.

18

# ટૂંપાતી જતી સંવેદનશીલતાનો આર્તનાદ

હરિકૃષ્ણ પાઠક

## સાદ ના પાડો

બારીમાંથી ગગન પાડતું સાદ !
સાદ ના પાડો.
અમે દીવાલો, નથી અમારે પાંખ :
સાદ ના પાડો.
સૂનકારને સાગર અમને ડૂબ્યાં જાણો વ્હાણ,
ક્યાંથી જાણો તમે અમોને છે પથ્થરના કાન ?
પડછાયાની આંખો, એને નથી તેજની જાણ :
સાદ ના પાડો.
જલ છોડીને કમલ આવશે ક્યાંથી રે આ રણમાં ?
ખરી ગયેલું ફૂલ ખીલશે કયા કિરણથી વનમાં ?
ઘુવડના માળામાં આવી સૂરજ પાડે સાદ !
સાદ ના પાડો.
અમે દીવાલો નથી અમારે પાંખ :
સાદ ના પાડો.

('ગગન ખોલતી બારી'-૧૯૯૦) ચંદ્રકાન્ત શેઠ

કવિની મોટામાં મોટી મૂડી કઈ ? –

કોઈ આવો પ્રશ્ન કરે તો ટૂંકો ઉત્તર આપું : સંવેદનશીલતા. જેને વ્યક્ત, અભિવ્યક્ત કરવા માટે સર્જકતા, કલ્પનાશીલતા, ભાષાપ્રભુત્વ, છંદોલયની ઝીણી સૂઝ, વિચારસમૃદ્ધિ જેવી અનેક બાબતો ઉપકારક તો ખરી જ ખરી, પણ મૂળમાં તો ખપે સંવેદનશીલતા, જે નરી, નગદ, નરવી ને નિર્મળ હોવાની; કશીયે ભેળસેળ વિનાની, ભેદભાવ કે પક્ષપાત વિનાની.

જ્યારે કોઈ કવિને એવું લાગે, આંતરબાહ્ય પ્રમાણોથી તેને પ્રતીત થાય કે પોતાની આ મહામૂડી અળપાતી જાય છે, ટૂંપાતી જાય છે, ઝંખવાતી જાય છે – ત્યારે, જો તે સાચો કવિ હોય તો, જે પીડા અનુભવે તે કહ્યા વિના રહી શકે નહીં કે – સાદ ના પાડો !

વારે વારે પુનરાવર્તન પામતી આ ટૂંકી પંક્તિ કવિની પીડાને ઘૂંટે છે. કાવ્યનો આરંભ જ જુઓ ને ! બારી તો હજી ખુલ્લી છે. અને તેથી સ્તો ગગન સાદ પાડી

રહ્યું છે. ગગન સંકેત કરે છે સમસ્ત વિશ્વનો, પણ એના સાદ ઝીલવા અંગે કવિની સ્થિતિ કેવી છે ?

પોતે તો જાતને, પંડને દીવાલરૂપ થઈ ગયેલ પ્રમાણે છે, જે સ્વયં આડશો રચે છે, અવરોધો સર્જે છે, ને પાંખનો જ અભાવ છે; પછી ગગન શા કામનું ?

આથી કહે છે : સાદ ના પાડો !

પોતાની આ વિકલ અને વિકટ પરિસ્થિતિને, મનઃસ્થિતિને વધુ સમજી શકાય તે રીતે કથે છે.

પોતે તો સૂરકારના સાગરમાં ડૂબેલું વહાણ છે જ્યાંથી કશો સંદેશો મળવાનો નથી કે નથી ઝિલાવાનો. એટલું જ નહીં, શ્રવણેન્દ્રિય પણ પથ્થરની છે, પાષાણવત્ છે – એ કોઈ શબ્દનેય કેમ કરીને ઝીલે ? અને આટલું ઓછું હોય તેમ આંખો પણ પડછાયાની છે. તેજની સામે ઊભા થતા અવરોધથી જે રચાય તે પડછાયો, એ વળી તેજને શું જાણે ?

હવે કહો, આવી સંવેદનબધિર વ્યક્તિ કોઈનાયે સાદને કેમનો ઝીલે ?

તેથીસ્તો કવિ ફરી કહે છે : સાદ ના પાડો !

આપણે જાણીએ છીએ કે કમલ તો જલમાં ખીલે; તેની અવેજીમાં ભીનાશથી ભરેલ કાદવમાંયે ખીલે; પણ એ જલને, ભીનાશને છોડીને કદીયે રણમાં જાય ખરું ? સંવેદના તો આર્દ્ર હૃદયની ભોંયમાં ઊગે, બધિર થઈ ગયેલ શુષ્કતામાં તો ક્યાંથી ખીલે !

વળી જે ફૂલ ખરી પડ્યું છે તેને તો વનમાંયે ખીલવી શકાતું નથી – તો છેવટની વાત તો એટલી કે અજવાળું થતાં જ જેની દૃષ્ટિ અંધત્વ ઓઢી લે છે તેવા ઘુવડના માળામાં જઈને ખુદ સૂરજ સાદ પાડે તોયે શું વળવાનું હતું ?

પોતાના વ્યક્તિત્વમાં આકાર લઈ રહેલી કે લઈ ચૂકેલી સંવેદનબધિરતાની પીડાથી અકળાતા, વ્યથા પામતા કવિ અહીં પરાકાષ્ઠા સાધે છે ને ફરી આર્ત્ત સ્વરે વિનંતી કરે છે : સાદ ના પાડો !

પંડને પામવાની ને જાતને જોગવતા રહેવાની સતત ખેવના કરતા કવિની કલમે મળેલું આ કાવ્યરત્ન આપણને પેલી પીડાનો સ્પર્શ કરાવે છે.

18

## નારાયણ દેસાઈની ચિરવિદાય | પ્રફુલ્લ રાવલ

છેલ્લાં થોડાં વર્ષો દરમિયાન 'ગાંધીકથા' દ્વારા ગાંધીવિચાર ધારાને નવી પેઢી સમક્ષ મૂકવાનો સંનિષ્ઠ પ્રયાસ કરનાર નારાયણ દેસાઈએ ૧૫ માર્ચે વેડછીમાં છેલ્લા શ્વાસ લીધા ત્યારે એમણે જીવનના નવ દાયકા પૂરા કર્યા હતા. કામ એમનો જીવનધર્મ હતો. એ ધર્મ એમણે આજીવન બરાબર નિભાવ્યો. લોકોમાં એમને શ્રદ્ધા હતી એટલ તો લોકશાહીમાં એમને આસ્થા હતી. કટોકટી વખતે એમણે, ભલે વિનોબાની બૂદાનપ્રવૃત્તિના ચાહક-પ્રચારક હતા તોપણ એ મૌન ન રહ્યા. 'સરમુખત્યારને સમજીએ' પુસ્તિકા પ્રસિદ્ધ કરી. ઇન્દિરા ગાંધીના ટીકાકાર બન્યા. શક્ય તેટલો કટોકટીનો વિરોધ કર્યો. એ કાર્ય નિરપેક્ષભાવે કર્યું. જયપ્રકાશની સંપૂર્ણ ક્રાન્તિના એ હિમાયતી હતા.

નારાયણ દેસાઈએ શાળાકીય શિક્ષણ તો નહોતું લીધું પણ ભણ્યા તો ખરા. ખુલ્લી રીતે. આ ખુલ્લાપણું એમના વ્યક્તિત્વની ઓળખ બન્યું. કોઈપણ વ્યક્તિના દૃષ્ટિબિન્દુને સમજવાનો એમનો પ્રયાસ રહ્યો. સંસ્થાઓમાં સહુની ભાગીદારી હોય અને બધું સંવાદિતાથી ચાલે તે એમનો અભિગમ હતો. પોતાના વિચારને એ ક્યારેય લાદતા નહીં. વિચારને તરતો મૂકીને એને સર્વસામાન્ય બનાવવાનો માર્ગ મોકળો કરતા. એમનો વિચાર અસ્વીકૃત થાય તે પણ એમને સ્વીકાર્ય હતું.

ગાંધીજી જેને 'બાબલો' કહેતા એ નારાયણ દેસાઈ નાની વયથી ગાંધીજીના સંપર્કમાં રહ્યા. કહોને, ગાંધીજીની છાયા-માયા તળે જ નારાયણ દેસાઈનું બાળપણ, કિશોરાવસ્થા અને યૌવનનો પહેલો તબક્કો પસાર થયેલો. ગાંધીઆશ્રમ સાબરમતીમાં રહેવાનું બન્યું. ગૂજરાત વિદ્યાપીઠના વિનયમંદિરમાં થોડું ભણ્યા. કાંતણવણાટ શીખ્યા. કાંતવાનું તો આજીવન ચાલુ રાખ્યું. મિટિંગમાં બેઠા હોય કે સભામાં હોય, રેંટિયો પાસે જ હોય. વખત મળે કાંતે. તાર ન તૂટે તેવી એકાગ્રતા. સમાજનો તાર ન તૂટે એની રખેવાળી કરી. તો વળી સાંભળવાનું પણ ન ચૂકે. વિચાર ગૂંથાતો રહે. મન શાંત લાગે. ભીતર ખળભળાટ હશે પણ ધીર પાકા.

ગાંધીજીના અંગત સચિવ-રહસ્યમંત્રી મહાદેવભાઈ દેસાઈના પુત્ર નારાયણભાઈનો જન્મ ૨૪ ડિસેમ્બર ૧૯૨૪માં વલસાડમાં થયો હતો. પિતા મહાદેવભાઈને કાકા કહેતા. એમની માતાનું નામ દુર્ગાબહેન. માતા-પિતા બંને રાષ્ટ્રિય ચળવળમાં સંગાથી હતાં. જ્ઞાતિએ અનાવિલ. માતા દુર્ગાબહેન વિશે લખેલ લેખ 'મારી બા'માં નારાયણ દેસાઈએ લખ્યું છે કે, 'મારા નાનપણમાં કાકા ઘરમાં આવતા તો એ એક મહેમાનની જેમ જ. એટલે બાની જિંદગી તો લાંબે ગાળે થતાં એવાં મિલનોની વચ્ચેના વિરહની જિંદગી હતી. કાકા કાં જેલમાં હોય કાં બાપુ સાથે રેલમાં. એટલે બાના

ભાગ્યમાં તો સદાય વાટ જોવાનું જ લખ્યું હતું. મારા જન્મ પછી તો એને સારુ ધ્યાનનું કેન્દ્રબિંદુ હું બની ગયો હતો પણ તે પહેલાં ?' ('મને કેમ વીસરે રે ?' પૃ. ૧૩૯-૧૪૦) માતા-પિતા તરફ અહોભાવ ખરો પણ નારાયણ સ્વભાવે સ્વતંત્ર હતા. સામાન્ય શાળામાં ન ભણ્યા તો અનાવિલ જ્ઞાતિમાં ન પરણ્યા. લગ્ન કર્યું ઉત્તરા ચૌધરી સાથે. એમની પુત્રીનું નામ ઉમા. એમના સસરા નવકૃષ્ણ ચૌધરી – ઓરિસ્સાના મુખ્યમંત્રી હતા. એમણે કટોકટીમાં જેલવાસ ભોગવ્યો હતો. એમના પિતા મહાદેવભાઈ દેસાઈનું મૃત્યુ ૧૯૪૨માં થયું ત્યારે નારાયણ દેસાઈ અઢાર વર્ષના હતા. 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' (૧૯૯૨) એ મહાદેવભાઈનું ચરિત્ર છે. મકરન્દ દવેએ આ ચરિત્રને 'લેખકના પ્રાણથી સિંચિત થયેલું વાઙ્મય તીર્થ' કહ્યું છે. ગુજરાતી ભાષામાં લખાયેલાં ચરિત્રોમાં આ ચરિત્ર અનેક રીતે નોખું છે. નારાયણ દેસાઈનું એ પિતૃતર્પણ છે. પિતાના મૃત્યુ પછી નારાયણ દેસાઈ રાષ્ટ્રિય લડતમાં સક્રિય થયા. સેવાગ્રામમાં રહેવાનું બન્યું. પછી દિહેલા, વલસાડ, મુંબઈ અને વેડછીમાં રહ્યા. એમનું કાયમી સરનામું તો વેડછી જ રહ્યું. ગમે ત્યાં જાય પણ તાર તો વેડછી સાતે જ જોડાયેલો રહેતો.

પ્રવાસ – પદયાત્રા નારાયણ દેસાઈની પ્રિય પ્રવૃત્તિ. સરદારની શતાબ્દી ટાણે પદયાત્રા કરી તે યુવાનોને સંદેશ આપવા સારુ. સરદાર વલ્લભભાઈ પટેલ પ્રત્યે નારાયણ દેસાઈને કેવો અહોભાવ હતો તે એમના રેખાચિત્ર પરથી સમજાય છે. સાહિત્ય પરિષદના પ્રમુખ થયા ત્યારે પણ એમણે યાત્રા કરીને ગુજરાતી વિમુખ થતા જતા સમાજને માતૃભાષાનું ગૌરવ સમજાવ્યું હતું. આ યાત્રાનો આરંભ નવસારીથી કરેલો. ત્યારે પરિષદના પ્રતિનિધિ તરીકે અનિલાબહેન દલાલ, રાજેન્દ્ર પટેલ અને હું સાથે હતાં.

નારાયણ દેસાઈની આશ્રમજીવનની સ્મરણકથા તે 'संत सेवतां सुकृत वाधे' (૧૯૬૭). એમાં ગાંધીભક્તિ સાથે એમના કિશોરકાળમાં સ્મરણો છે. બંગાળી ભાષાના અભ્યાસ પછી એમણે 'રવીન્દ્ર રચનાવલી' ગુજરાતીમાં ઉતારી તો પિતા મહાદેવ દેસાઈકૃત 'ધ ગીતા એકોર્ડિંગ ટુ ગાંધી'નો અનુવાદ કર્યો. 'રોમા રોલાં એન્ડ ગાંધી કૉરસપૉન્ડન્સ'ને પણ ગુજરાતીમાં લાવ્યા. એમનું ચરિત્રનિબંધનું પુસ્તક 'મને કેમ વીસરે રે ?' (૧૯૮૬) એમના લેખનનો પરિચય આપે છે વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ આ પુસ્તક સંદર્ભે યોગ્ય લખ્યું છે કે '''મને કેમ વીસરે રે ?' દ્વારા એમના સંસ્કારરાશિની સુવર્ણરજ ઠામ ઠામ જશે.' (પૃ. ૮) વળી 'આ ગ્રંથ इति-ए-आस' તરીકે અસાધારણ મૂલ્યવાળો છે.' (પૃ. ૧૦) આ ચરિત્રો 'સત્સમાગમની લ્હાણી' જેવાં છે.

પિતા મહાદેવભાઈ દેસાઈના શ્રદ્ધેય ચરિત્ર પછી 'મારું જીવન એ જ મારી વાણી' (૨૦૧૪) એ ગાંધીજીનું ચરિત્ર છે. આ ચરિત્ર સંદર્ભે નારાયણ દેસાઈનું કથન છે : ''મેં ગાંધીજીને જોયા છે. હોશમાં આવ્યો ત્યારથી જોયા છે. એમના ખોળામાં અને એમની જોડે હું રમ્યો છું. નાનપણનો એમને વિશેનો પહેલો અનુભવ એક દોસ્ત તરીકેનો જ હતો. મેં એમની જોડે કિશોર વય અને યૌવનનાં દશેક વરસ કામ કર્યું છે, એમના

ગયા પછી જેને મેં એમનું કામ માન્યું તે કરવામાં શેષ જીવન ગાળ્યું છે. જેટલું પાત્ર હશે, તેટલું જ ઝિલાયું હશે એ વિશે હું સભાન છું. પરિણામે એમ કહી શકું એમ છું કે, એમની જોડેનો પ્રેમ સાવ એકપક્ષી નહોતો. જે ભરી ભરીને પીધું છે, તે છતાં જે 'ઔર પિબનકી આસ' છે, તેને મારી મિલકત સમજીને દાટી શી રીતે રાખી શકું ? આવી દોસ્તી, આવો પ્રેમ, એ વહેંચ્યા વિના રહેવાય નહીં એટલે જ એની લહાણી કરી છે. જીવનચરિત્ર તરીકે અપેક્ષિત તટસ્થતામાં આને લીધે કાંઈ વાંધો આવે કે નહીં, એ હું જાણતો નથી.' (પ્રથમ ખંડ : સાધના, પૃ. ૧૨) આ ચરિત્ર ગુજરાતી ભાષાનું આભૂષણ છે. ધીરુભાઈ ઠાકરના મતે 'સ્વાતંત્ર્યોત્તર ભારતનું એ મહાભારત છે' ('સવ્ય સાચીનો શબ્દવેધ', પૃ. ૪૧૫) 'જિગરના ચીરા' અને 'કસ્તૂરબા' નાટક એમનાં છેલ્લાં પ્રકાશનો છે.

નારાયણ દેસાઈની સર્જક-લેખક પ્રતિભા પુરસ્કૃત પણ થઈ છે. એમના ચરિત્રાત્મક ગ્રંથ 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ'ને સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર અને દર્શક ફાઉન્ડેશનનો દર્શક એવૉર્ડ, ૧૯૯૮માં એમને યૂનેસ્કો પ્રાઈઝ, ૨૦૦૧માં રણજિતરામ સુવર્ણચંદ્રક, ૨૦૦૪માં મૂર્તિદેવી એવૉર્ડ, ૨૦૧૩નો સવ્યસાચી એવૉર્ડ એનાયત થયો છે.

ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ તરીકે અને ૨૦૦૮માં ગુજરાતી સાહિત્ય પરિષદથી પ્રમુખપદની જવાબદારી સ્વીકારી હતી.

ગાંધીતત્ત્વ દર્શન અભ્યાસી હવે આપણી વચ્ચે નથી પણ એમનો શબ્દવારસો ગાંધીજનોને સદૈવ પ્રેરક રહેશે.

□

## ચિમનભાઈ ત્રિવેદીની ચિરવિદાય

ચિમનભાઈ ત્રિવેદી યાદ રહેશે મધ્યકાલીન સાહિત્યના સંનિષ્ઠ અભ્યાસી તરીકે. વળી રા. વિ. પાઠક પછી ગુજરાતી છંદો વિશે ઊંડો અભ્યાસ કરવામાં એ અગ્રેસર હતા. 'પરલોકે પત્ર', 'અશ્રુઘર' અને 'અસૂર્યલોક' જેવી સર્જનાત્મક કૃતિઓ વિશેની વિવેચના એમની વિવેચકપ્રતિભાની દ્યોતક છે. અધ્યયન-અધ્યાપનને એમણે જીવનકાર્ય માનેલું. સ્વાધ્યાયમાં પ્રમાદ ન કરે. મૂળ સુધી જવાની વૃત્તિએ મધ્યકાલીન સાહિત્યકૃતિઓના સંપાદનમાં એમનું વિદ્યાનુરાગી વિત્ત દૃષ્ટિગોચર થાય. અપેક્ષા વગર વિદ્યાકાર્ય કર્યું. સ્વભાવે મિલનસાર. વળી ઉપયોગી થઈ પ્રસન્નતા અનુભવે. ફેબ્રુઆરીમાં ફાધર વાલેસ ભારતમાં – અમદાવાદમાં આવ્યા ત્યારે ચિમનભાઈનું અહોભાવથી સ્મરણ કરીને, એમની ચિરવિદાયના સમાચારથી વિષાદી બની રહેલા. કહેલું : 'થાય છે સાઇકલ લઈને પહોંચી જાઉં એમના ઘરે.' હજીયે રસ્તો બરાબર યાદ છે.' સ્વામી સચ્ચિદાનંદ સાથેનો નાતો આત્મીયજનનો. સામાન્ય પરિવારમાં ૨ જૂન ૧૯૨૯ના રોજ પાટણ

જિલ્લાના સમી તાલુકાના મુજપુર ગામે જન્મેલા ચિમનભાઈ જ્ઞાતિએ શ્રીમાળી બ્રાહ્મણ. ત્યારે મુજપુર રાધનપુર રાજ્યમાં હતું. એમના પિતાનું નામ શિવશંકર. માતાનું નામ ગોમતીબહેન.

ચિમનભાઈએ પ્રાથમિક શિક્ષણ મુજપુરમાં લીધેલું. રણજિતરામ સુવર્ણચંદ્રક સ્વીકારતા એમણે કહેલું : ‘મુજપુરની પ્રાથમિક શાળા અત્યારે મારી આંખ સામે તરવરે છે. બે ઊભા એક આડો એવા ત્રણ ઓરડાઓ અને ત્રણ બેસણીઓમાં ધોરણ ૧થી ૭ના વિદ્યાર્થીઓ બેસતા. હું પાંચમા ધોરણમાં હતો ત્યારે અમદાવાદની પ્રસિદ્ધ પ્રેમચંદ રાયચંદ ટ્રેઇનિંગ કૉલેજમાં સિનિયર ટ્રેઇન્ડ થઈને આવેલા હેડમાસ્તર હરિલાલ દવેએ ઉત્સાહથી એક પ્રયોગ આરંભેલો. પોતે ૬ અને ૭ ભણાવે. પરંતુ અઠવાડિયે-પખવાડિયે એકાદ વાર ધોરણ ૫ના વિદ્યાર્થીઓને ધોરણ ૬ અને ૭ સાથે ત્રીજી બેસણીમાં બેસાડે. એમના હાથમાં ‘દલપતપિંગળ’ અને કમળાશંકરનું ‘મધ્યમ વ્યાકરણ’ હોય. પ્રથમ પિંગળના પાઠ શરૂ કરે. પિંગળના ગણ સમજાવી બેચાર છંદોનાં માપ વગેરેની રજૂઆત કરે. શીખવ્યું હોય એમાંથી પ્રશ્ન પૂછે. જેને આવડે તે ત્રણે ધોરણના બધા જ વિદ્યાર્થીઓમાં પહેલું સ્થાન ધારણ કરે. મને એવું પહેલું સ્થાન મળેલું. આ ઘટનાએ મારી છંદ તરફ રુચિ જાગ્રત થઈ.’’ (‘ભાવબોધ’, પૃ. ૧). આવા વિદ્યાકીય વાતાવરણમાં એમનું પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ પૂરું થયું. મૅટ્રિક થઈને અમદાવાદની એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. આકર્ષણ હતું રા. વિ. પાઠકનું. પરંતુ એ જ વર્ષે એ મુંબઈ ગયા. ત્યારે કૉલેજમાં રામપ્રસાદ શુક્લ અધ્યાપક હતા. ચિમનભાઈને એમની સાથે ‘સારી પેઠે ગોઠી ગયું હતું.’ છંદનો વિશેષ અભ્યાસ એમના સંસર્ગે થયો. રામપ્રસાદ શુક્લ સાથે બંધાયેલો સંબંધ દીર્ઘકાળ રહ્યો. અધ્યાપક રામપ્રસાદ એમના ‘રામુકાકા’ બની ગયા. રામપ્રસાદ શુક્લના કાવ્યસંગ્રહ ‘સમય નજરાયો’ના પ્રકાશનમાં ચિમનભાઈનો એમના પ્રત્યેનો અહોભાવ અને પરિશ્રમ ઉભય હતા. ૧૯૫૦માં ચિમનભાઈ બી.એ. થયા. મુંબઈ યુનિવર્સિટીમાં પ્રથમ આવતાં કેશવ હ. ધ્રુવ પારિતોષિક મળેલું. પછી એમ.એ. (૧૯૫૨) થયા. પ્રથમ વર્ગ આવતાં કવિ દલપતરામ સુવર્ણચંદ્રક મળેલો. એલ.ડી.માં ફેલો નિમાયા. ૧૯૫૧-૫૨માં મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં મદદનીશ અધ્યાપક તરીકે જોડાયા. ત્યાં કાન્તિલાલ વ્યાસ સાથે કામ કરવાનું બન્યું. પછી તો એમના માર્ગદર્શન હેઠળ ચિમનભાઈએ પીએચ.ડી. કર્યું. કાન્તિલાલ વ્યાસ એમને પ્રારંભે ‘થોડાક કરડા, રુક્ષ’ લાગેલા. ‘પરંતુ એમના નિકટના પરિચયમાં આવ્યા પછી એમના હૃદયની મુલાયમતાનો સુંદર પરિચય થયો.’ (‘સ્વાધ્યાય-વિશેષ’, પૃ. ૧૯). ૧૯૫૮ સુધી મુંબઈ રહ્યા પછી વળી અમદાવાદ આવ્યા. સેંટ ઝેવિયર્સ કૉલેજમાં જોડાયા અને નિવૃત્તિ (૧૯૮૯) સુધી ત્યાં જ અધ્યાપનકાર્ય કર્યું.

ચિમનભાઈ ત્રિવેદીએ અધ્યાપક તરીકે જ આજીવન કામ કર્યું. પહેલેથી લેખન તરફ રુચિ હતી એટલે અધ્યાપન સાથે એમની સંશોધન-લેખનની પ્રવૃત્તિ રહી. નિવૃત્તિ

પછી પણ એ પ્રવૃત્તિમાં એ રમમાણ રહેલા. વળી ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય સભા, મહાકવિ ન્હાનાલાલ સ્મારક ટ્રસ્ટ, અજિત ભગત મેમોરિયલ ટ્રસ્ટ, પાઠકદંપતી ટ્રસ્ટ, સ્વામી સચ્ચિદાનંદ સેવાસમાજ ટ્રસ્ટ, કાલેલકર ગ્રંથાવલિ ટ્રસ્ટ, ગુજરાત યુનિવર્સિટીના સેનેટ સભ્ય, ગુજરાતી અધ્યાપક સંઘ, ઇત્યાદિ અનેક સંસ્થાઓમાં એમણે સક્રિય કામગીરી કરી હતી. ગુજરાતી સાહિત્ય પરિષદમાં મંત્રી ને ઉપપ્રમુખની જવાબદારી પૂરી નિષ્ઠાથી નિભાવી હતી. પરિષદના મૂળ ઉદ્દેશ મુજબ કામ કર્યું. પરિષદ પ્રકાશિત કોશ અને ઇતિહાસમાં એમનો ફાળો નોંધપાત્ર છે. એમણે પરામર્શક તરીકે પણ સેવા આપી હતી. ૧૯૯૩માં કૉલકાતા ખાતે ભરાયેલ ગુજરાતી સાહિત્ય પરિષદના ૩૭મા અધિવેશનના વિવેચન-સંશોધન વિભાગના અધ્યક્ષ થયા હતા.

છંદ તરફની એમની રુચિ અને અભ્યાસને લીધે ૧૯૫૩માં એમનું પહેલું પ્રકાશન તે 'પિંગળદર્શન'. ૧૯૫૪માં 'અલંકારદર્શન' (અન્ય સાથે) પ્રકાશિત થયું છે. એમણે અન્ય સાથે 'ઊર્મિકાવ્ય' (૧૯૬૩)નું સંપાદન કર્યું હતું. એમના મહાનિબંધ 'કવિ નાકર : એક અધ્યયન'નું પ્રકાશન ૧૯૬૬માં થયું. 'સુદામાચરિત્ર' (૧૯૬૩), 'કુંવરબાઈનું મામેરું' (૧૯૬૪), 'અભિમન્યુ આખ્યાન' (૧૯૬૪), 'ઓખાહરણ' (૧૯૮૪), શાલિસૂરિકૃત 'વિરાટ પર્વ' (૧૯૭૦) ઇત્યાદિ એમનાં સંપાદનો છે. મધ્યકાલીન કૃતિઓનાં આ સંપાદનોમાં ચિમનભાઈ ત્રિવેદીનો સ્વાધ્યાય નોંધપાત્ર છે. એમણે સ્વામી સચ્ચિદાનંદના લેખોમાંથી ચૂંટીને 'પરિવર્તનના પંથે' (૧૯૯૦) નામક સંપાદન કર્યું છે તો 'જીવન ઘડતર' (૧૯૯૧) એ પુસ્તકમાં ફાધર વાલેસના લેખોમાંથી પસંદ કરેલા લેખો સંગૃહીત કર્યા છે. એમણે નિરંજન ભગત અને ભોળાભાઈ પટેલ સાથે 'શ્રેષ્ઠ ઉમાશંકર' (૨૦૦૫), 'શ્રેષ્ઠ ન્હાનાલાલ' (૨૦૦૯), 'શ્રેષ્ઠ રા. વિ. પાઠક' (૨૦૧૨) એ ગ્રંથો સંપાદિત કર્યા છે. કાલેલકર ગ્રંથાવલિના સહસંપાદક હતા. 'મધ્યકાલીન પદસંચય' (૧૯૯૮), 'મધ્યયુગીન ઊર્મિકાવ્યો' (૧૯૯૮), 'ચરિત્રાત્મક નિબંધસંચય' (૧૯૯૮), આત્મચરિત્રાત્મક નિબંધસંચય' (૧૯૯૮), 'ચિંતનાત્મક નિબંધસંચય' (૧૯૯૮) ઇત્યાદિ એમનાં અન્ય સંપાદનો છે. 'દલપત ગ્રંથાવલિ' અને 'રામનારાયણ વિ. પાઠક ગ્રંથાવલિ ગ્રંથ' ભાગ ૧થી ૯ એમના અન્ય સાથેના મહત્ત્વનાં સંપાદનો છે. આ ગ્રંથાવલિ પૂર્વસૂરિ સર્જકોને તર્પણરૂપ છે.

'ગુજરાતીમાં છંદોરચના' એ છંદની સમજ આપતો એમનો દીર્ઘલેખ છે. એમણે ઉત્તરવયે સાહિત્ય અકાદમી, દિલ્હીની Writer at Residency યોજના હેઠળ છંદો પર કામ કર્યું જે ગ્રંથ પ્રકાશિત થનાર છે.

ચિમનભાઈ ત્રિવેદીએ મધ્યકાલીનથી આધુનિક-અનુઆધુનિક કાળ સુધીની કૃતિઓ વિશે અવારનવાર વિવેચન કર્યું છે. એમના એ લેખો 'ભાવલોક' (૧૯૭૬), 'ભાવમુદ્રા' (૧૯૮૧), 'ભાવબિંબ' (૧૯૯૦), 'ભાવરેખ' (૨૦૦૦), 'ભાવબિન્દુ' (૨૦૦૭) અને 'ભાવચર્યા' (૨૦૦૯)માં સમાવિષ્ટ થયા. ગુજરાત સાહિત્ય અકાદમી,

ગાંધીનગર દ્વારા એમના વિવેચનલેખોમાંથી એમણે જ ચૂંટેલા લેખો ‘ભાવબોધ’ (૨૦૧૨)માં સંગૃહીત થયા છે. ‘Medieval Indian Literature’માં એમણે સમીક્ષા-સંપાદનનું જે કામ કર્યું છે એ અનોખું છે. ‘ભાષા-સમ્માન’ (૨૦૦૦) એના અનુસંધાને જ એમને અપાયું છે. ચિમનભાઈ ત્રિવેદીએ ‘ધનજી કાનજી ગાંધી ચંદ્રક’ (૧૯૯૬), ‘અનંતરાય રાવળ વિવેચક એવૉર્ડ’ (૧૯૯૯), ‘રણજિતરામ સુવર્ણચંદ્રક’ (૨૦૦૯) અને ‘આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી ચંદ્રક’ (૨૦૧૨) ઇત્યાદિ ચંદ્રક-એવૉર્ડ પ્રદાન થયેલા છે.

આજીવન અભ્યાસરત ચિમનભાઈ ત્રિવેદીનું ૩૦ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ અમદાવાદ ખાતે અવસાન થતાં ગુજરાતી સાહિત્યે મધ્યકાલીન સાહિત્યમાં કામ કરનાર અને છંદના અભ્યાસીને ગુમાવ્યો છે. આ વિદ્વાનને આ શબ્દાંજલિ.

18

---

## સાભાર સ્વીકાર

### પ્રકીર્ણ

(૬૪) **જીવન-ઘડતરની કહેવતકથાઓ** : સુરેશ ઠાકર, ૨૦૧૪, આર. આર. શેઠ એન્ડ કંપની મુંબઈ-અમદાવાદ, પૃ. ૧૦૪, કિં. રૂ. ૭૫/- (૬૫) **અખંડ તરસ** : હર્ષદ પંડ્યા ‘શબ્દપ્રીત’, ૨૦૧૪, આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ., અમદાવાદ-મુંબઈ, પૃ. ૮૮, કિં. રૂ. ૭૦/- (૬૬) **સુગંધનો દરિયો** : હર્ષદ પંડ્યા ‘શબ્દપ્રીત’, ૨૦૧૪, આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ., મુંબઈ-અમદાવાદ, પૃ. ૮૮, કિં. રૂ. ૭૦/- (૬૭) **આંગળી ચીંધ્યાનું પુણ્ય** : હર્ષદ પંડ્યા ‘શબ્દપ્રીત’, ૨૦૧૪, આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ., અમદાવાદ-મુંબઈ, પૃ. ૮૮ કિં. રૂ. ૭૦/- (૬૮) **Live Life King સાઇઝ** : વિક્રાન્ત મહાજન, ૨૦૧૪, આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ., મુંબઈ-અમદાવાદ, પૃ. ૧૭૬, કિં. રૂ. ૧૨૫/- (૬૯) **બર્મ્યુડા ટ્રાયેંગલ** : ડૉ. આઈ. કે. વીજળીવાળા, ૨૦૧૪, આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ., મુંબઈ-અમદાવાદ, પૃ. ૧૪૪, કિં. રૂ. ૭૦/- (૭૦) **Winning જીતવાની અનોખી આદત** : અનુ. દિલીપ ગોહિલ, ૨૦૧૪, આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ., મુંબઈ-અમદાવાદ, પૃ. ૧૧૨, કિં. રૂ. ૯૯/-

## 'બચાવનામું' – એક પ્રશિષ્ટ પ્રબંધકૃતિ | પુષ્પા ભટ્ટ

મૂર્ધન્ય કોટિના સાહિત્યકાર પ્રા. ડૉ. રઘુવીરભાઈ ચૌધરીને તા. ૨-૧૧-૧૨ના રોજ મળવાનું થયું. મેં મારો હિન્દી કાવ્યસંગ્રહ 'યુગન્ધરા' એમને અર્પણ કર્યો છે. 'યુગન્ધરા'ની પ્રતો આપવા હું 'રંગદ્વાર'ના કાર્યાલયે ગઈ. એમણે એમની કાવ્યકૃતિ 'બચાવનામું' આપી. એમનું આ પ્રબંધ કાવ્ય મળતાં હું ધન્ય થઈ ગઈ.

આમ તો આ મૂલ્યહ્રાસનો યુગ છે. અને ત્યારે આ કવિ માનવજાતિમાં મૂલ્યસ્થાપન માટે ઉદ્યુક્ત છે. કવિના શબ્દોમાં :

"વિશ્વનું સંયોજન-નિયંત્રણ કરનાર તત્ત્વ છે જેને ઋત કહે છે... સત્ય અને ઋતમાં માનવું એટલે મૂલ્યમાં માનવું. હું જેને મૂલ્ય કહું છું એમાં વ્યક્તિ-સમષ્ટિ-સૃષ્ટિની સમતુલા અપેક્ષિત છે."

તેઓશ્રી આ પ્રબંધકાવ્યના પુરોવચનમાં દર્શાવે છે : "મનુષ્ય મનુષ્ય વચ્ચેનો વિધાયક સંબંધ પરમ તત્ત્વને આભારી છે. મનુષ્ય અને જીવસૃષ્ટિ બલ્કે સમગ્ર બ્રહ્માંડ વચ્ચેનો વ્યક્ત-અવ્યક્ત સંવાદ એ પણ પરમ તત્ત્વનું સ્વરૂપ છે. મારે મન આ મૂલ્ય છે. એનો બચાવ કરવો એ શબ્દસેવીનું કર્તવ્ય છે."

આમ આ કાવ્યકૃતિમાં જીવનમાં જે વિધાયક મૂલ્યો છે એનું બચાવનામું કવિને અપેક્ષિત છે. આ પ્રબંધકાવ્ય નવ સર્ગમાં સંબદ્ધ છે. સત્-અસત્, દેવાસુર જેવાં સનાતન દ્વંદ્વોનું નિરૂપણ કવિએ કર્યું છે. આ પ્રબંધકાવ્યમાં મુખ્ય પાત્રો છે – સોમ, અમી, ભોમ, ગર્ગ ઋષિ, વીરસિંહ વગેરે.

સોમ ઋષિ સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરે છે. તે દૈવી સંપત્તિથી સંપન્ન છે. સાધન-સાધ્ય-વિવેક ધરાવે છે. આધ્યાત્મિક દૃષ્ટિ ધરાવે છે. ભોમ ભૌતિકવાદી દૃષ્ટિકોણ ધરાવે છે. તે આસુરી વૃત્તિ ધરાવે છે. સાધ્ય-સાધન-વિવેકમાં તે માનતો નથી. પરપીડનવૃત્તિ ધરાવે છે. અમી રાજનંદિની છે. એ વીતેલા યુગના કલ્યાણકારી અંશનું પ્રતિનિધિત્વ કરે છે. એ શ્રેયસ્કારી છે. વીરસિંહ એ સોમ અને અમીનો પૂર્વછાત્ર છે. અન્યાય, હિંસા, શોષણવૃત્તિ સામે એ વિદ્રોહનો ભાવ ધરાવે છે. તે ક્રાંતિ ઝંખતા નવલોહિયા યુવાનનું પ્રતિનિધિત્વ કરે છે. આચાર્ય ગર્ગ ઋષિનું પાત્ર અદ્ભુત છે, અનન્ય છે. તેઓ શિષ્યોને કર્મવિવેકની દીક્ષા આપે છે. સકલ વિદ્યાઓમાં, અધ્યાત્મવિદ્યાને, મુખ્ય ગમે છે. 'જીવને શિવથી જોડે એ જ વિદ્યા સદા તરે' એમ તેઓ પ્રબોધે છે.

આ કાવ્યનો શુભારંભ થાય છે પૂર્વોક્તિથી – prologueથી.

**"રચું અલ્પ એકાકી સત્‌નું બચાવનામું**
**અંધકારની અમાસમાં ધ્રુવતારક પામું." પૃ. ૧**

સર્ગ ૧ આરંભાય છે. એનું શીર્ષક છે, 'નિહારિકા'. નિહારિકા તપોભૂમિ છે, ગુરુકુલ છે, વિદ્યાસંકુલ છે. પ્રકૃતિચિત્રથી પ્રથમ સર્ગ આરંભાય છે.

**"ગુર્જરે વન્યવિસ્તારે નીલશૈલ સમસ્થલે**
**નાદ નિર્ઝરના ગુંજે પ્રભાપૂર્ણ ગુરુકુલે**
**ગિરિમાળા જતી પૂર્વે ઉત્તરે તે ભૂલી ગઈ**
**શૈલ ને મધ્ય આનર્તે ફલદ્રૂપા ધરા થઈ." પૃ. ૨**

આ વિદ્યાસંસ્થાના આદ્યસ્થાપક ગુરુ ગર્ગ છે. 'ચાહવું એટલે હોવું' એ આ સંસ્થાનું nucleus છે. લોકર્ષિ ગર્ગાચાર્યે ગોપનાયક કૃષ્ણની ભક્તિ કરી છે. 'ગર્ગસંહિતા' રચી છે. ગર્ગાચાર્યથી દીક્ષિત થયેલી અભીની બધી કામના શમી ગઈ છે. અને એના ચિત્તમાં આવો ભાવ છે :

**"ના થવું મારે ગૃહિણી, કામના શમી."**

અમી બ્રહ્મવાદિની છે. તે મીરાંવૃત્તિ ધરાવે છે. અમી આ વિદ્યાકુંજમાં આવે છે. મંત્રીપુત્ર ભોમ સંપત્તિના જોરે એને પોતાની કરવા ઝંખે છે. આ વિદ્યાધામને દહેજમાં લેવા ઇચ્છે છે.

સોમ સંયમી, તપસ્વી છે. આભિજાત્ય એના કોષેકોષથી છલકાય છે. સોમ સૌમ્યતાની, સરલતાની, સહજતાની મૂર્તિ છે. એને ઋષિધર્મનો પૈતૃક વારસો મળ્યો છે. સોમના વ્યક્તિત્વને કવિ આમ વર્ણવે છે :

**"સોમ છે શાન્ત ને મગ્ન નિજના નિત્યકર્મમાં**
**સ્પર્ધા કે ગર્વ ના, ઝંખે સત્ય ને પ્રેમ ધર્મમાં." પૃ. ૧૪**

સોમ કવિહૃદયી છે. શિશુસહજ વિસ્મય ધરાવે છે. તે છે પ્રકૃતિપ્રિય, સૌન્દર્યપ્રિય. એ નરી સુકુમારવૃત્તિ ધરાવે છે. અમી પ્રત્યે ઉદાત્ત પ્રેમ એના હૃદયમાં છે.

**"સોમને સ્નેહ છે, ઇચ્છે સાહચર્ય સમાદરે;**
**આસક્તિ ના વધે માટે રહે છે કૈંક અંતરે." પૃ. ૨૧**

અમીને તે હૃદયનાં ઊંડાણોથી ચાહે છે. એનો પ્રેમ સંયત છે. એમાં દેહાકર્ષણને કે દેહરાગને સ્થાન નથી. તે કહે છે :

**"મને નથી લાલચ દેહ સ્પર્શની**
**છે જ્ઞાન-વિજ્ઞાન-કલાવિમર્શની." પૃ. ૨૮**

'નિહારિકા' વિદ્યાસંકુલ પર ભોમ પોતાનું આધિપત્ય જમાવે છે અને તેથી સોમ અને અમી નવું વિદ્યાસંકુલ સ્થાપે છે – 'ઉત્તરા.' અમી સાથેનું સોમનું પ્રસન્ન-મધુર અને પ્રસન્નમંગલ દામ્પત્યજીવન આરંભાય છે. જે અમી લગ્નજીવન સ્વીકારવા તૈયાર નહોતી તે ગુરુ ગર્ગાચાર્યની સમજાવટથી ગૃહસ્થજીવન સ્વીકારવા તૈયાર થાય છે. ગુરુ ગર્ગ પ્રબોધે છે :

**"લગ્ન છે યજ્ઞ, દામ્પત્ય ઇષ્ટ માનવધર્મ છે." પૃ. ૬૧**

દામ્પત્યનું મહિમાગાન કવિ આમ ગાય છે :

**"નિચોવી નિજ અસ્તિત્વ છીપમાં મોતી સર્જતી**
**સ્નેહના તપથી નારી માતા ઋતંભરા થતી." પૃ. ૭૮**

સોમ-અમીના દામ્પત્યજીવનના સુભગ ફલ રૂપે જન્મે છે પુત્ર 'જય.'

રાજનંદિની અમી ઋતંભરા પ્રજ્ઞા ધરાવે છે.

**"ધરી છે સત્ય સૃષ્ટિની, ઋત બ્રહ્માંડની ગતિ**
**જ્ઞાનકર્મે ગૃહમાતા અમી ઋતંભરા મતિ." પૃ. ૯**

સત્ય આ સૃષ્ટિની ધરીરૂપ છે. ઋત એ બ્રહ્માંડની ગતિરૂપ છે. જ્ઞાનકર્મે અમી ગૃહમાતા છે. તે ઋતંભરા પ્રજ્ઞા ધરાવે છે. અમી ભોમની સંકર્ષણશક્તિ સામે નારીત્વની – શીલની – અડીખમ ભેખડ બની ઊભી રહે છે.

કવિએ અમી અને સોમના પ્રસન્ન-મધુર, પ્રસન્ન-મંગલ દામ્પત્યજીવનનું વર્ણન સુચારુ ઢંગથી કર્યું છે.

**"ઝીલવા પ્રિયનું તેજ ખીલી પૂર્ણ કુમુદિની**
**દેહ-અદ્વૈતના યોગે અણુએ અણુ સંગિની**
**થયું સ્વાગત આત્માનું ગ્રહે છે નિજ સત્ત્વમાં**
**સમાધિમય આનંદે નારીત્વ પંચતત્ત્વમાં." પૃ. ૬૨**

એમના દેહ સ્વયંપૂર્ણ સ્નેહ બની રહે છે. કાયાની વાણી – સ્પર્શવાક્ સ્પૃહણીય બની રહે છે. કવિ વર્ણવે છે :

**"દેહના અંતઃપુરે**
**આત્મદીપને**
**યુક્ત કરતી, દામિની**
**અર્ધાંગિની." પૃ. ૬૪**

સ-સત્ત્વા અમીનું વર્ણન કવિએ વસંતતિલકા છંદમાં આ રીતે કર્યું છે :

**"દીસે અમી પરમ તૃપ્ત સુપુષ્ટ અંગે,**
**ને અષ્ટમી અનુગ્રહે ઊતરે ઉછંગે.**
**સંતાન સૌમ્ય વરદાન સમાન લાગે**
**સર્વત્ર શુભ મધુમંગલ ગાન જાગે." પૃ. ૬૫**

જ્યાં આત્માથી આત્માનો, હૃદયથી હૃદયનો સ્નેહયોગ સધાય છે તે ક્ષણોનું ધન્ય વર્ણન :

**"પ્રકૃતિ-કૃતિ-સંસ્કૃતિ સંયોજે શુભતત્ત્વને**
**વાદ્યવૃંદ બની અર્પે લય નવ્ય સમત્વને." પૃ. ૬૮**

સોમ અમીને ઉદ્દેશીને ઉચ્ચારે છે :

**"તને કોઈએ મંત્ર આપ્યો નથી,**
**સ્નેહ આપ્યો છે**
**અલખના અનુગ્રહે."    પૃ. ૮૦**

ભોમ છે મૂર્તિમંત આસુરી તત્ત્વ. કવિ એને 'મહાપૌર' તરીકે વર્ણવે છે. તે વિદેશથી પરત ફર્યો છે. વિજ્ઞાની – ભૌતિકવિજ્ઞાનીની અદા છે. ભોમનો પ્રવેશ થતાંવેંત આ ધરામાં વમળો જાગે છે.

**"વમળો વાયુમાં જાગ્યાં, જંપેલા જળ કંપતાં..." પૃ. ૭**

તે ઉપભોગવાદી છે. તે ઉદ્‌ગારે છે :

**"સજાવ્યું વિશ્વ ભોક્તાએ, શક્તિ આ બાહુપાશની**
**ત્યાગનો દંભ છોડીને વિદ્યા શીખો વિલાસની..." પૃ. ૭**

તે પોતે પોતામાં જ રાચે છે. 'હું માનતો મને.' તે વિષવૈભવ ફેલાવે છે. વિશ્વવાણિજ્યની – globalisationની જાળ બિછાવે છે. યંત્રાગારો રચે છે. યંત્રોથી વાયુમંડળ પ્રદૂષિત થાય છે, જળ શોષાય છે. લોકકલ્યાણને નામે આખો પર્વત ખરીદે છે. યંત્રસૃષ્ટિ સમસ્ત પ્રાણીસૃષ્ટિને કલુષિત કરે છે. ભોમ તીવ્ર કામેચ્છા અનુભવે છે. વિદેશમાં જઈને વિલાસના વિશ્વનું ભ્રમણ કરીને તે આવ્યો છે. ભોમની પ્રાણમય સત્તાને – Vital beingને – કવિએ યથાતથ વર્ણવી છે. પોતે સંપત્તિના જોરે અમીને પોતાની કરવા ઇચ્છે છે. સૌમ્ય અમી તો સોમનિષ્ઠ છે અને ભોમના અદમ્ય આકર્ષણ સામે દૃઢ નારીત્વ દાખવે છે. ઉદ્દણ્ડ ભોમ તો પોતાની વિધ્વંસલીલા આચરતી જ જાય છે.

**"વન વેઠ્યાં, હવે યંત્રો લાવ્યા છે શૈલ તોડવા,**
**કરી સાકારને ભસ્મ, સિમેન્ટે સ્વાર્થ જોડવા.**
**દાઝે છે પુષ્પ ને પર્ણો, સુકાતી વનવેલીઓ**
**વધેલા તાપ-ઉત્પાતે નવી જાગી પહેલીઓ." પૃ. ૩૯**

ભોમના અત્યાચારોને લઈને સોમ અને અમીને 'નિહારિકા' વિદ્યાસંકુલ છોડવું પડે છે. ભોમ 'અર્થ' અને 'ઉત્કર્ષ' જેવાં વાણિજ્યકેન્દ્રો ઊભાં કરે છે અને વિકસાવે છે. 'ઉત્કર્ષ'ના ઠાઠમાઠને કવિ વીગતસભરતાથી વર્ણવે છે :

**"આવે અમાપ અહીં શાસનમાન્ય દ્રવ્ય,**
**સ્થાપત્ય-શિલ્પ અવનવાં, ભવનોય ભવ્ય.**
**'ઉત્કર્ષ' થાય અતિખ્યાત વિદેશનાતે**
**આતિથ્યમાં સુલભ છે મધુપર્ક રાતે." પૃ. ૬૭**

હવે તે વિદેશિની હેલનને અંકશાયિની બનાવે છે. એ એની સાથે રંગરાગમાં લીન રહે છે. નર્યો ભૌતિકવાદી, કામુક ભોમ યૌનરોગનો ભોગ બને છે, તેમ છતાંય તે તેની

દુર્વૃત્તિને છોડતો નથી. સોમના બધા જ સંબંધીઓ અને સહયોગીઓ વિસ્ફોટમાં મરે એવી દુર્ભાવના તે સેવે છે. પણ તે કામિયાબ થતો નથી. અંતે તે વિદેશ જવાની તૈયારી કરે છે.

આ પ્રબંધ કાવ્યમાં નિસર્ગશ્રીનાં રમ્ય વર્ણનો ધ્યાનાર્હ છે. આ કાવ્યનો આરંભ જ પ્રકૃતિવર્ણનથી થાય છે. સર્ગ બીજામાં – 'સરોવર'માં – પ્રકૃતિનું રમણીય ચિત્ર જુઓ :

**''મૌનમુખર થઈ**
**ઘટામહીં રંગ છે કેવો**
**ડાળડાળની વચ્ચેનો લીલો ભૂરો અવકાશ !**
**ક્યાંક તો ઉજાસની કૂંપી-શી**
**કૂંપળ ફૂટી પંખી પાસ.'' પૃ. ૧૫**

**'પરિમલજળની નભગંગામાં કિરણ ચંદ્રનાં રમે.' પૃ. ૧૬**

પરિમલરૂપી જળ અને એનીય નભગંગા એવું અનુપમ રૂપક તો રઘુવીરભાઈને જ સૂઝે.

આ કૃતિમાં હિમાદ્રિનું આલેખન :

**''શ્રીક્ષેત્રે જે કલકલ સરે દિવ્ય કેદારગંગા,**
**આકાશેથી રજત દ્રવતી બ્રહ્મકુંડે શુભંગા.**
**હિમાદ્રિમાં ઈશ અવતરે શુભ્ર સૌન્દર્ય નામે**
**વૃક્ષો ધ્યાને અચલ વિલસે, પંખીઓ તીર્થ પામે.'' પૃ. ૩૦**

'તાકાત તૃણ'નીમાં વર્ષાનું વર્ણન :

**''વર્ષા વિરામ પછીયે રિમઝિમ ચાલે**
**માટી રસાળ ઊડતી જય આર્દ્ર ભાલે''**

* * *

**''ભારો ઉપાડી શિર-પે જતી ગોપકન્યા**
**તેડે ત્વરાથી જયને, હરખંત ધન્યા.'' પૃ. ૬૯**

કવિની સૂક્ષ્મ નિરીક્ષણદૃષ્ટિ સુરેખ ચિત્રો ઉપસાવે છે, જેમ કે –

**''પંખીનાં પગલાં પાડે સ્વસ્તિકો શ્વેત રેતમાં**
**કાંઠાનાં વૃક્ષનાં બિંબો રમાડે જલ હેતમાં.'' પૃ. ૯૫**

પંખીનાં પગલાં રેતમાં સ્વસ્તિકો રચે છે એમાં કાવ્યાત્મકતા કેવી તો છલકાય છે !

સત્ય અને ઋતને સ્થાપવું એ આ પ્રબંધકાવ્યનો ધ્વનિ – Suggested Meaning – છે.

**‘ધરી છે સત્ય સૃષ્ટિની, ઋત બ્રહ્માંડની ગતિ’**

સત્ય એ સૃષ્ટિની ધરીરૂપ છે અને ઋત એ બ્રહ્માંડની ગતિ છે. ઋતને (Universal law) લઈને જ બ્રહ્માંડની ગતિ છે. આખું વિશ્વ વૈશ્વિક કાયદાથી – ઋતથી આરંભાયું છે અને ટક્યું છે અને સમાયોજન પામી શક્યું છે. આ સત્ય અને ઋતની પુનઃપ્રતિષ્ઠા કરવાનું આર્ષદ્રષ્ટા કવિ તાકે છે.

આચાર્ય ગર્ગ લોકર્ષિ છે અને એમને મુખે જીવનનું દર્શન – Philosophy of life – સ્વયં સ્ફુરે છે. નર અને નારીની સમન્વિત શક્તિ જ સર્જક ઊર્જા જગાવે છે.

**“અધૂરા નરની શક્તિ નારી છે : સૌમ્ય સંપદા,**
**મળીને બેઉની ઊર્જા બને સર્જક સર્વદા.”** પૃ. ૪૯

‘સંકલ્પે પ્રાપ્ત સંસ્કૃતિ’માં ગર્ગ પ્રબોધે છે :

**“સ્થિતિ ને ઉન્નતિ કાજે શ્રેયઃસાધન ધર્મ છે,**
**મમત્વ કરીને શાન્ત અર્પે સમત્વ સર્વને.”** પૃ. ૫૧

‘કામ’ને તેઓ દેવ ગણાવે છે.

**“કામ છે દેવ, ના ભોગો; વધે એ નિત્ય ભોગથી**
**સંતતિ કાજ એ સેવ્ય રહે સંયત યોગથી.”** પૃ. ૫૧

અહીં મહાભારતકાર વ્યાસની આર્ષવાણી આપણને સંભળાય :

न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मैव भूयः एवाभिवर्धते ॥

આ પ્રબંધકાવ્યના કેન્દ્રરૂપ આ પંક્તિ છે –

**“ચાહવું એટલે હોવું – એ જ અસ્તિત્વની ધરી”**

અહીં શ્રી અરવિન્દના મહાકાવ્ય ‘સાવિત્રી’નું તત્ત્વદર્શન પરિસ્ફુટ થતું ભાસે :

“...to feel love and oneness is to live.” Shri Aurobindo

સત્યને જો પ્રેમનો સાથ હશે તો નવા યુગે નવા રૂપે ધર્મસંસ્થાપનાર્થે અવતાર પુરુષ અવતરશે જ એવો શ્રદ્ધાનો સૂર સંભળાય છે.

**“સત્ય હો એકલું ચાહે, પ્રેમનો સાથ જો હશે,**
**નવા યુગે નવા રૂપે ગામને રામ દોરશે.”**

ગીતાપ્રોક્ત કૃષ્ણનાદ `ôÜÏÍÚ1ÚÜÝÏÜ ÑÜàÄÜå ÑÜàÄÜå' કેવી સહજસરલ ગુર્જર ગિરામાં અનુરણાય છે.

આ પ્રબંધકાવ્યને અંતે સોમ અમીને પૂછે છે : “શ્રદ્ધાનું તેજ જાગશે ?”

ભાવકચિત્તમાં આવો પ્રશ્નાર્થ ઊડી જાય છે અને માત્ર ને માત્ર વિધાયક સર્જકની પ્રતીતિ ઘૂંટાય છે. “હા, શ્રદ્ધાનું તેજ જાગશે.” આ શ્રદ્ધાનું તેજ જ અખિલ બ્રહ્માંડમાં વિસ્તરી રહેશે.

છંદોવિધાન

આ પ્રબંધરચના સર્જતાં પહેલાં અછાંદસ પ્રવાહ વહેતો રહ્યો. કવિએ ત્રણેક દાયકા આ રચના પાછળ ગાળ્યાં છે, પણ પછી કવિ છંદોબદ્ધ રચના માટે પ્રેરાય છે. કવિ કહે છે : ''છંદરચનાને સંયત કહે છે, લાઘવ માટે પ્રેરે છે. અનુષ્ટુપ કવિતા અને ગદ્ય વચ્ચે સંયોગ સાધવામાં મદદ કરતો છંદ છે.

આ સમગ્ર પ્રબંધરચનામાં કવિ મહદંશે અનુષ્ટુપ છંદ પ્રયોજે છે. આ દીર્ઘ રચનામાં કથાતત્ત્વ સંયોજાયું છે અને ત્યારે અનુષ્ટુપ છંદ સવિશેષ ઉપકારક બને છે. આ છંદ દ્વારા કવિએ લાઘવની કલા સિદ્ધ કરી છે. અનુષ્ટુપ ઉપરાંત ક્યાંક વસંતતિલકા, શાર્દૂલવિક્રીડિત, મંદાક્રાન્તા જેવા છંદો પણ યોજ્યા છે તો ક્વચિત્ અછાંદસનો પ્રવાહ પણ દેખાય. એમનું અનુષ્ટુપ છંદ પરનું પ્રભુત્વ પ્રશસ્ય કોટિનું રહ્યું છે. ગુર્જરગિરા અને ગીર્વાણ ગિરા સંસ્કૃતની ગરિમા, એની દીપ્તિ અહીં ઝળહળે છે. અનુષ્ટુપની પ્રવાહિતા ભાવકચિત્તને પોતાની સાથે લીલયા ખેંચી જાય છે.

આપણાં રામાયણ, મહાભારત જેવાં કાવ્યો અનુષ્ટુપ છંદમાં રચાયાં છે. આ પ્રબંધકાવ્યમાં કવિએ પ્રયોજેલો અનુષ્ટુપ છંદ કવિની સિદ્ધહસ્તતાની સાખ પૂરે છે.

**वर्णनात् च दर्शनात् च कविः ।**

અહીં પ્રકૃતિનાં, મનુજપ્રકૃતિનાં, હૃદયમંચનોનાં તાદૃશ વર્ણનો છે. વૃક્ષને જેટલી સહજતાથી ડાળ ફૂટે, ફૂલ ફૂટે, ફળ બેસે તેટલી સહજતાથી જીવનદર્શન, સંસ્કૃતિદર્શન પ્રકટ્યું છે. કવિની વાણી ઔપનિષદિક ઉત્તુંગતાને ધારે છે. આ કૃતિને 'ઋતોપનિષદ' કહેવાનું આપણને મન થાય. એની વસ્તુસંકલનાની સુગ્રથિતતા એક પ્રશિષ્ટ કાવ્યકૃતિ તરીકે 'બચાવનામું'ને સ્થાપી આપે છે.

□

## નિરીક્ષણોની સ્મૃતિ-કેફિયત | અજય પાઠક

[**દીઠું મેં...** : લે. હસમુખ શાહ, પ્રકા. રંગદ્વાર પ્રકાશન, પ્ર. આ. ૨૦૧૩, પૃ. ૩૩૮+૧૭, કિં. રૂ. ૨૫૦/-]

'દીઠું મેં...' પુસ્તકમાં શ્રી હસમુખ શાહનાં નિરીક્ષણોની સરસ સ્મૃતિ-કેફિયત પ્રાપ્ત થાય છે. આઇપીસીએલના ચેરમેન તરીકે તેમની એક પ્રતિષ્ઠા અને બીજી પ્રતિષ્ઠા ઈ. સ. ૧૯૭૭માં જનતા પક્ષની સરકારના વડાપ્રધાન શ્રી મોરારજીભાઈના અંગત સેક્રેટરી તરીકેની. મિત્રો અને સ્નેહીઓની લાગણીઓને માન આપી તેમણે સ્મૃતિના આધારે કેટલીક કેફિયત આપી છે. લેખક આમુખમાં જણાવે છે કે ''આ પુસ્તક કોઈ વાચક વાંચે તો તે એક નિરીક્ષકનું લખાણ છે એમ સમજીને વાંચે.'' એટલે આ લલિત સાહિત્યકૃતિનું સર્જન હોવાનો લેખકનો ખયાલ નથી. એમ આ માત્ર નિરીક્ષણોની સ્મૃતિના આધારે કરેલી

નોંધ છે; દસ્તાવેજી આધાર પર લખાયેલું પુસ્તક નથી. વળી લેખકને કેટલીક વ્યક્તિ-પ્રતિભાઓ વિશે નોંધ લખવાનું પ્રાપ્ત થયું ત્યારે પણ પત્રકારિત્વ કે અધ્યાપકીય અભિગમ રાખીને સંદર્ભસમૃદ્ધ, શૈલી સમૃદ્ધ લેખ કરવાની મહત્ત્વાકાંક્ષા વિના માત્ર પ્રસંગઆધારિત સ્મૃતિનોંધો – કેફિયત આપી છે. લેખનમાં શબ્દસંયમ, અભિવ્યક્તિલાઘવ, તાટસ્થ્ય વગેરે ગુણોથી શોભતું એક વહીવટદક્ષ વ્યક્તિનું નમ્ર ભાવે રજૂ થયેલું શબ્દ-ચિત્ર પ્રાપ્ત થાય છે. આત્મકથનાત્મક અંશો ધરાવતું, સર્જનાત્મક શૈલીથી દૂર રહીને કરેલ વ્યક્તિચિત્રો, આલેખનો વગેરેમાં એક સમતોલ, પરિપક્વ લેખકનો આપણને પરિચય મળે છે. ઉચ્ચ કક્ષાએ રહીને જે કામગીરી બજાવવાની લેખકના ભાગે આવી છે તેમાં જે લેખનશિસ્ત, નિરીક્ષણમાં બીનઅંગતતા તેમ સમતોલપણું વગેરે કેળવાયાં. આ ગુણોનું આ પુસ્તકના આલેખનમાં પ્રતિબિંબ જોવા મળે છે. લેખકનું આંતર્‌જગત ભાવસમૃદ્ધ છે, તેમનો સાહિત્ય, કલા, પ્રકૃતિ અંગેનો રસ પ્રબળ છે, પરંતુ ગુજરાતી ભાષામાં સર્જન કરવા અંગે થોડો સંકોચ અનુભવે છે. આમુખમાંના લેખકના શબ્દો જોઈએ – ‘‘હું મારા બાળપણ વિશે લખવા ઇચ્છું. આર. કે. નારાયણ જેવી કલમ હોય તો હું જ્યાં જ્યાં રહ્યો છું તે ગામોની કથા કંઈ માલગુડીથી ઊતરતી નથી. પરંતુ એવી લેખિની ક્યાંથી લાવવી ? લખવા બેસું તોપણ કૅનવાસ ઉપર મોટા લસરકા જ થઈ શકે, બારીક નકશીકામ ન થાય.’’ અહીં નોંધીએ કે ગુજરાતના બે મોટા સાહિત્યકારોએ ઉમળકાભેર પુસ્તકને આવકાર્યું છે. ૪થા મુખપૃષ્ઠ પર શ્રી શિરીષ પંચાલ અને શ્રી સિતાંશુ યશશ્ચંદ્રનાં અવતરણો મૂકવામાં આવ્યાં છે તે જોઈએ.

૧. ‘‘આ સંસ્મરણોનું દસ્તાવેજી મૂલ્ય તો છે જ, સાથે સાથે આપણને ૧૯૬૫ પછીનાં વરસો દરમિયાનનું ભારતનું એક સુવ્યવસ્થિત ચિત્ર પણ જોવા મળશે. એમાં કશી સનસનાટી નથી, પોતાના વ્યક્તિત્વને આગળ ધરવાની કશી લાલસા નથી. આને નિમિત્તે આપણને એક પ્રામાણિક, નિષ્ઠાવાન, અધિકૃત ચિત્ર સાંપડે છે અને એ આપણા માટે વધારે મહત્ત્વનું છે. આ એક આપણા જાહેર જીવનનો ઉત્તમ દસ્તાવેજ છે.’’ (શિરીષ પંચાલ)

૨. ‘‘... ‘દીઠું મેં ’ એ પુસ્તક રાજ્ય મીમાંસા અને વ્યક્તિ-સમાજ-રાજ્યના અનુબંધોની સમજણ સ્વાનુભવે કેળવવા મથતા એવા આવતી કાલના ગુજરાતી વાઙ્મય માટે, રાજ્યરંગની નહીં પણ સમયરંગની ધારામાં એક ઉદાહરણ પેરેડાઇમ બની શકે, એવું પુસ્તક છે.’’ (શીતાંશુ યશશ્ચંદ્ર)

આ પુસ્તકને શ્રી શિરીષ પંચાલની ૭ પાનાંની પ્રસ્તાવના પ્રાપ્ત થઈ છે અને શ્રી શિતાંશુ યશશ્ચંદ્રનું ૬ પાનાંનું અનુવચન પ્રાપ્ત થયું છે. પુસ્તકની મહત્તા અંકાઈ છે તે અંગે પ્રસન્નતા વ્યક્ત કરીને પુસ્તકના આસ્વાદ્ય અંશો ચીંધવાનું મન રોકી શકાતું નથી.

પુસ્તક બે ભાગમાં છે. પહેલાં ૧૬૧ પાનાંમાં ૩૪ પ્રકરણમાં પોતાના વતન, બાળપણ, શિક્ષણ, કુટુંબ અને પોતાના વ્યક્તિત્વ વિકાસ અંગે વાત કરી છે, પોતાના ઘડતરમાં માતા-પિતા, ભાવનગર-અમદાવાદ વગેરેનો ફાળો વગેરની વાત કરીને ‘પાથેય’

(૧૯૫૭-૧૯૬૯), 'પાથેર-૨', 'આઈપીસીએલ-૧' વગેરે પ્રકરણોમાં ક્રમશઃ વ્યક્તિત્વવિકાસ કેમ થતો આવે છે તે બહુ નરવી કલમે આલેખાયું છે.' રાજદરબારે (૧૯૭૭-૮૨) પ્રકરણ રાજકારણ-સમાજકારણમાં રસ ધરાવતા વાચકને ખૂબ ગમે તેવું છે. બલકે મોરારજીભાઈના સેક્રેટરી તરીકે કઈ રીતે, કેવા સંજોગોમાં પોતે પસંદગી પામ્યા, અન્ય કઈ વ્યક્તિઓ સાથે હતી, મોરારજીભાઈની જાણીતી ગાંધીવાદી શિસ્ત અને રાજકારણના રંગોની ઝલક અહીં જોવા મળે. 'આઈપીસીએલ-૨' અને 'પગ વાળીને કેમ બેસાય ?' પ્રકરણો પણ એટલાં જ રસપ્રદ બન્યાં છે. ડૉ. ગાંગુલીને પાંચ વર્ષની મુદત પૂરી થયે એમની મુદત લંબાવવામાં ન આવી તે પ્રસંગનાં સંભવિત કારણોનું સંયમપૂર્વક થયેલું કથન, એક મોટા માથા અંગેની વાત – એમનું સ્ત્રીદાક્ષિણ્ય, એમની અપેક્ષાઓ અને લેખકની મક્કમતા વગેરે તથા એક નાના માથાની વાત – તેમની લેખકને ભીડવવાની પદ્ધતિ અને લેખકે જે રીતે ઝીંક ઝીલી તે બયાન, માહિતીપ્રદ એવં રસપ્રદ બને છે. કલા અને સાહિત્યની રુચિ કેળવાય તે માટે થયેલા પ્રયત્નો પણ નોંધપાત્ર છે, લેખકના વ્યક્તિત્વના પરિચાયક છે. 'પગ વાળીને કેમ બેસાય ?' પ્રકરણમાં પોતાની અસાધ્ય બીમારી અને તેના ઉપચારોનું વર્ણન રસ પડે તેવું છે. ૧૯૭૯થી રેસ્ટલેસ લેગ સિન્ડ્રોમ (આર.એલ.એસ.) રોગથી લેખક પીડાતા હતા, નિવૃત્તિ પછી આ બીમારી વધી. આ આખી વાત સરસ રીતે કહેવાઈ છે.

કથનશૈલીમાં 'મેં'ની જગ્યાએ 'અમે' વપરાયું છે. અહીં કેફિયતમાં આવતો હું વાચકને નડતો નથી. 'અમે'ના પ્રયોગ છતાં એવી નરમાશથી, હળવાશ સાથે કથન થઈ રહ્યું છે કે વાચકને પોતાની સાથે લેખક કથનપ્રવાહમાં જોડી શકે છે. કચ્છના નાના રણની ધારે આવેલા બજાણા નામના ગામનું એક બાળક વિકસતાં વિકસતાં દિલ્હી દરબારમાં મહત્ત્વના સ્થાન પર પહોંચે, વિશ્વભરમાં મહત્ત્વના પ્રસંગોએ કામગીરી બજાવે – આ વ્યક્તિત્વની વિકાસગાથામાં લેખકનો 'હું' નાનો રહીને કેવાં કામો સિદ્ધ કરી શકે છે તેનું રહસ્ય પમાય છે.

પુસ્તકના ભાગ-૨માં ૧૭૧ પૃષ્ઠોમાં ૩૦ પ્રકરણમાં વિવિધ મહાનુભાવો વિશે લેખકનાં નિરીક્ષણો મુકાયાં છે. પહેલાં ૬ પ્રકરણમાં ૧૯૭૭ની જનતા પક્ષની સરકારના પ્રધાન મંડળની રચનાથી શરૂ કરી મોરારજી દેસાઈ અંગે ૨ પ્રકરણ, વડાપ્રધાનની ઑફિસ વિશે, તેમાં કામ કરતી વ્યક્તિઓ વિશેની વાત છે. ત્યારબાદ ઇંદિરા ગાંધી, ચૌધરી ચરણસિંહ, ખંડુભાઈ દેસાઈ, સંજીવ રેડ્ડી વગેરે રાજકીય પ્રતિભાઓ વિશેનાં લેખકનાં રંગદર્શી શૈલી વિનાનાં તથ્ય આધારિત ચિત્રો મળે છે. 'ઈશાને' અને 'જોરહાટ' પ્રકરણો ખૂબ જ રસપ્રદ અને માહિતીપ્રદ બન્યાં છે. 'ઈશાને'માં નટવર ઠક્કર નામે ગાંધીવાદી કાર્યકર વિશે નોંધ છે, આંદમાન-નિકોબાર વિશે નોંધમાં ત્યાંની લુપ્ત થતી જતી આદિવાસી જાતિ અંગે નોંધ છે તે તથા લિટલ આંદામાનના છેક દક્ષિણ છેડે એક નાનકડા શીખ પરિવારની વાત, એક શીખ ઑફિસર ત્યાંના આદિવાસી લોકોનો કઈ રીતે વિશ્વાસ કેળવે છે તેની નોંધ – બધું જ બહુ સંક્ષેપમાં, પણ ઉત્તમ. લેખક સમાજશાસ્ત્ર વિષયમાં

પોસ્ટગ્રૅજ્યુએટ છે તથા વહીવટી-તંત્રનો સહાયક દૃષ્ટિકોણ ધરાવે છે તે જોવા મળે છે. 'જોરહાટ' પ્રકરણ એ માટે અગત્યનું ગણાય કે મોરારજીભાઈને લઈ જતા વિમાનને મોટો અકસ્માત નડેલો તે સમયનું યથાતથ બયાન અહીં તેમના સહપ્રવાસી એવા પ્રસ્તુત પુસ્તકના લેખકની કલમે આલેખાય છે. વળી, લેખકે અહીં અકસ્માતના ૭૨ કલાકની અંદર લખાયેલ પત્ર / અહેવાલ તા. ૭-૧૧-૭૭ પ્રસિદ્ધ કર્યો છે. લેખક કહે છે, ''અમારું બયાન હકીકતની દૃષ્ટિએ સરકારી અહેવાલથી નજીક છે – એના જેટલી વિગત અને ટેક્નિકલ રજૂઆત ન હોવા છતાં.'' આ જાણીતી ઘટના અંગે આટલો અધિકૃત અહેવાલ રસ ધરાવનારને અચૂક ગમશે. આવા કટોકટીના સમયે હસમુખ શાહે બજાવેલી હિંમતભરી, સ્વસ્થતાભરી કામગીરીની જાણકારી મળશે જેમાં તેમના વ્યક્તિત્વનું અનન્ય પાસું પ્રગટ થાય છે. સરકાર તરફથી આ માટે તેમને ટૂંકો પ્રશંસાપત્ર પ્રાપ્ત થયો હતો તે પણ અહીં મુકાયો છે. આ ગૌરવપ્રદ બાબત છે.

'સત્યના આંશિક પ્રયોગો,' બે જોટાળી બંદૂક – આ બે પ્રકરણોમાં લેખકની સુંદર લેખિનીનો પરિચય મળે છે. 'જનરલ ઇલેક્ટ્રિક કંપની' વિશેના લેખમાં હસમુખ શાહના વ્યક્તિત્વનો પ્રભાવ અને વાટાઘાટોનું કૌશલ્ય જોવા મળે છે. વાટાઘાટોને અંતે GE અને આઈપીસીએલના સંયુક્ત સાહસ અંગેના કરારો પર સહીસિક્કા થયા. ઘણા સમય પછી, ભારતની IITના અમેરિકાસ્થિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના વૉશિંગ્ટનમાં યોજાયેલ મિલનસમારંભમાં જેક મુખ્ય મહેમાન હતા. એમને પૂછવામાં આવ્યું કે એમણે ભારત તરફ આટલી આશાભરી મીટ કેવી રીતે માંડી ? લેખક કહે છે : આનો સામાન્ય રીતે તો ''આઈ.ટી.માં ભારતની પ્રગતિને કારણે'' એવો જવાબ અપેક્ષિત હોય. પણ સૌના આશ્ચર્ય વચ્ચે એમણે કહ્યું કે કેમિકલ ઉદ્યોગની એક વ્યક્તિ હસમુખ શાહ મને ભારતમાં ખેંચી લાવી છે.'' આ વાતનો ઉલ્લેખ જરૂર ગૌરવપ્રદ બની રહે છે.

કિશોર પારેખ ફોટો જર્નાલિઝમનું જાણીતું નામ છે. રશિયામાં તાશ્કંત મંત્રણા પછી મોડી રાતે શાસ્ત્રીજી પોતાના નિવાસે વિચારમગ્ન સ્થિતિમાં આંટા મારતા હતા ત્યારે બહારથી બારીમાંથી તેમની તસવીર કિશોર પારેખે લીધેલી તે શાસ્ત્રીજીની અંતિમ તસવીર બની રહી. સવારે શાસ્ત્રીજીનું નિદ્રા દરમિયાન જ મૃત્યુ થયું હતું. આ તસવીર જગપ્રસિદ્ધ બની રહી. અહીં કિશોર પારેખ વિશે ખૂબ જ રસપ્રદ લેખ પ્રાપ્ત થાય છે. લેખનો આરંભ લેખકની સર્જકશક્તિનો પરિચાયક છે. જોઈએ : ''એમણે સમથળ જમીન શોધી. નીચે ઘાસ ઉપર પોતાનો કૅમેરા હળવેકથી મૂક્યો. આથમતા સૂરજ તરફ એક લાંબી મીટ માંડી. પછી કશી ઉતાવળ વગર ચોખ્ખા પથ્થર ઉપર માથું ટેકવી નિરાંતે લંબાવ્યું. એ નીરવ શાંતિમાં આંખ મીંચી, ફરી કદી ન ખોલી... કિશોર પારેખ અનેક વાર હિમાલયમાં ફરેલા અને હંમેશાં એ નગાધિરાજને નવા સ્વરૂપે જોતા અને દર પ્રવાસે એમની હિમાલયની ખોજ ચાલુ રહેતી. આ યાત્રામાં વેલી ઑફ ફ્લાવર્સમાં આંખ મીચતાં પહેલાં એમના પ્રિય શિખર નંદાદેવીને પણ જોયું હશે અને પછી એમની અંતિમ પળ પસંદ કરી હશે.'' આખો લેખ નમૂનારૂપ રેખાચિત્ર બની રહે છે. આવો જ રસપ્રદ લેખ ધીરુભાઈ અંગેનો છે,

ધીરુભાઈ અંબાણી. ''ધીરુભાઈ સાથેનો અમારો નાતો જુદા જ પ્રકારનો હતો – બે હરીફ વચ્ચે ભાગ્યે જ હોય એવો.'' એમ નોંધી લેખક ધીરુભાઈ સાથેના ત્રણ અનુભવો વર્ણવે છે. વાંચવા જેવા છે.

અહીં મોરારજીભાઈ વિશે જે માહિતી મળે છે તે મૂલ્યવાન છે. પણ રાજકારણમાં શાસ્ત્રીજી જેવી વ્યક્તિ કેવા ખેલ પાડી શકે, કુલદીપ નાયર પત્રકાર હોઈને પણ રાજરમતમાં કેવી નાની-શી પણ અસરકારક રમત રમી જાય, ચૌધરી ચરણસિંહ કે ઇંદિરાજી વિશેની ઉલ્લેખની સારી બાજુની સ્મરણનોંધ મળે છે તે આસ્વાદ્ય એવં સ્મરણીય અંશો છે. ભાવનગરના સમાજજીવન વિશેનું એક જ વાક્યમાં સચોટ નિદાન યાદ રહી જશે.'' થોડામાં રાજી રહેતાં ભાવનગરને આવડે અને કોણ જાણે કાયમ પરવડે.'' જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં લેક્ચરર તરીકે લેખકે કારકિર્દીની શરૂઆત કરેલી. એન. એન. ભરૂચા ત્યારે ત્યાં પ્રિન્સિપાલ હતા. ભરૂચાસાહેબ વિદ્યાર્થીપ્રેમી હતા. લેખકને ભાવનગરના પોતાના જૂના વિદ્યાર્થી તરીકે પોતાના બંગલામાં સાથે રાખેલા. એ સંસ્મરણ આલેખતાં લેખક કહે છે, ''ભરૂચા સાહેબ આજન્મ કુંવારા. એક મુસ્લિમ બાઈ એમની રસોઈ કરે અને મારું ટિફિન ગ્રીન લોજમાંથી આવે. સાંજે અમે સાથે જમીએ. ભરૂચાસાહેબ જે પ્રેમથી અમને વધુ જમવા આગ્રહ કરે તે અદલ માના જેવો પ્રેમ હતો.'' આવાં અનેક આકર્ષક રસબિંદુઓ છે. આમુખમાં લેખકની એક અભિલાષા વ્યક્ત થઈ છે. ''અમારી સંસ્કારયાત્રાઓ એ અમારું મોટું પાથેય રહ્યું છે. ક્યારેક એમ થાય કે મને ગમતાં શહેરો – કાશી, જેરૂસલામ, ઈસ્પહાન, પૅરિસ, કુઝકો – વિશે પણ મોજથી નિરાંતે લખું.'' ''દીઠું મેં...''ના આસ્વાદ પછી વાચક જરૂર અનુરોધ કરશે કે હસમુખભાઈ, તમારી લેખિની કેડી મટીને રાજમાર્ગ બની રહે તેમ મુક્ત મને શબ્દવિહાર કરો, હૃદયમાં સંચિત છે તેનો આસ્વાદ ગુજરાતી ભાષા દ્વારા સૌને કરાવો.

18

# આવરણચિત્ર : સંદર્ભનોંધ

**પીયૂષ ઠક્કર**

શિલ્પનું શીર્ષક : વનરાજા 'Vanraja (King of the Forest)'
શિલ્પકાર : મૃણાલિની મુખરજી (જ. ૧૯૪૯, મુંબઈ – મૃ. ૨ ફેબ્રુઆરી ૨૦૧૫, નવી દિલ્હી)
માધ્યમ : રંગીન શણ; વર્ષ : ૧૯૯૦-૯૪

શિલ્પકાર મૃણાલિની મુખરજીનું નામ અગ્રગણ્ય શિલ્પકાર તરીકે સુખ્યાત છે. ચિત્રકાર અને અધ્યાપક વિનોદવિહારી મુખરજી (૧૯૦૪-૧૯૮૦)ના અને સિરેમિક કળાકાર લીલા મુખરજીનાં તેઓ એકનાં એક દીકરી. મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરાની ફાઇન આર્ટ્સ ફૅકલ્ટીમાંથી મૃણાલિનીબહેને પહેલાં ચિત્રકળા (૧૯૬૫-૭૦)નો અને પછી કે. જી. સુબ્રમણ્યન્ 'મણી સર' (૧૯૨૪-)ના માર્ગદર્શનમાં મ્યુરલ ડિઝાઇન (૧૯૭૦-૯૨)નો અભ્યાસ કર્યો. એમનાં શિલ્પો દેશવિદેશમાં પ્રદર્શિત થયાં છે. ૨૦૧૪માં સાઉથ કોરિયા ખાતે આયોજિત દસમા Gwangju Biennale માટે એમની કૃતિઓનું ચયન થયું હતું.

વસ્તુઓને બાંધવા, સાંકળવા, સંકેલવા માટે શણ(કાથીનું દોરડું, સૂતળી)નો ઉપયોગ થતો આપણે જોયો છે, પણ એના વડે શિલ્પો રચાતાં જોયાં છે ? રંગીન દોરડાં ગૂંથી ગૂંથી (અને ગૂંથાયેલાંનો પ્રયોગ કરીને) મૃણાલિનીબહેન એ કરિશ્મો કરી જાણતાં હતાં. શણ જેવા પૂર્વે અપ્રચલિત એવા પદાર્થને તેઓ માધ્યમ બનાવી શક્યાં હતાં. સાંભળ્યું છે કે આ શિલ્પો એવાં મહાકાય કે વર્ષભરમાં તો માંડ બે જ રચાતાં. શિલ્પોના વિષયસંદર્ભ પણ અરૂઢ, જેમ કે વનદેવતા, અરણ્યની, પુષ્પ વગેરે. મૂળે તો આ બધાં જ પ્રકૃતિનાં પ્રેરક રૂપો. એમના જ શબ્દોમાં જોઈએ : મારો ઉછેર ઉપવનોનાં શહેરોમાં થયો. એટલે જ મારી કળાકૃતિઓમાં વનસ્પતિઓ – પુષ્પોનું પ્રાધાન્ય છે. પ્રકૃતિ તરફના મારા લગાવને સમજવાનો એમાં પ્રયાસ છે.' (સારાનુવાદ : લેખક) કળાવિવેચકોએ એમનાં શિલ્પોમાં આદિમ ચેતનાનો સંસ્પર્શ અનુભવ્યો. પુષ્પની વિશાળતા જનેન્દ્રિયના સ્મરણ સુધી લઈ જાય. વિશાળ સ્ત્રી આકૃતિઓ આપણા નવાશ્મયુગીન આદિ માતા (Mother Goddess)ની સ્મૃતિ જાગ્રત કરે. એમના પ્રત્યેક શિલ્પમાં આઇકૉનિક (iconic) બનાવતું પાસું સબળ છે. આગળ જતાં કાંસા અને સિરેમિક પર પણ એમનું મન ઠરે છે. કાંસાના માધ્યમને પણ તેઓ એ રીતે પ્રયોજતાં જાણે માટી. કાંસા જેવું કઠોર, સઘન અને સુદૃઢ માધ્યમ મૃણાલિનીબહેનની સર્જકતાના તાપે લવચીક બની જાય છે.

આવરણ પર મૂકવામાં આવેલી ઇમેજ શણમાં રચાયેલાં શિલ્પની છે. વનના રાજાને

છાજે એવા ઠાઠ અને અસબાબમાં જાણે દૈવી પ્રતિષ્ઠા. અહીં નૃસિંહાવતારનું પણ સ્મરણ ઝબકી જાય. શિલ્પમાં ઘેરા શીત રંગો છે. વર્ણ-વણાટના પરસ્પરના લયાત્મક સુમેળ અને સાયુજ્યમાં વનરાજાનું રૂપ આક્રમકતા કે હિંસકતાનું વાહક બનતું નથી. શિલ્પના પ્રત્યેક અંશના વળાંકો અને પથરાટ ભાવનપ્રક્રિયાના પ્રેરક છે.

તારીખ ૨૭ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ મૃણાલિની મુખરજીનું એક મહત્ત્વકાંક્ષી પુનરાવલોકન (retrospective) પ્રદર્શન ''Transfigurations : The Sculpture of Mrinalini Mukherjee'', ખુલ્લું મુકાય છે. જીવનના ચાર દાયકાના એમાં લેખાંજોખાં છે. આ પ્રદર્શનના ક્યૂરેટર પિટર નેગી મૃણાલિનીબહેનની કળામાં 'અરૂઢ પદાર્થો / માધ્યમોમાં કળાત્મક શક્યતા તાગતી નિર્ભય સાહસિકતા'ને રેખાંકિત કરે છે. જોકે પ્રદર્શનની આગલી મધરાતે મૃણાલિનીબહેનનું સ્વાસ્થ્ય બગડે છે અને બીજી ફેબ્રુઆરીના રોજ એમનું અવસાન થાય છે. મૃણાલિનીબહેનના મિત્રોની, સમોવડિયાની 'દિલ્લું' માત્ર ૬૫ વર્ષની વયે અણધારી યાત્રાએ ચાલી નીકળે છે. 'પરબ' વતી આપણાં આવાં અજોડ શિલ્પકારને શબ્દાંજલિ.

18

---

## સાભાર સ્વીકાર

### પ્રકીર્ણ

(૭૧) **નિષ્ફળતાના ભયથી મુક્તિ અપાવે તેવાં ૭૫ પ્રેરણાત્મક પુસ્તકો** : બકુલ બક્ષી, ૨૦૧૪, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ., મુંબઈ-અમદાવાદ, પૃ. ૧૬૦, કિં. રૂ. ૧૫૦/- (૭૨) **મહેકતી મોરમ** : પારુલ બારોટ, ૨૦૧૩, એ/૫, ક્રિષ્ના બંગલો, વિ. ૨, મોટેરા-સાબરમતી, અમદાવાદ, પૃ. ૬+૮૨, કિં. રૂ. ૭૫/- (૭૩) **સેલિબ્રિટી સાથે સંવાદ** : આનંદ ઠાકર, ૨૦૧૪, હર્ષ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૧+૧૦૯, કિં. રૂ. ૧૫૦/- (૭૪) **અહીંથી ગયા એ રણ તરફ** : સંપા. મીનાક્ષી અને અશ્વિન ચંદારાણા, ૨૦૧૪, સાયુજ્ય પ્રકાશન, વડોદરા, પૃ. ૨૩૦, કિં. રૂ. Nil (૭૫) **ઉપહાર** : વિકાસ ઘનશ્યામ નાયક, ૨૦૧૪, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પૃ. ૧૯+૧૩૪, કિં. રૂ. ૧૨૫/- (૭૬) **સ્પર્શ** : વિકાસ ઘનશ્યામ નાયક, ૨૦૧૪, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પૃ. ૧૦+૧૩૪, કિં. રૂ. ૧૨૫/- (૭૭) **જૈનત્વનાં અજવાળાં** : પ્રફુલ્લા વોરા, ૨૦૧૪, શ્રુતજ્ઞાન પ્રસારક સભા, અમદાવાદ, પૃ. ૧૦+૧૦૨, કિં. રૂ. ૬૦/- (૭૮) **સમજણનો અનર્થ** : હરબન્સ પટેલ, ૨૦૧૪, લજ્જા પબ્લિકેશન, આણંદ, પૃ. ૩૨, કિં. રૂ. ૪૫/- (૭૯) **સાવિત્રી શબ્દામૃત-૪** : કિરીટ ઠક્કર, ૨૦-૧૪, યોગમુક્તા પ્રકાશન, વડોદરા-૧૯, પૃ. ૨૦+૨૨૮, કિં. રૂ. ૮૦/-



# આપણી વાત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિર અને ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધન કેન્દ્રના ઉપક્રમે તા. ૫-૨-૨૦૧૫થી ૨૫-૨-૨૦૧૫ સુધી ૧૫ દિવસના માતૃભાષા પ્રમાણપત્ર અભ્યાસક્રમની ૧૩મી બેચનું આયોજન થયું. આ બેચમાં કુલ ૨૧ તાલીમાર્થીઓ નોંધાયા હતા. તા. ૨૫-૨-૨૦૧૫ના રોજ સાંજે ૫.૦૦ કલાકે કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો હતો. ક. લા. સ્વાધ્યાયમંદિરનાં નિયામક પારુલબહેન દેસાઈએ અભ્યાસક્રમની ભૂમિકા રજૂ કરી હતી. પરિષદના મહામંત્રી પ્રફુલ્લભાઈએ બધાને આવકાર આપ્યો હતો. પરિષદના પ્રમુખ શ્રી ધીરુભાઈ પરીખે માતૃભાષામાં દરેકે સજ્જતા કેળવવી જ જોઈએ એ વાત પર ભાર મૂક્યો હતો. આ અભ્યાસક્રમમાં ભાષાશિક્ષણ સાથે સંકળાયેલા વિવિધ વિદ્વાનો – મનસુખ સલ્લા, રતિલાલ બોરીસાગર, કીર્તિદા શાહ, નીલોત્પલા ગાંધી, પિંકી પંડ્યા, નિયતિ અંતાણી, કિશોર ચંદારાણા, નિસર્ગ આહીર, હેતલ પંડ્યા વગેરે દ્વારા ભાષાના વિવિધ કૌશલ્યો, અનુસ્વાર, વિરામચિહ્નો, જોડણી, નામપદ, ક્રિયાપદ, વાક્યની રચના અને વાક્યના પ્રકારો જેવા વિષયો અંગે પાયાની ચર્ચા દૃષ્ટાંતો સાથે કરી. વિદ્યાર્થીઓનો પ્રતિભાવ હતો કે હવે અમે અમારી ગુજરાતીને સારી રીતે સમજી શકીએ છીએ. પરીક્ષામાં કુલ ૧૫ તાલીમાર્થીઓએ હાજરી આપી. બધા જ તાલીમાર્થીઓ ઉત્તીર્ણ થયા છે.

ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૧૪-૩-૨૦૧૫ને શનિવારના રોજ શ્રી યશવંત શુક્લ શતાબ્દી પરિસંવાદનું આયોજન કૉન્ફરન્સ રૂમ, એચ. કે. આર્ટ્સ કૉલેજમાં કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદ પરિષદ પ્રમુખ શ્રી ધીરુભાઈ પરીખની અધ્યક્ષતામાં યોજાયો હતો. એચ. કે. કૉલેજના ટ્રસ્ટી શ્રી અંબરીષભાઈ શાહે સૌનું સ્વાગત કર્યું હતું. શ્રી રઘુવીર ચૌધરીએ બીજરૂપ વક્તવ્ય આપ્યું હતું. શ્રી નીતિન વડગામાએ પરિસંવાદની ભૂમિકા બાંધી આપી હતી. શ્રી યશવંત શુક્લના પુત્ર શ્રી આશુતોષ શુક્લએ પિતા સાથેનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં. શ્રી ધીરુભાઈ પરીખે અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું હતું. અને શ્રી દૃષ્ટિ પટેલે યશવંત શુક્લના ગદ્યાંશનું પઠન કર્યું હતું. નીતિન વડગામાએ સરસ સંચાલન કર્યું હતું. પરિસંવાદની બીજી બેઠક શ્રી ચંદ્રકાન્ત શેઠની અધ્યક્ષતામાં 'વિવેચક શ્રી યશવંત શુક્લ' વિશેની હતી. જેમાં સર્વશ્રી દર્શના ધોળકિયાએ 'કેન્દ્ર અને પરિઘ' વિશે, પ્રફુલ્લ રાવલે 'પ્રતિસ્પંદ' વિશે, ભરત મહેતાએ 'ઉપલબ્ધિ' વિશે, રમેશ ર. દવેએ 'શબ્દાન્તર' વિશે, ધીરેન્દ્ર મહેતાએ 'યશવંત શુક્લની વિવેચનદૃષ્ટિ : નવલકથાના અનુસંધાનમાં' વિશે વ્યાખ્યાનો આપ્યા હતાં. શ્રી ચંદ્રકાન્ત શેઠે અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું હતું. આ બેઠકનું

સંચાલન શ્રી યોગેશ જોષીએ કર્યું હતું. પરિસંવાદની ત્રીજી બેઠક શ્રી વિષ્ણુ પંડ્યાની અધ્યક્ષતામાં 'પત્રકાર, કેળવણીકાર અને અનુવાદક યશવંત શુક્લ' વિશેની હતી. જેમાં સર્વશ્રી રમેશ બી. શાહે 'કેળવણી-શિક્ષણ' વિશે, પ્રીતિ શાહે 'પત્રકારત્વ' વિશે, કિરીટ દૂધાતે 'અનુવાદ' વિશે વક્તવ્યો આપ્યાં હતાં. શ્રી વિષ્ણુ પંડ્યાએ અધ્યક્ષીય પ્રવચન કર્યું હતું. આ બેઠકનું સંચાલન નીતિન વડગામાએ કર્યું હતું. આ પરિસંવાદ સવારે ૯.૩૦થી ૫.૦૦ કલાક સુધી ચાલ્યો હતો. આ આખા દિવસમાં શ્રી યશવંત શુક્લના જીવન અને સર્જનને યાદ કરીને તેમની શતાબ્દીવંદના કરવામાં આવી હતી.

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા યોજાતા 'આપણો કવિતાવારસો' કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર સાહિત્ય સભા, ગાંધીનગરના સહયોગથી તા. ૧૫-૩-૨૦૧૫ના રોજ ગાંધીનગર જિલ્લા પુસ્તકાલય, સેક્ટર-૨૧, ગાંધીનગરમાં સાંજે ૬.૦૦ કલાકે શ્રી રવીન્દ્ર પારેખે પોતાની કાવ્યરચનાઓનો આસ્વાદ કરાવ્યો હતો. શ્રી નટવર હેડાઉએ સ્વાગત કરીને ભૂમિકા બાંધી આપી હતી. શ્રી હરિકૃષ્ણ પાઠકે રવીન્દ્ર પારેખનો પરિચય કરાવ્યો હતો.

□

ગુડી પડવો – ન્હાનાલાલના જન્મદિવસે અક્ષર પાડું છું ત્યારે ન્હાનાલાલનું સ્મરણ થાય. મહા કવિ ન્હાનાલાલ સ્મારક ટ્રસ્ટ પ્રતિવર્ષ ગુડી પડવોના દિવસે ન્હાનાલાલનું સ્મરણ કરે છે. આ કાર્યક્રમ વર્ષોથી પરિષદમાં થાય છે. વળી પરિષદ પોતાના કાર્યક્રમો પણ કરતી રહે છે. ભાષાસંવર્ધન કેન્દ્રના ઉપક્રમે માતૃભાષા કૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમ પૂર્ણ થયો છે. ૧૧મી માર્ચે વ્યાખ્યાનમાળામાં અદિતિ દેસાઈએ 'મારી નાટ્યસર્જનપ્રક્રિયા' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.

પરિષદની વિવિધ પ્રવૃત્તિઓમાં પ્રકાશન તેમજ પરિસંવાદો થતાં રહે છે. આ ક્ષણે પરિષદના પૂર્વપ્રમુખ શ્રી નારાયણ દેસાઈનું અવસાન થયું તે એક દુઃખદ ઘટના છે. પરિષદપ્રમુખ તરીકે એમણે ગુજરાતનાં ઘણાં શહેરોમાં સાહિત્યયાત્રા કરી હતી અને એમ પ્રજા સુધી ગુજરાતી સાહિત્ય પરિષદનું નામ પહોંચ્યું હતું. તેમણે 'પરબ'માં લખેલા અધ્યક્ષીય પત્રો તેમની ગુજરાતી ભાષા પ્રત્યેની અપૂર્વ લાગણી વ્યક્ત કરતા હતા. એમના જવાથી પરિષદને ખોટ પડી છે.

**શ્રદ્ધાંજલિ**

ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય સભા, કુમાર ટ્રસ્ટ, કવિલોક ટ્રસ્ટ, નિરીક્ષક, ભાષાન્તરનિધિ ઇત્યાદિ સાહિત્યિક સંસ્થાઓના ઉપક્રમે તા. ૧૬-૨-૨૦૧૫ને સોમવારે શ્રી ચિમનભાઈ શિવશંકર ત્રિવેદી, શ્રી રતિલાલ સાંકળચંદ નાયક, શ્રી અશ્વિન મહેતા, શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી, શ્રી યશવંત કડીકરના અવસાનની શોકસભા મળી હતી. તેમાં શ્રી રઘુવીર ચૌધરી, શ્રી ચંદ્રકાન્ત શેઠ, શ્રી કુમારપાળ દેસાઈ, શ્રી પ્રફુલ્લ રાવલ, શ્રી પ્રવીણ પંડ્યા, શ્રી માધવ રામાનુજ, શ્રી ઉષા ઉપાધ્યાય, શ્રી નટવર પટેલે શ્રદ્ધાંજલિ અર્પી હતી.

આ સભાના અધ્યક્ષસ્થાને પરિષદપ્રમુખ ધીરુભાઈ પરીખ હતા. તેઓએ પણ આ સૌ દિવંગતોને શ્રદ્ધાંજલિ આપી હતી. આ સભાના અંતે શ્રી ચિમનભાઈ ત્રિવેદીના પરિવારજનો દ્વારા તેમની સ્મૃતિ જળવાઈ રહે અને મધ્યકાલ ક્ષેત્રે કામ થાય તે માટે રૂ. બે લાખનું દાન આપ્યું છે. પરિષદ ચિમનભાઈ ત્રિવેદીના પરિવારનો આભાર માને છે.

ગુજરાતી સાહિત્ય પરિષદ, સત્યશોધક સભા, નર્મદ સાહિત્યસભા, સુરત, સાહિત્ય સંગમ, રાષ્ટ્રીય કલાકેન્દ્ર, સપ્તર્ષિના સંયુક્ત ઉપક્રમે સુરતમાં પ્રખર રેશનાલિસ્ટ, સાહિત્યકાર, વાર્તાકાર, ચિંતક, ડૉ. રમણ પાઠકની સ્મરણાંજલિ સભા ડૉ. બી. એ. પરીખના પ્રમુખસ્થાને યોજાઈ હતી.

## પરિષદના આગામી કાર્યક્રમો

### પાક્ષિકી

તા. ૨-૪-૨૦૧૫ અને તા. ૨૩-૪-૨૦૧૫ના ગુરુવારના રોજ પાક્ષિકીમાં વાર્તાનું પઠન થશે. સાંજે ૬.૧૫ કલાકે.

### વિશ્વકવિતાકેન્દ્ર અંતર્ગત

તા. ૧, ૮, ૧૫, ૨૨-૪-૨૦૧૫ના રોજ બુધસભા અને તા. ૨૯-૪-૨૦૧૫ના રોજ વ્યાખ્યાન સાંજે ૭.૦૦ કલાકે.

### નવોદિત સર્જકોના પ્રથમ પુસ્તકનું પ્રકાશન

ગુજરાતી સાહિત્ય પરિષદના ક. લા. સ્વાધ્યાયમંદિર હસ્તક શ્રી બી. કે. મજૂમદાર ટ્રસ્ટ પ્રકાશનશ્રેણી અંતર્ગત નવોદિત સર્જકોના પ્રથમ સર્જનાત્મક પુસ્તકનું પ્રકાશન કરવામાં આવે છે. આથી જે નવોદિત લેખકો-લેખિકાઓનું એક પણ પુસ્તક પ્રગટ ન થયું હોય તેઓ આ શ્રેણીમાં પોતાના પ્રથમ સર્જનાત્મક પુસ્તકની હસ્તપ્રત મોકલી શકે છે. આ પુસ્તકની પૃષ્ઠ મર્યાદા ૧૫૦ની રહેશે. હસ્તપ્રતની ટાઇપ કૉપી મોકલવી. હસ્તપ્રત તા. ૩૦-૫-૨૦૧૫ સુધીમાં મોકલી આપવા વિનંતી. હસ્તપ્રત મોકલવાનું સરનામું – પ્રકાશનમંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, અમદાવાદ-૯.

### લેખિકાના પ્રથમ સર્જનાત્મક પુસ્તકનું પ્રકાશન

ગુજરાતી સાહિત્ય પરિષદના 'શ્રીમતી જ્યોત્સ્નાબહેન હસિતકાન્ત બૂચ' નિધિ અંતર્ગત લેખિકાના પ્રથમ સર્જનાત્મક પુસ્તકનું પ્રકાશન કરવામાં આવે છે. આથી જે લેખિકાઓનું એક પણ પુસ્તક પ્રગટ ન થયું હોય તેઓ આ શ્રેણીમાં પોતાના પ્રથમ સર્જનાત્મક પુસ્તકની હસ્તપ્રત મોકલી શકે છે. આ પુસ્તકની પૃષ્ઠમર્યાદા ૧૦૦ની રહેશે. હસ્તપ્રતની ટાઇપ કૉપી મોકલવી. હસ્તપ્રત તા. ૩૦-૫-૨૦૧૫ સુધીમાં મોકલી આપવા વિનંતી. હસ્તપ્રત મોકલવાનું સરનામું – પ્રકાશનમંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ, અમદાવાદ-૯.

## સાહિત્યવૃત્ત

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત શ્રી રજની વ્યાસે 'કનુ દેસાઈ : જીવન અને કવન' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના લલિતકલા કેન્દ્રના ઉપક્રમે 'કલાગુરુ રવિશંકર રાવળ' વિશે શ્રી નટુભાઈ પરીખે વક્તવ્ય આપ્યું હતું.

ઓમ કોમ્યુનિકેશન દ્વારા રતિલાલ મૂળચંદદાસ રૂપાવાળા 'અનિલ'ના ૯૭મા જન્મદિન નિમિત્તે 'ચાંદરણાના ઉજાશમાં' કાર્યક્રમનું આયોજન તા. ૨૩-૨-૨૦૧૫ના રોજ સાંજે ૫.૦૦ કલાકે ગોવર્ધન સ્મૃતિમંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદમાં કરવામાં આવ્યું હતું. જેમાં સર્જક રતિલાલ 'અનિલ'નો પરિચય શ્રી ધ્વનિલ પારેખે, રતિલાલ 'અનિલ'ના નિબંધો વિશે શ્રી મણિલાલ હ. પટેલે અને રતિલાલ 'અનિલ'ના કાવ્ય વિશે શ્રી ચિનુ મોદીએ વક્તવ્યો આપ્યાં હતાં. કાર્યક્રમના આયોજક મનીષ પાઠકે સ્વાગત અને આભારવિધિ કરી હતી.

બાળસાહિત્ય અકાદમી અમદાવાદ, રૂપાયતન ટ્રસ્ટ – અમરેલી, સર્જક-સેતુ અમરેલીના ઉપક્રમે તા. ૧૫-૨-૨૦૧૫ના રોજ બાલભવન અમરેલીમાં ડૉ. શ્રી વસંત પરીખના અધ્યક્ષસ્થાને વિચાર-ગોષ્ઠિ યોજાઈ હતી.

શ્રી નૂતન કેળવણી મંડળ, વલસાડ સંચાલિત શ્રીમતી જે. પી. શ્રોફ આર્ટ્સ કૉલેજ, વલસાડ અને શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી – રાજકોટના સંયુક્ત ઉપક્રમે 'મેઘાણી અને લોકસાહિત્ય' વિશે રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન તા. ૪-૨-૨૦૧૫ના રોજ સંસ્કાર કેન્દ્ર વલસાડમાં કરવામાં આવ્યું હતું.

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન. એસ. પટેલ આર્ટ્સ કૉલેજ, આણંદમાં ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને અનુસ્નાતક ગુજરાતી વિભાગના ઉપક્રમે 'સાહિત્ય સિનેમા સંબંધ' વિષય પર બે દિવસની સંગોષ્ઠિ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદેશમાં વસતા મૂળ ગુજરાતી સર્જકો દ્વારા રચાતા ગુજરાતી ડાયસ્પોરા સાહિત્યના અભ્યાસ અને સંશોધન અર્થે કાર્યરત ગાર્ડી ઇન્સ્ટિટ્યૂટ ફોર ડાયસ્પોરા સ્ટડિઝ (ગ્રીડ્ઝ) તથા હિન્દીભવન-સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે તા. ૨-૨-૨૦૧૫ના રોજ યુનિવર્સિટી ઓડિટોરિયમમાં પરિસંવાદ યોજાયો. ગ્રીડ્ઝ સંસ્થાના નિયામક ડૉ. બળવંત જાનીએ કાર્યક્રમનું સફળ આયોજન કર્યું હતું.

વલસાડ ખાતે બુધસભા અંતર્ગત બીજી બેઠકમાં સર્વશ્રી ધીરુભાઈ મેરાઈ, અમૃત મોરારજી, મુસ્તાક શેખ, ધનસુખભાઈ પારેખે સ્વરચિત કાવ્યોનું પઠન કર્યું હતું. તેમજ અમૃત દેસાઈએ કિશોર મોદીની રચનાની 'આપણને કોણ માને – મેલ પૂળો...' પ્રસ્તુતિ કરી હતી. શ્રીમતી બકુલા ઘાસવાલાએ 'માયા એન્જલ'ના કાવ્યના સ્વરચિત

કાવ્યાનુવાદનું ખૂબ સરસ રીતે રસપાન કરાવ્યું હતું. ડૉ. રાહુલ ટિક્કુએ શ્રી જગજીતસીંઘના ગીત 'તેરે કુછ ખત'નું ગાન કર્યું હતું.

વર્ધમાન વિકાસ સેવા ટ્રસ્ટ – વઢવાણ દ્વારા આપવામાં આવતો કવીશ્વર દલપતરામ એવૉર્ડ વર્ષ ૨૦૧૫નો જાણીતા કવિ શ્રી રમેશ આચાર્યને મહામહિમ રાજ્યપાલશ્રી ઓ. પી. કોહલીના વરદ હસ્તે તા. ૬-૩-૨૦૧૫ના રોજ વઢવાણમાં એનાયત થયો હતો. શ્રી રમેશ આચાર્યને અભિનંદન.

નિર્મિશ ઠાકરના કેરિકેચરસંગ્રહ 'નરેન્દ્ર મોદી – વેવ ઇન કેરિકેચર્સ'નું લોકાર્પણ તા. ૧૬-૨-૨૦૧૫ના રોજ પેટ્રોલિયન મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન તથા પ્રસિદ્ધ વ્યંગકારો શ્રી અશોક ચક્રધર અને શ્રી હરીશ નવલના હસ્તે દિલ્હીમાં યોજાયું હતું.

જાણીતા કવિ-લેખક-સંશોધક શ્રી દુર્ગેશ ઉપાધ્યાયનું પુસ્તક 'ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ'નું વિમોચન પ્રેમાનંદ સાહિત્યસભાના ઉપક્રમે તા. ૨૮-૨-૨૦૧૫ના રોજ ડૉ. ભગવાનદાસ પટેલના હસ્તે થયું હતું.

જાણીતા લેખક પ્રવીણ જોષી 'પ્રેમ'ના બે પુસ્તકો 'ચમક ચમક ચમકે તારા' અને 'સંભારણાં'નું વિમોચન ડૉ. મોહન પરમારના હસ્તે બનાસ સાહિત્યકલા સંઘ અને સ્વામી તેજાનંદ યુવા સંગઠનના ઉપક્રમે પાલનપુરના આંબેડકર હૉલમાં થયું હતું.

**સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી લેખિકાઓની નવલિકા**

ડૉ. ઉષાબહેન ઉપાધ્યાયના માર્ગદર્શનમાં 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી નવલિકામાં લેખિકાઓનું પ્રદાન : એક અધ્યયન' વિષય પર પીએચ.ડી. પદવી માટે શોધકાર્ય થઈ રહ્યું છે. આ સંદર્ભે ઈ. સ. ૧૯૪૮થી આજ સુધી જે લેખિકાઓના મૌલિક ટૂંકીવાર્તાઓના સંગ્રહ પ્રકાશિત થયા હોય અથવા સાહિત્યિક સામયિકમાં મૌલિક ટૂંકી વાર્તાઓ પ્રગટ થઈ હોય એમને આટલી વિગતો મોકલી સહયોગ આપવા અનુરોધ છે. ૧. લેખિકાનું નામ, સરનામું, સંપર્કનંબર, ઈ-મેલ ૨. વાર્તાનું – વાર્તાસંગ્રહનું શીર્ષક, વર્ષ પ્રકાશક-સામયિકનું નામ-સરનામું ઉપરોક્ત માહિતી આ સરનામે મોકલવી – પ્રો. ઉષા ઉપાધ્યાય, અધ્યક્ષ, ગુજરાતી વિભાગ મહાદેવ દેસાઈ સમાજસેવા મહા વિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમરોડ, અમદાવાદ-૧૪, મો. ૯૪૨૬૪૧૫૮૮૭ email : ushaupadhyay૨૦૦૪@yahoo.co.in.

**'તારો-તમારો પ્રફુલ્લ'નું વિમોચન**

તા. ૭-૩-૨૦૧૫ના રોજ વીરમગામ ખાતે પ્રફુલ્લ રાવલ કૃત 'તારો-તમારો પ્રફુલ્લ'એ પુસ્તકનું વિમોચન સર્વશ્રી ધીરુ પરીખ, રઘુવીર ચૌધરી અને ચન્દ્રકાન્ત શેઠના વરદ હસ્તે વિમોચન થયું હતું. ત્યારબાદ કવિસેમંલન યોજાયું હતું જેમાં ઉપરોક્ત વરિષ્ઠ કવિઓ સાથે શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ, શ્રી રાજેશ વ્યાસ 'મિસ્કિન', શ્રી હર્ષદ ત્રિવેદી, શ્રી પ્રવીણ પંડ્યા અને શ્રી રાજેન્દ્ર પટેલે કાવ્યપાઠ કર્યો હતો. આ કાર્યક્રમ સેતુ વિદ્યાલયના ઉપક્રમે વીરમગામમાં યોજાયો હતો.

## આ અંકના લેખકો

**અજય પાઠક** : ૪૩૨/એ, તપોવન, જૂના એરોડ્રોમ રોડ, **ભાવનગર**-૩૬૪૦૦૧

**ગંગારામ મકવાણા** : ૭/૭૮, રામનિવાસ સોસાયટી, **મુ. જેતલપુર**, જિ. અમદાવાદ-૩૮૨૪૨૬

**ચિનુ મોદી** : ૧૬, જિતેન્દ્ર પાર્ક, પાલડી, **અમદાવાદ**-૩૮૦૦૦૭

**જગદીપ ઉપાધ્યાય** : હરિગીતા, ૬૭, વૃંદાવન પાર્ક, **વાંકાનેર**-૩૬૩૬૨૧

**ધીરુ પરીખ** : 'લાવણ્ય', વિજયપાર્ક, નવરંગપુરા, **અમદાવાદ**-૩૮૦૦૦૯

**પુષ્પા ભટ્ટ** : ૧૮, શિવશક્તિ કો-ઓ. હા. સોસાયટી, રત્નાકર માતા રોડ, **કપડવંજ**-૩૮૭૬૨૦, જિ. ખેડા

**પીયૂષ ઠક્કર** : બળવંત પારેખ સેન્ટર, સી/૩૦૨, સિદ્ધિવિનાયક કૉમ્પ્લેક્સ, રેલવે સ્ટેશન પાછળ, ફરામજી રોડ, **વડોદરા**-૩૯૦૦૦૭

**પ્રફુલ્લ રાવલ** : ૩, રાજમહેલ ફ્લૅટ, આઈઓસી કૉલોની રોડ, **વીરમગામ**-૩૮૨૧૫૦

**પ્રફુલ્લા વોરા** : બી/૧, પલ્લવ એપાર્ટમેન્ટ, રબ્બર ફેક્ટરી સામે, **ભાવનગર**-૩૬૪૦૦૧

**પ્રવીણ દરજી** : 'વાગીશા', ફુવારા પાસે, **લુણાવાડા**, જિ. મહિસાગર

**પ્રવીણ પંડ્યા** : એચ/૯૦૧, સામ્રાજ્ય ફ્લૅટ્સ, ડ્રાઇવઇન રોડ, માનવમંદિર સામે, મેમનગર, **અમદાવાદ**-૩૮૦૦૫૨

**મધુસૂદન ઢાંકી** : ૬૧, પીપલ્સ પ્લાઝા, મેમનગર ફાયર સ્ટેશન પાસે, નવરંગપુરા, **અમદાવાદ**-૩૮૦૦૦૯

**મીનલ દવે** : એ-૧/૮, હરિધામ સોસાયટી, તુલસીધામ પાસે, ઝાડેશ્વર રોડ, **ભરૂચ**

**રમણ સોની** : ૧૮, હેમદીપ સોસાયટી, દિવાળીપુરા, જૂના પાદરા રોડ, **વડોદરા**-૩૯૦૦૧૫

**રાજેન્દ્ર પટેલ** : ૭૮, નિહારિકા બંગલોઝ, હિમ્મતલાલ પાર્ક પાસે, **અમદાવાદ**-૩૮૦૦૧૫

**રાજેશ પંડ્યા** : એ/૫, ઋતુરાજ, નૂતન વિદ્યાલય પાસે, સમા રોડ, **વડોદરા**-૩૯૦૦૨૪

**લલિત ત્રિવેદી** : 'શિવકૃપા', ૧, વૈશાલીનગર, રૈયારોડ, **રાજકોટ**

**વિનોદ ગાંધી** : ૮૩, સુવિધાનગર, ભુરાવાવ, **ગોધરા**-૩૮૯૦૦૧

**સંસ્કૃતિરાણી દેસાઈ** : ૨/સી, નાનિક નિવાસ, વોર્ડન રોડ, **મુંબઈ**-૪૦૦૦૨૬

**હરિકૃષ્ણ પાઠક** : પ્લૉટ નં. ૬૨/૨, સેક્ટર-૨/એ, ગાંધીનગર-૩૮૨૦૦૭

**હર્ષ બ્રહ્મભટ્ટ** : ૭૪/૯, જગાભાઈ પાર્ક, રામબાગ ચાર રસ્તા પાસે, મણિનગર, **અમદાવાદ**-૩૮૦૦૦૮

## સાહિત્યરુચિને તાજગી બક્ષતાં પુસ્તકો

### ગીત-ગઝલ અને કાવ્યસંગ્રહો

| | | |
|---|---|---|
| એક અષાઢે | ડૉ. મયંક પટેલ | 100 |
| આપણી તો પંખીની જાત | ભાનુપ્રસાદ પુરાણી | 120 |
| દરિયો | સ્વાતિ મહેતા | 130 |
| દુઈનો કરુણપ્રશસ્તિઓ | રાઇનર મારિયા રિલ્કે,અનુ. ચંદ્રકાન્ત દેસાઈ | 100 |
| 101 કાવ્યો | યોહાન વોલ્ફગાંગ ફોનગોએથે, અનુ. ચંદ્રકાન્ત દેસાઈ | 170 |
| આરાધ્યા | ડૉ. દિવ્યાક્ષી શુક્લ | 100 |
| યથાર્થ (હાઈકુસંગ્રહ) | ડૉ. દિવ્યાક્ષી શુક્લ | 60 |
| લય-વલય | ફારૂક ઘાંચી 'બાબુલ | 150 |

### વિવેચનસાહિત્ય/વ્યાકરણ-આસ્વાદ

| | | |
|---|---|---|
| સાહિત્ય-સ્વાધ્યાય | સંપા. ચિમનલાલ ત્રિવેદી, પ્રફુલ્લ રાવલ | 200 |
| ગુજરાતી વ્યાકરણ | જિગ્નેશ ઠક્કર | 120 |
| ગુજરાતી સાહિત્ય મધ્યકાલીન | અનંતરાય રાવળ | 200 |
| આધુનિકોત્તર વાર્તાઓમાં નારીની છબી | નીતીન રાઠોડ | 100 |
| ઓડિયા સાહિત્યદર્શન | સંપા. વર્ષા દાસ | 150 |
| ગીતાંજલિ-ગુંજન | પ્રસાદ બ્રહ્મભટ્ટ | 220 |

### સંદર્ભ સાહિત્ય

| | | |
|---|---|---|
| ગુજરાતનું પાટનગર અમદાવાદ | રત્નમણિરાવ ભીમરાવ | 950 |
| અમદાવાદ : ઇતિહાસ અને અનુસંધાન | ડૉ. ભારતી શેલત, ડૉ. રસેશ જમીનદાર | 850 |
| ગાંધી એક અસંભવ સંભાવના | સુધીર ચંદ્ર, અનુ. પદ્મ ભાવસાર, છાયા ત્રિવેદી | 140 |
| સાંસ્કૃતિક વડલાની અડીખમ વડવાયું | ડૉ. ઇન્દુ પટેલ | 150 |
| શબ્દો ગગને ગાજ્યા | શિવદાન ગઢવી | 90 |
| હેતે હાલા ગાઉં | સંપા. શ્રદ્ધા ત્રિવેદી | 250 |
| સન્મુખ | શરીફા વીજળીવાળા | 240 |
| વિભાજનની વ્યથા | શરીફા વીજળીવાળા | 250 |
| કલા-કસબ | નટુ પરીખ | 125 |
| સ્ત્રી-સન્માન એક અધિકાર | ડૉ. જયંતી પટેલ | 180 |

## પ્રવાસ વિષયક પુસ્તકો

### સ્વામી સચ્ચિદાનંદ

| | |
|---|---|
| લેહ, લદ્દાખ, કારગિલ, કાશ્મીર | 50 |
| સ્થાપત્ય અને શૌર્યની ભૂમિ રાજસ્થાન | 115 |
| હિમાલયનાં ચાર ધામ | 45 |
| હિમાલયના હિંડોળે | 75 |
| પૃથ્વી-પ્રદક્ષિણા (ઇનામી) | 130 |
| પૂર્વ યુરોપનો પ્રવાસ | 120 |
| મોરેશિયસ અને દુબઈનો પ્રવાસ | 70 |
| ટર્કી અને ઇજિપ્ત | 120 |
| રાષ્ટ્રીય તીર્થ આંદામાન | 70 |
| શ્રીલંકાની સફરે | 70 |
| ચીન મારી નજરે | 100 |
| ઇજિપ્ત ઇસ્રાઇલની ઝાંખી | 100 |
| સિક્કિમ અને ભુતાનનો પ્રવાસ | 60 |

### કૌશિક પંડ્યા

| | |
|---|---|
| A Journey to the Land of Gods | 350 |
| A Journey to the Glorious Gujarat | 350 |

### અન્ય લેખકોનાં પ્રવાસ વિષયક પુસ્તકો

| | | |
|---|---|---|
| આફ્રિકાનો પ્રવાસ | નાનાભાઈ ભટ્ટ, સંપા. ભરત ભટ્ટ | 120 |
| મારો એડિનબરાનો પ્રવાસ | પ્રવીણસિંહ ચાવડા | 125 |
| અમેરિકા એટલે અમેરિકા | વિનોદ ભટ્ટ | 75 |
| ચાલતાં ચાલતાં સિંગાપોર | કલ્પના દેસાઈ | 100 |
| યુરોપમાં હરતાંફરતાં (ઇનામી) | પ્રતીક્ષા થાનકી | 180 |
| મહાબળેશ્વર | જયંતી ડી. શાહ | 60 |
| નયનરમ્ય નૈનીતાલ | જયંતી ડી. શાહ | 70 |
| કૈલાસસ્પર્શ | સરોજ પટેલ | 90 |
| અમરનાથયાત્રાનાં સંસ્મરણો | હરીશ ત્રિવેદી | 115 |
| આંખેદેખ્યું ચીન | બટુક વોરા | 80 |
| સલામ સિડની | ભાનુપ્રસાદ પુરાણી | 90 |
| કોલંબસને કેડે (ઇનામી) | દુષ્યંત પંડ્યા | 100 |
| ઉત્તરાખંડ (ઇનામી) | ચંદ્રસિંહ ઠાકોર | 100 |
| ઇલાયઝા ટુ (ઇનામી) | ચંદ્રવદન મહેતા | 33 |
| તિબેટના ભીતરમાં | અનુ. મહેન્દ્ર મેઘાણી | 50 |

## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001**

- **ફોન : 22144663, 22149660 ફેક્સ : *22144663***
- **ઈ-મેઇલ : *goorjar@yahoo.com***

## સંસ્કાર સાહિત્યમંદિર

**5, N.B.C.C. હાઉસ, સહજાનંદ કૉલેજની બાજુમાં, આંબાવાડી, અમદાવાદ-380 015**

**ફોન : 26304259**

## કવિ શ્રી સુન્દરમ્‌ના નવા કાવ્યસંગ્રહો

| | | | |
|---|---|---|---|
| ૧. પલ્લવિતા | ૧૯૯૫ | ૮+૩૫૬ | રૂ. ૧૬૦ |
| ૨. મહાનદ | ૧૯૯૫ | ૭+૧૯૩ | રૂ. ૮૦ |
| ૩. પ્રભુ-પદ | ૧૯૯૭ | ૧૩+૪૪૧ | રૂ. ૨૨૫ |
| ૪. અગમ નિગમા | ૧૯૯૭ | ૧૧+૨૯૨ | રૂ. ૧૫૦ |
| ૫. પ્રિયાંકા | ૧૯૯૭ | ૧૧+૩૬૭ | રૂ. ૧૫૦ |
| ૬. નિત્યશ્લોક | ૧૯૯૭ | ૧૨+૧૮૮ | રૂ. ૧૦૦ |
| ૭. નયા પૈસા | ૧૯૯૮ | ૧૩+૩૩૩ | રૂ. ૧૭૫ |
| ૮. વરદા | ૧૯૯૮ | ૧૯+૫૨૯ | રૂ. ૨૫૦ |
| ૯. ચક્રદૂત | ૧૯૯૯ | ૯+૨૫૯ | રૂ. ૧૨૫ |
| ૧૦. લોકલીલા | ૨૦૦૦ | ૧૩+૨૫૨ | રૂ. ૧૦૦ |
| ૧૧. દક્ષિણા-૧ | ૨૦૦૨ | ૧૭+૩૨૩ | રૂ. ૫૦ |
| ૧૨. મનની મર્મર | ૨૦૦૩ | ૧૦+૩૮૭ | રૂ. ૫૦ |
| ૧૩. ધ્રુવયાત્રા | ૨૦૦૩ | ૧૨+૩૪૫ | રૂ. ૫૦ |
| ૧૪. ધ્રુવચિત્ત | ૨૦૦૪ | ૧૭+૨૭૪ | રૂ. ૫૦ |
| ૧૫. ધ્રુવપદે | ૨૦૦૪ | ૧૧+૨૫૩ | રૂ. ૫૦ |
| ૧૬. શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૧ | ૨૦૦૫ | ૧૬+૩૨૦ | રૂ. ૨૦૦ |
| ૧૭. શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૨ | ૨૦૦૫ | ૧૬+૩૭૦ | રૂ. ૨૦૦ |
| ૧૮. શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૩ | ૨૦૦૬ | ૩૨+૩૧૭ | રૂ. ૨૫૦ |
| ૧૯. મંગળા-માંગલિકા | ૨૦૦૭ | ૨૮+૨૩૮ | રૂ. ૧૫૦ |
| ૨૦. તું ક્યાં... હું ક્યાં !? | ૨૦૦૮ | ૨૮+૩૦૫ | રૂ. ૨૫૦ |
| ૨૧. સ્વાગતમ્ ગીતવાહીને | ૨૦૦૯ | ૧૬+૨૦૭ | રૂ. ૧૫૦ |
| ૨૨. ‘સાવિત્રી’ના કાવ્યખંડો | ૧૯૯૫ | ૨૪+૪૭૩ | રૂ. ૩૦૦ |
| (અનુવાદ : શ્રી અરવિન્દના મહાકાવ્ય Savitriમાંથી, મૂળ અંગ્રેજી સાથે.) | | | |
| ૨૩. દક્ષિણા-૨ | ૨૦૦૨ | ૧૮+૬૭૬ | રૂ. ૫૦ |
| (અનુવાદ : શ્રી અરવિન્દના Last Poems, More Poems, Collected Poemsમાંથી, મૂળ અંગ્રેજી સાથે.) | | | |

***આ તમામ સંગ્રહોનાં પ્રાપ્તિસ્થાન :***

૧. ગ્રંથવિહાર, ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઇમ્સ ઑફ ઇન્ડિયા પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯

૨. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧

## આપણાં સુખ-દુઃખ તુલનાનાં !

વિચાર કરતાં એમ લાગે કે આ તુલનાશક્તિની તો કેવી ખૂબી છે !

મનમાં એક વિચાર ચાલતો હતો, મોં મલકાતું હતું. પોતાની જાતને મોટી સમજતો હતો, સુખી માનતો હતો. અચાનક જ કાંઈ યાદ આવ્યું; તેની સાથે સરખામણી થવી શરૂ થઈ. મોં પડી ગયું ! સુખ રાખ થઈ ઊડી ગયું. દુઃખના વિચારોથી મન હવે કડવું થઈ ગયું. મનમાં પીડા ઊપડી. અજંપો થયો. દેહમાં વેદના થઈ આવી... એવામાં બીજું કંઈ યાદ આવ્યું. કોઈકે આવી વધુ દુઃખી માણસની વાત કરી. એ સાંભળી મનને સારું લાગ્યું ! પેલી વેદના ઓસરવા લાગી.

શું છે આ ? તુલનાની આ તે કેવી તાકાત ?

મેળામાં મહાલવા એક માણસ જતો હતો. મસ્તીભરી ચાલ હતી અને ગળામાંથી ગીતોના સૂર રેલાતા હતા. એવામાં રસ્તે ઉતાવળે ચાલતા માણસોના પગ પર નજર પડી. અનેક નર-નારીને એ જાત જાતનાં પગરખાં પહેરીને જતાં જોયાં. રે નસીબ ! મસ્તીનાં ગીતો વરાળ થઈ ઊડી ગયાં ! હાય રે ! મારા પગમાં કાંઈ નહીં ? હું ઉઘાડપગો ! અટકી ગયો. મોળો પડી ગયો. દુઃખી દુઃખી થઈ ગયો ! આગળ વધતાં, ચકડોળ પાસે એક ઠેલણગાડીમાં સૂતેલો માણસ જોયો. આને તો પગ જ ન હતા ! તેને જોયો અને થયું : હાશ ! મને પગ તો છે ! મલકાયો. મનને ઘેરી વળેલો વિષાદ દૂર થયો.

આપણે, આપણાં સુખ-દુઃખને કશીયે સરખામણી વિના તેના સ્વરૂપને પામીએ અને સ્વીકારીએ તો કેવું સારું ? જ્યારે તુલના કરીએ છીએ ત્યારે જ ઉપાધિ આવે છે ! આમ, આપણાં સુખ-દુઃખ વાસ્તવિક છે જ નહીં. કશી તુલના વિના જ જો સુખ-દુઃખનો વિચાર કરીએ તો કેવું સારું. અરે ! આપણે કોઈને સારા કે ખોટા કહીએ છીએ એ પણ અન્યની સરખામણી એ જ ને ?

હવે, તુલનાના કસા વળગણ વિના વિચારવાની ટેવ પાડવા જેવી છે.

તુલના બધે ખપની નથી.

(પાઠશાળા) – પ્રદ્યુમ્નસૂરિ

*સ્થાનસમર્પિત*

**વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ**

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યૂટર

અમદાવાદ

## ધ્યેયની સ્પષ્ટતા ગતિને સાર્થક કરે છે

આપણે કાંઈ ને કાંઈ પુરુષાર્થ તો રોજ કરતા જ રહીએ છીએ, પણ એ પુરુષાર્થની સફળતાની આધારશિલા છે : ધ્યેયની સ્પષ્ટતા.

આપણું ધ્યેય સ્પષ્ટ હોય તો જ, તેને સામે રાખીને કરેલી ગતિ સાર્થક બને છે; એ ગતિ પ્રગતિમાં રૂપાંતર પામે છે. ધ્યેયની સ્પષ્ટતા અને તે પછી, તે માટેના પુરુષાર્થનું સાતત્ય જરૂરી છે. આ સરળ નથી. તેમાં વિઘ્ન આવે તોપણ તે ધ્યેયનો વિકલ્પ ન સ્વીકારવો. ધ્યેયપ્રાપ્તિની તીવ્રતા એ વિઘ્નોને વિખેરી નાખે છે; ઓળંગી જવાનું બળ આપે છે.

માટે, ધ્યેય સિદ્ધ ન થાય ત્યાં સુધી અવિરામપણે મંડ્યા રહેવું તે સિદ્ધિની પૂર્વશરત છે.

ગામ જવા નીકળ્યા, પણ થોડું ચાલીને જો બીજી દિશાના ગામે જવા વિચાર્યું, એટલે વિઘ્ન શરૂ ! તેથી ધ્યેયની સ્પષ્ટતાની જેમ નિશ્ચલતા પણ તેટલી જ જરૂરી છે. તેમાં ચંચળતા ન ચાલે. નિર્ણય લેતાં પહેલાં 'આ કે તે' વિકલ્પ ભલે શોધ્યા કરીએ – એ ચાલે. પણ પછી નહીં.

તે નિર્ણય પછી તબક્કો ગતિનો આવે છે. ગતિ જ પ્રગતિનું રૂપ લે છે અને ધાર્યા ગામ અને ઠામ પહોંચાય છે. માત્ર ચાલવાથી ગામ નથી પહોંચાતું, પણ જે ગામ જવું છે તે ગામની દિશામાં ચાલવાથી તે ગામ પહોંચાય છે – જરૂર પહોંચાય છે.

ધ્યેયની સ્પષ્ટતા ગતિને સાર્થક કરે છે.

(પાઠશાળા) – પ્રદ્યુમ્નસૂરિ


: સ્થાનસમર્પિત :

**નિમેષભાઈ ડગલી**

**એમ. બી. ટ્રેડિશનલ પ્રિન્ટ્સ પ્રા. લિમિટેડ**

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,

આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૩. ફોન : ૩૨૯૦૬૬૫૫

**hobby ideas**

Range of Products



Pidilite

[illegible]